

# બાળકોના મામાશ્રી

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા-૪૬


સંસ્થાપક : અ.મુ.પ.પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

# શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશનનું પ્રતીક

પ્રતીકમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણકમળમાં
સામુદ્રિકશાસ્ત્રમાં વર્ણવેલાં ભગવત્સ્વરૂપનાં સોળ વિલક્ષણ ચિહ્નો છેઃ

## જમણા ચરણકમળમાં નવ ચિહ્નો

**સ્વસ્તિકઃ** માંગલ્યમય ભગવત્સ્વરૂપને સૂચવે છે.

**અષ્ટકોણઃ** ઉત્તર-દક્ષિણ-પૂર્વ-પશ્ચિમ-અગ્નિ-ઇશાન-નૈઋત્ય-વાયવ્ય એવી આઠે દિશામાં ભગવત્-કરુણા વહી રહી છે તેનું પ્રતીક છે.

**ઊર્ધ્વરેખાઃ** ભગવત્કૃપાથી થતું જીવોનું સતત ઊર્ધ્વીકરણ દર્શાવે છે.

**અંકુશઃ** સર્વને અંકુશમાં રાખવા સર્વકારણના કારણ રૂપ ઐશ્વર્યનું દ્યોતક છે ને અંતઃશત્રુને વશ રાખવાનું સૂચવે છે.

**ધ્વજઃ** અથવા **કેતુ** સત્યસ્વરૂપ ભગવાનની વિજય-પતાકા છે.

**વજ્ર :** ભગવત્સ્વરૂપનું વજ્ર જેવું શક્તિશાળી બળ જીવના દોષો નષ્ટ કરી કાળ-કર્મ-માયાના ભયથી મુક્ત કરે છે તેમ નિર્દેશે છે.

**પદ્મઃ** જલકમલવત્ નિર્લેપ કરનાર ભગવત્સ્વરૂપની કરુણાસભર મૃદુતા સૂચવે છે.

**જાંબુફળ:** ભગવત્સ્વરૂપમાં જોડાયેલાને મળતા દિવ્ય સુખરૂપી રસનું સૂચક છે.

**જવ:** અગ્નિમાં જવ, તલ આદિ અનાજ હોમી અહિંસામય યજ્ઞ કરનારા અને ભગવત્સ્વરૂપમાં જોડાયેલાના ધનધાન્ય ને યોગક્ષેમનું ભગવાન પોતે વહન કરે છે તેમ સૂચવે છે.

## ડાબા ચરણકમળમાં સાત ચિહ્નો

**મીન:** સામા પ્રવાહે વહી ઉદ્‌ભવસ્થાને પહોંચતા મત્સ્યની પેઠે ઐશ્વર્ય-સુખના ઉદ્‌ભવસ્થાન ભગવત્સ્વરૂપને પામવાનું સૂચવે છે.

**ત્રિકોણ:** જીવને આધિ, વ્યાધિ, ઉપાધિમાંથી છોડાવી ઈશ્વર, માયા, બ્રહ્મની ત્રિપુટીથી પર પરબ્રહ્મ-સ્વરૂપને વિષે સ્થિતિ કરવાનું નિર્દેશક છે.

**ધનુષ:** અધર્મ થકી પોતાના આશ્રિતોના આરક્ષણનું પ્રતીક છે.

**ગોપદ:** ભગવત્પ્રિય ગોવંશ અને ભગવત્પ્રિય સત્પુરુષોના પરોપકારી લક્ષણને સૂચવે છે.

**વ્યોમ:** ભગવત્સ્વરૂપનો આકાશવત્ નિર્લેપપણે સર્વત્ર વ્યાપ સૂચવે છે.

**અર્ધચંદ્ર:** ભગવત્સ્વરૂપના ધ્યાન વડે ચંદ્રકળાની જેમ વૃદ્ધિ પામી પૂર્ણતા પ્રાપ્ત થાય છે એમ દર્શાવે છે.

**કળશ:** ભગવત્સ્વરૂપની સર્વોપરીતા અને પરિપૂર્ણતાનું પ્રતીક છે.

પ્રતીકમાં રહેલા ભગવત્સ્વરૂપનાં ચિહ્નોનાં રહસ્યને દૃષ્ટિ સમક્ષ રાખી, સર્વ જીવનું હિત થાય એવી નિ:સ્વાર્થ જ્ઞાન-ધ્યાન-સેવા પ્રવૃત્તિ સદૈવ કરતા-કરાવતા રહેવાના મિશનના પુરુષાર્થમાં ભગવત્કૃપા વહ્યા કરો એવી શ્રીહરિના ચરણકમળમાં પ્રાર્થના.

સહજાનંદ મન ભાઈ સદાઈ, સહજાનંદ મન ભાઈ;
સહજાનંદ મનોહર મૂરતિ, પ્રીત કરી ઉર લાઈ.

બ્રહ્મમહોલ વાસી અવિનાશી, મનુષ્ય દેહ ધરી આઈ;
જે જન આઈ રહે ઇન શરને, ભુક્તિ મુક્તિ સબ પાઈ.

કાલ કર્મ કો દુઃખ અતિ ભારી, સો સબ દેવે છોરાઈ;
સુખકારી ઘનશ્યામ ભજનસે, ભવ ભટકન મીટ જાઈ.

અંતર પ્રીત રીતસું કરી કે, મૂરતિ મન ઠહરાઈ;
કામ ક્રોધ મદ લોભ સહજમેં, અવધપ્રસાદ હઠાઈ.



સર્વોપરી ઉપાસ્ય મૂર્તિ

પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન

॥ સહજાનંદ સુખદાઈ ભજ મન, સહજાનંદ સુખદાઈ. ॥

॥ શ્રી ઘનશ્યામ મનોહર મૂરતિ, ધ્યાન ધરો ઉર લાઈ. ॥

॥ સુંદર બોલની સુંદર હસની, મુશકની બરની ન જાઈ. ॥

॥ શોભા ધામ સુખ સૂરત, સંત મુક્ત સંગત આઈ. ॥

॥ અવધપ્રસાદ નિરંતર એહી છબી, અંતરમેં ઠહરાઈ. ॥




જ્ઞાન-ધ્યાન-ઉપાસના ખંડ-(ભાઈઓ)

સુંદર શ્રી ઘનશ્યામ સદાઇ, શરનાગત સુખકારી રે;
એહી છબી અંતરમેં ધરી લેં, દેત ગર્ભ દુઃખ ટારી રે.

અધમ ઉધાર પતિત કે પાવન, ભક્ત વત્સલ ભયહારી રે;
એસેં હરિ સુખકારી વિસારત, સો નર હોત ખુવારી રે.

જેહી જન આઇ રહે ઇન શરને, હો ગયે ભવજલ પારી રે;
અવધપ્રસાદ થાનકી છબીપેં, વાર વાર બલિહારી રે.



જ્ઞાન-ધ્યાન-ઉપાસના ખંડ-(બહેનો)

# અર્પણ

અનંતકોટિ મુક્તના સ્વામી

અને સદા સાકાર

દિવ્ય મૂર્તિ એવા પરમ કૃપાળુ

**શ્રી સ્વામિનારાયણ ભગવાન**ના

ગૂઢ રહસ્ય જ્ઞાનને સમજાવનારા,

એ મહાપ્રભુના સુખનિધિ સ્વરૂપનું સર્વોપરીપણું

સર્વત્ર પ્રવર્તાવનારા અને અનાદિમુક્તની

સર્વોત્તમ સ્થિતિનો અનુભવ કરાવનારા

- આ રીતે સમગ્ર સત્સંગ ને માનવકુળ

પર મહદ્ ઉપકાર કરનારા પરમ દયાળુ

**અનાદિ મહામુક્તરાજ**

**પ. પૂ. શ્રી અબજીબાપાશ્રી**ના

ચરણકમળોમાં સાદર સમર્પિત



રહસ્યજ્ઞાન પ્રદાતા

અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપા

# અર્ઘ્ય

શ્રીજીમહારાજ તથા બાપાશ્રીના

સર્વોપરી તત્ત્વજ્ઞાનને વૈજ્ઞાનિક પરિપ્રેક્ષ્યમાં પ્રસ્તુત

કરી આધ્યાત્મિક, સામાજિક તેમ જ શૈક્ષણિક ક્ષેત્રે,

અદ્વિતીય યોગદાન આપનાર, ધર્મશુદ્ધિ, વહીવટશુદ્ધિ ને

ચારિત્ર્યશુદ્ધિના પ્રખર હિમાયતી તથા ચૈતન્યનું ઊર્ધ્વીકરણ

કરવારૂપ બ્રહ્મયજ્ઞની આહલેક જગાડવા સર્વજીવહિતાવહ

સંસ્થા **‘શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન’**નું

સ્થાપન કરનાર કરુણામૂર્તિ સદ્‌ગુરુવર્ય

**અનાદિ મુક્તરાજ પૂજ્યશ્રી નારાયણભાઈ**ના

ચરણકમળમાં શતકોટિ વંદન !

સંસ્થાપક



અનાદિ મુક્તરાજ

પૂજ્યશ્રી નારાયણભાઈ ગીગાભાઈ ઠક્કર

## સંપાદકીય વિશેષ

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન એવી ગ્રંથશ્રેણી પ્રકાશિત-સંપાદિત કરવા ઉત્સુક છે કે જે સમગ્ર માનવજાત માટે કલ્યાણકારી હોય અને જેના વાચનથી ભારતીય સંસ્કૃતિનો ઉચ્ચતમ હેતુ બર આવતો હોય.

વર્તમાન બુદ્ધિયુગમાં ઉચ્ચ શિક્ષણનો વિસ્તાર પ્રતિદિન વધતો જાય છે. ઉચ્ચ શિક્ષણનો મૂળભૂત હેતુ જીવનમાં ઉચ્ચતર મૂલ્યો પ્રસ્થાપિત કરવાનો છે અને જીવનનું ઊંચામાં ઊંચું મૂલ્ય પરમાત્માના પરમસુખનો અનુભવ કરવો તેમાં રહેલું છે. આ હેતુઓ તરફ દોરી જવામાં આ ગ્રંથશ્રેણી સહાયભૂત બને એવી અપેક્ષા છે.

શિક્ષણ, વિજ્ઞાન ને યંત્રવિદ્યાના સતત વધતા જતા વ્યાપને આપણે એવી રીતે ઢાળવો છે કે એ કેવળ ભૌતિક સુખની પ્રાપ્તિનાં સાધન બની ન રહેતાં, માનવીના આંતરિક વિકાસમાં ઉચ્ચતમ મદદગાર બની રહે; સાથોસાથ આપણે એવી સમજણ પ્રસારવી છે કે ઉત્ક્રાંતિનું અંતિમ લક્ષ્ય ઉત્તરોત્તર વિકસીને પરમાત્માના દિવ્ય સુખમાં મળી જવામાં છે.

દિવ્યાનંદની પ્રાપ્તિ માટે સતત વિકસતા જવાની પ્રાકૃતિક અંતઃપ્રેરણા માનવને ઈશ્વરે આપેલી અણમૂલ બક્ષિસ છે. તે એવું સૂચવે છે કે આપણે સૌ સાથે મળીને એવી સામાજિક, આર્થિક ને રાજકીય પરિસ્થિતિનું નિર્માણ કરીએ કે જેથી જીવનના ઊર્ધ્વીકરણની પ્રક્રિયા નિર્બાધ રીતે પૂરતી મોકળાશથી ખીલી ઉઠે. આ કાર્યને વેગ મળે એવા પ્રેરણાદાયી સાહિત્યનું સર્જન કરવાનું આવશ્યક છે.

માવનજાતના આધ્યાત્મિક અને સામાજિક શ્રેય માટે શ્રી સ્વામિનારાયણ ભગવાને, જીવનને સતત ઊર્ધ્વ બનાવી, આત્યંતિક દિવ્ય સુખને પમાય એવો સર્વસમન્વયી જ્ઞાનમાર્ગ

પ્રસ્થાપિત કરેલ છે; તેમની શ્રીમુખવાણી 'વચનામૃતમ્' તથા 'શિક્ષાપત્રી'માં એ તત્ત્વજ્ઞાનનું ઊંડાણ અનન્ય છે અને સવિસ્તર સરળ ભાષામાં પ્રસ્તુત થયેલ છે. તદ્ઉપરાંત પોતાના બ્રહ્મનિષ્ઠ સંતો ને ગૃહસ્થી મુક્તપુરુષો દ્વારા સર્વહિતાવહ સાહિત્ય પણ વિપુલ પ્રમાણમાં તૈયાર કરાવ્યું છે.

ઉપરોક્ત ગ્રંથોમાં સર્વગ્રાહ્ય ભારતીય સંસ્કૃતિ ને જીવન જીવવાની ખરી દિશા બતાવવામાં આવી છે. તેથી આ ગ્રંથશ્રેણીમાં સર્વજનો-પૂર્વના હોય કે પશ્ચિમના, સૌને દિવ્યતા તરફ દોરી જવામાં પથદર્શક નીવડે એવા એ આદર્શો તથા જ્ઞાનને અર્વાચીન જ્ઞાનના પ્રકાશમાં રજૂ કરવાનો ઉત્તમ પ્રયત્ન કરવામાં આવશે. અમને ખાતરી છે કે તેનાથી માનવજીવનમાં સંવાદિતા આવશે ને આધુનિક જીવનની વિષમતા ધીરે ધીરે ઓછી થતી જઇ દૂર થઇ જશે.

ભારત કે વિશ્વનું અન્ય સાહિત્ય કે જેમાં દર્શાવેલ વિચારો અમારા ઉદ્દેશો સાથે સુસંગત હશે તો તે પણ આ ગ્રંથશ્રેણીમાં આવરી લેવામાં આવશે.

અમારી ઇચ્છા એવી છે કે આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકો ફક્ત ગુજરાતી ભાષામાં જ નહિ બલ્કે હિન્દી, અંગ્રેજી વગેરે ભાષાઓમાં પણ પ્રકાશિત કરવાં, જેથી અન્યભાષી વાચકોને પણ આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકોનો લાભ મળે.

મિશનની આ પ્રવૃત્તિને સફળતા બક્ષવામાં સૌનો સાથ-સહકાર ઇચ્છીએ છીએ અને મિશનના સર્વ કાર્યમાં સદૈવ પ્રભુકૃપા ભળે એ જ અભ્યર્થના.

દાસાનુદાસ
**નારાયણભાઈ ગી. ઠક્કર**
સ્થાપક પ્રમુખ
શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

સં. ૨૦૪૨, શ્રીહરિજયંતી
એપ્રિલ ૧૮, ૧૯૮૬
અમદાવાદ

श्री स्वामिनारायण डिवाइन मिशन

सर्वजीवहितावह

।। श्री स्वामिनारायणो विजयतेतराम् ।।

# બાળકોના મામાશ્રી

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા

૪૭

: સંસ્થાપક:

• અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર •

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન
અમદાવાદ – ૩૮૦ ૦૧૩

**શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન**

**સર્વજીવહિતાવહ ગ્રંથમાળા**

❄ **પ્રકાશન સમિતિ** ❄

*: પ્રેરક - માર્ગદર્શક :*

❄ **અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર** ❄

© શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન, અમદાવાદ

(રજિ. નં. ઈ/૪૫૪૬/અમદાવાદ : ૧૯૮૧)
ઈન્કમટેક્ષ એક્ઝેમ્પશન u/s 80(G)5

***દ્વિતીય આવૃત્તિ***
પ્રત : ૧૫૦૦
૨૦૧૫, ૧૬, ફેબ્રુઆરી
સં. ૨૦૭૧, મહા વદ બારસ

***સેવા મૂલ્ય*** : રૂ.૧૫/-

***પ્રકાશક***
શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન
૮, સર્વમંગલ સોસાયટી, પૂજ્યશ્રી નારાયણભાઈ માર્ગ
નારણપુરા, અમદાવાદ - ૩૮૦૦૧૩: ✆ 079-27682120
E-mail : info@shriswaminarayandivinemission.com
Website : www.shriswaminarayandivinemission.org

***: મુદ્રક :***
મુદ્રણ સંસ્કાર;
મુદ્રેશ પુરોહિત, સૂર્યા ઓફસેટ
આંબલી ગામ, અમદાવાદ.

# પ્રકાશકીય

'શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન' સંસ્થા દ્વારા પ્રકાશિત બાલસાહિત્યમાં પરમ કૃપાળુ શ્રીજીમહારાજની પ્રેરણાથી 'બાળકોના મામાશ્રી' શીર્ષક હેઠળ એક વધુ મણકો ઉમેરતાં હર્ષની લાગણી ઉદ્ભવે તે સ્વાભાવિક છે.

મુક્તરાજ શ્રી નારાયણભાઈને બાળકો પ્રત્યે કેવો પ્રેમ હતો તે કહેવાની આવશ્યકતા નથી. તે સર્વને સુવિદિત છે. પૂજ્યશ્રી નારાયણભાઈ કહેતા કે, 'માનવજીવનનું અંતિમ સોપાન પ્રભુ પ્રાપ્તિરૂપ આત્યંતિક કલ્યાણ છે, તો પ્રથમ સોપાન તે નિર્દોષ બાલ્યાવસ્થા છે. બાલ્યાવસ્થામાં ઉત્કૃષ્ટ સંસ્કારસિંચન ભાવિ ચારિત્ર્યવાન વ્યક્તિત્વનો પાયો છે. તે દૃઢ હશે તો વ્યક્તિત્વરૂપ ઈમારત સંગીન બનશે ને પોતાના લક્ષ્યને સિદ્ધ કરી શકશે. જો એમાં ઊણપ હશે તો આત્યંતિક મોક્ષરૂપ લક્ષ્યસિદ્ધિ નહિ સંભવી શકે. માટે મનુષ્યના ચારિત્ર્યનું ઘડતર તેની બાલ્યાવસ્થાથી જ થવું અનિવાર્ય છે.' પૂજ્યશ્રી નારાયણભાઈના આ વિધાનને લક્ષ્યમાં રાખી બાળકોના પ્રેરણાસ્રોત સમાન આ મુક્તરાજના પ્રેરણાદાયી જીવનપ્રસંગોને આધારે આ પુસ્તક તૈયાર કર્યું છે. તે જરૂર આવકારપાત્ર બનશે ને બાળકોમાં ઉદ્દાત સંસ્કારસિંચનનો સંચાર કરી પોષણ આપશે, તેવી અમને શ્રદ્ધા છે.

અંતમાં પૂર્ણ પુરુષોત્તમ પરમાત્મા શ્રીજીમહારાજ, પરમ કૃપાળુ બાપાશ્રી તથા સદ્ગુરુવર્ય પૂજ્યશ્રી નારાયણભાઈની નિઃસીમ કૃપા આ પવિત્ર કાર્યમાં સહભાગી બનનાર સર્વ ઉપર તથા પ્રભુપ્રસન્નતાના અધિકારી એવા નિર્મળ વાચક બાલવૃંદ ઉપર નિરંતર વરસતી રહો, એ જ અભ્યર્થના!

સં. ૨૦૭૧, મહા વદ બારસ — **પ્રકાશન સમિતિ**
ઈ. સ. ૨૦૧૫, ૧૬ ફેબ્રુઆરી — **શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન**

# વિષયાનુક્રમણિકા


| ક્રમાંક | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | શ્રદ્ધાવાન, સંતોષી ને નિર્મળ માતા-પિતા | ૧ |
| ૨. | મુક્તરાજ મામાનું પ્રાગટ્ય | ૪ |
| ૩. | દિવ્ય આશીર્વાદ | ૭ |
| ૪. | ઘરને તીર્થ બનાવ્યું | ૧૧ |
| ૫. | સાદા ભોજનમાં આનંદ | ૧૬ |
| ૬. | માતા બન્યા સાચા શિક્ષક | ૧૯ |
| ૭. | ભગવાન સાથે ગોષ્ઠિ | ૨૧ |
| ૮. | કંઠી ગુરુની સેવા | ૨૫ |
| ૯. | કીર્તન ભક્તિ | ૨૭ |
| ૧૦. | શ્રીજીમહારાજે પ્રાર્થના સાંભળી | ૩૦ |
| ૧૧. | પ્રખર બુદ્ધિશાળી | ૩૩ |
| ૧૨. | નાના શિક્ષક | ૩૬ |
| ૧૩. | અંધશ્રદ્ધા દૂર કરી | ૩૮ |
| ૧૪. | અલૌકિક રમત | ૪૧ |
| ૧૫. | માતાની સેવા | ૪૫ |
| ૧૬. | સાચું મનોરંજન | ૪૭ |
| ૧૭. | માનવ ધર્મ | ૫૧ |
| ૧૮. | સાદો ને સાત્વિક નાસ્તો | ૫૪ |
| ૧૯. | અલૌકિક હથેવાળો | ૫૭ |
| ૨૦. | બે સ્વરૂપ | ૬૦ |
| ૨૧. | પૈસા કરતાં સિદ્ધાંતો વહાલા | ૬૪ |
| ૨૨. | ઈન્ટર્વ્યુની સાચી રીત | ૬૭ |
| ૨૩. | માતાજીને દર્શન | ૭૦ |
| ૨૪. | જીવનમંત્ર | ૭૩ |

| ક્રમાંક | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૨૫. | દયાળુ શિક્ષક | ૭૭ |
| ૨૬. | શિક્ષા કરતાં પ્રેમ અધિક | ૮૧ |
| ૨૭. | બાળકોને નિર્ભય બનાવ્યા | ૮૪ |
| ૨૮. | વિદ્યાદાન | ૮૭ |
| ૨૯. | નીતિવાન | ૯૧ |
| ૩૦. | કુટેવ સુધારી | ૯૪ |
| ૩૧. | દસ દિવસમાં ફર્સ્ટ ક્લાસ | ૯૮ |
| ૩૨. | સ્વાવલંબી થવું | ૧૦૧ |
| ૩૩. | ચરણરજથી સારવાર | ૧૦૩ |
| ૩૪. | બાળકો અતિ વહાલા | ૧૦૮ |
| ૩૫. | અભિષેકનું રહસ્ય | ૧૧૨ |
| ૩૬. | ભૂલ માફ કરી | ૧૧૭ |
| ૩૭. | સાચા મનોચિકિત્સક | ૧૨૦ |
| ૩૮. | અહંકાર ઓગાળ્યો | ૧૨૬ |
| ૩૯. | સંકલ્પમાં સામર્થ્ય | ૧૨૯ |
| ૪૦. | વર્તમાન ધરાવવાનું રહસ્ય | ૧૩૩ |
| ૪૧. | સાચી રાશિ | ૧૩૫ |
| ૪૨. | લખતા શિખવ્યું | ૧૩૯ |
| ૪૩. | ઈગો સર્જરી | ૧૪૨ |
| ૪૪. | પ્રાર્થનાની સાચી રીત | ૧૪૬ |
| ૪૫. | રોજનું કામ રોજ | ૧૫૦ |
| ૪૬. | વાલીઓને શિખામણ | ૧૫૪ |
| ૪૭. | ફાજલ સમયનો સદુપયોગ | ૧૫૭ |
| ૪૮. | બાળકનું અહોભાગ્ય | ૧૬૦ |
| ૪૯. | દુ:ખ દૂર કર્યું | ૧૬૨ |
| ૫૦. | પૂર્ણતાના હિમાયતી | ૧૬૫ |
| ૫૧. | પ્રાગટ્ય ને અંતર્ધાનની સરખી મહત્તા | ૧૬૯ |

# ૧ શ્રદ્ધાવાન, સંતોષી ને નિર્મળ માતા-પિતા

ધ્રાંગધ્રા નામનું સુંદર ગામ. ગામમાં ગીગાભાઈ અને શાકુબા, પતિ-પત્ની રહે. તેઓને ચાર સંતાન-બે પુત્ર અને બે પુત્રી. કડિયાકામ કરી જીવન નિર્વાહ ચલાવે. પવિત્રપણે રહે. આખો દિવસ ભગવાનનું ભજન કરે. કામ કરતા જાય અને ભગવાનનું નામ-સ્મરણ કરતા જાય. વ્યવહાર સાવ દુર્બળ. ખાવાનું માંડ પૂરું થાય એટલી જ આવક. જે આવક થાય તેમાંથી સૌથી પહેલા શ્રીજીમહારાજનો ધર્માદો કાઢે. ઘરમાં બીજી વસ્તુ પછી લાવે. ધર્માદાના પૈસામાંથી બાળકો માટે પણ ન વાપરે. બાળકોને કાંઈ જોઈતું હોય તો કહે, 'બાળકો આ તો ભગવાનના પૈસા છે. તમારે માટે બીજા પૈસા આવશે તેમાંથી વસ્તુ લાવી આપીશું હોં!' બાળકોને એવું પ્રેમથી સમજાવે કે, બાળકો પણ તરત માની જાય ને કહે, 'બાપુજી, અમારે વસ્તુ નથી જોઈતી, ભગવાનના પૈસા ભગવાનને જરૂરથી આપો.' મંદિરના કોઠારી કહે પણ ખરા, 'ગીગાભાઈ, તમે તો સાવ ગરીબ છો, ધર્માદો ઓછો કાઢો તો પણ ચાલે.' ગીગાભાઈ કહે, 'ના રે ના. આ તો શ્રીજીમહારાજના આપેલા જ પૈસા છે. એ પૈસામાંથી હું મહારાજની આજ્ઞા પ્રમાણે ધર્માદો કાઢું છું. ધર્માદો ચોખ્ખો કાઢવો પડે, નહીં તો મહારાજ રાજી ન થાય.' આવી વાતોથી કોઠારી બહુ રાજી થાય. ગીગાભાઈને કહે, 'આ

જમાનામાં તમારા જેવા હરિભક્ત મળવા મુશ્કેલ છે. આટલી બધી આર્થિક સંકડામણ છતાંય ધર્માદો કાઢવામાં ક્યારેય ચૂકતા નથી.'

ગીગાભાઈ કહે, 'મહારાજ જેમ રાખે તેમ રાજી થઈ સંતોષથી રહેવું. દુર્બળ વ્યવહાર હોય તો ભગવાન સુખેથી ભજાય. વધુ પૈસે વધારે ઉપાધી હોય.' કોઠારી કહે, 'ગીગાભાઈ થોડું મંદિરનું કામ છે કરશો?' કોઠારીને એમ કે ગીગાભાઈને એ બહાને થોડી મદદ મળે. ગીગાભાઈ કહે, 'હા, મંદિરનું કામ તો જરૂર કરીશ. એ કામ હશે ત્યારે મારા કામે પણ નહીં જાઉં.' કોઠારી કહે, 'આ મંદિરનો આગળનો ભાગ બાંધવાનો છે. તે કામ કરશો?' ગીગાભાઈ કહે, 'હા, જરૂર.' કોઠારી કહે, 'કેટલી મજૂરી લેશો?' ગીગાભાઈ કહે, 'કોઠારી મહારાજ, આ શું કહો છો? આ તો મહારાજનું કામ. મારાથી પૈસા ન લેવાય. આ તો સેવા કહેવાય. સેવાના દામ ન હોય.' કોઠારી કહે, 'ગીગાભાઈ, તમને કામની સાથે થોડા પૈસા પણ મળે એ આશયથી મેં કહ્યું હતું. તમારા જેવા પવિત્ર હરિભક્તને વધારે પૈસા આપીએ તો મહારાજ વધારે રાજી થાય.' ગીગાભાઈ કહે, 'કોઠારી મહારાજ, આ કામ તો હવે હું જ કરીશ. મને મહારાજની સેવા ક્યારે મળે? એના પૈસા લઉં તો એ સેવા ન કહેવાય. સેવા કરવાથી મહારાજ રાજી થાય. બોલો ક્યારથી કામ શરૂ કરવું છે?' ગીગાભાઈના આગ્રહ આગળ કોઠારી કાંઈ બોલી શક્યા નહીં. મનમાં બોલ્યા ધન્ય છે આ દંપતીને આવા દુર્બળ વ્યવહારમાં પણ આવો સંતોષ અને પ્રભુમાં આટલી બધી નિષ્ઠા!! કોઠારી ગીગાભાઈને મનોમન વંદી રહ્યા!

→ આવા પવિત્ર અને સંતોષી દંપતીને જ અનાદિમુક્ત પોતાના માતા-પિતા તરીકે પસંદ કરે છે.

→ શ્રીજીમહારાજની આજ્ઞા પ્રમાણે પોતાની આવકનો દસમો કે વીસમો ભાગ ધર્માદા પેટે શ્રીજીમહારાજને જરૂરથી અર્પણ કરવો, તો જ શ્રીજીમહારાજ અને મુક્તો રાજી થાય છે.

## સ્વાધ્યાય

### પ્રશ્નોના ઉત્તર આપો.

(૧) ગીગાભાઈ અને શાકુબા ક્યા ગામમાં રહેતા હતા?

(૨) ગીગાભાઈ શેનું કામ કરતા હતા?

(૩) ગીગાભાઈએ મંદિરના કામના પૈસા લેવાની શા માટે ના પાડી?

### ખાલી જગ્યા પૂરો.

(૧) ——— નામનું સુંદર ગામ.

(૨) બાપુજી અમારે——— નથી જોઈતી——— ના પૈસા ભગવાનને જરૂરથી આપો.

(૩) ——— વ્યવહાર હોય તો ભગવાન——— ભજાય.

(૪) વધુ પૈસે વધારે ——— હોય.

●

# ૨ મુક્તરાજ મામાનું પ્રાગટ્ય

ઈ.સ. ૧૯૨૨ની સાલ છે. શાકુબા અને ગીગાભાઈના ઘરમાં પાંચમા સંતાનનું આગમન થવાનું છે. ગીગાભાઈ અને શાકુબાના મનમાં પ્રસન્નતા છે. અગમ્ય કારણસર તેઓ આનંદનો અનુભવ કરી રહ્યાં છે. શાકુબા ગીગાભાઈને કહે, 'જ્યારથી મારે સારા દિવસો જાય છે, ત્યારથી મને વારંવાર મહારાજના દર્શન થાય છે. ત્યારથી મહારાજ મારી સાથે જ હોય એવું લાગ્યા કરે છે. મન કાયમ આનંદમાં જ રહે છે. ભગવાન ભજવામાં પણ અનેરો આનંદ આવે છે. ભગવાન સિવાય બીજી પ્રવૃત્તિમાં બહુ રસ આવતો નથી.' ગીગાભાઈ કહે, 'મને પણ ઘણો આનંદ વર્ત્યા કરે છે. બાળકો પણ કેવા આનંદમાં રહે છે. મને થાય છે, આવનાર બાળક નક્કી કોઈ મહાન આત્મા હશે!' શાકુબા કહે, 'મને પણ એમ જ લાગે છે. અને તેમાં પણ આજે તો એ આનંદમાં અનેરો વધારો થયો હોય ને શું! બધું વાતાવરણ પણ જાણે આનંદથી નાચતું ન હોય!' ગીગાભાઈ કહે, 'હા, સાચી વાત છે. મંદિરમાં આજે મહારાજની મૂર્તિ અનહદ આનંદમાં હસી રાજીપો જણાવતી હોય તેમ લાગતું હતું. ઝાડ-પાન, પણ આનંદથી ડોલતા હોય ને શું?' શાકુબા કહે, 'બધા દિવસો કરતાં આજે આનંદ વિશિષ્ટ પ્રકારનો છે.' ગીગાભાઈ અને શાકુબાનું આમ અનુભવવું સાચું પડ્યું. બરાબર સવારના ૧૦ વાગીને ૪૬ મિનિટે શાકુબાની કૂખે મુક્તરાજ બાળ સ્વરૂપે પ્રગટ થયા. એ

દિવસ પવિત્ર ગુરુવાર હતો. ઈ.સ. ૧૯૨૨ની સાલ-૧૬મી ફેબ્રુઆરી મહિનો - અને ગુરુવાર બધું જ ધન્ય બની ગયું. (સંવત ૧૯૭૮ મહા વદ પાંચમ)

બાળકનું સુંદર અને તેજસ્વી મુખારવિંદ જોઈ શાકુબાને હરખ મા'ય નહીં. ગીગાભાઈને બાળકનું મુખારવિંદ જોઈ અપૂર્વ શાંતિનો અનુભવ થયો. શાકુબાને કહેવા લાગ્યા, 'અહો!' બાળકનું રૂપ તો જુઓ. ચહેરા પર તેજસ્વિતા છલકાઈ રહી છે. મને તો આ બાળક નક્કી મુક્તાત્મા જ લાગે છે. એનું મુખારવિંદ જોઈને મને શ્રીજીમહારાજની હસતી મૂર્તિ જ સાંભરી આવે છે. આપણે આનું નામ 'નારાયણ' રાખીશું, એટલે નામ બોલતાંય મહારાજ સાંભરે.' શાકુબાને પણ આ નામ ખૂબ જ ગમી ગયું. બાળકનું નામ પાડ્યું એટલે ભાઈ-બહેનો નારાયણ-નારાયણ એમ તાળી પાડી રમાડતા જાય અને નાચતા જાય. રમાડતા થાકતા જ નહીં. એમ આનંદ ઊભરાયા જ કરતો.

---

**અઘરા શબ્દો**

અગમ્ય = ન સમજી શકાય તેવું

અનેરો = વિશિષ્ટ પ્રકારનો

હરખ = આનંદ

સંભારવું = યાદ કરવું

અપૂર્વ = પહેલાં ક્યારેય ન બન્યું હોય તેવું.

→ શ્રીજીમહારાજના લાડીલા અનાદિમુક્ત પ્રગટ થવાના હોય ત્યારે વાતાવરણ પવિત્ર બને છે. દૈવી જીવોના મન

પ્રફૂલ્લિત થઈ શાંતિનો અનુભવ કરે છે.

→ શ્રીજીમહારાજના મહાન અનાદિમુક્ત જીવોના કલ્યાણ અર્થે જ પૃથ્વી પર કૃપા કરી પ્રગટ થાય છે.

→ અનાદિમુક્તનું પૃથ્વી પરનું આગમન આપણા માટે ધન્ય પળ, ધન્ય ઘડી છે. ઉમળકાભેર તે દિવસનું સ્વાગત કરી તેની ઉજવણી કરવી. ઉજવણી એટલે બ્રહ્મયજ્ઞ કરવો.

## સ્વાધ્યાય

### પ્રશ્નોના ઉત્તર આપો.

(૧) મુક્તરાજ ક્યાં અને ક્યારે પ્રગટ થયા?

(૨) ગુજરાતી સંવત પ્રમાણે મુક્તરાજના પ્રાગટ્યની સાલ, મહિનો અને તિથિ જણાવો.

(૩) પિતાએ મુક્તરાજનું નામ શું પાડ્યું?

### કોણ બોલે છે તે કહો.

(૧) મને વારંવાર મહારાજના દર્શન થાય છે. મહારાજ મારી સાથે જ હોય એવું લાગ્યા કરે છે.

(૨) આવનાર બાળક નક્કી કોઈ મહાન આત્મા હશે.

### ખાલી જગ્યા પૂરો.

(૧) બાળક——— અને ——— હતું.

(૨) ગીગાભાઈને બાળકનું — જોઈ — શાંતિનો અનુભવ થયો.

(૩) આનું નામ ——— રાખીશું.

# ૩ દિવ્ય આશીર્વાદ

એક દિવસની વાત છે. નારાયણ અગિયાર માસના થઈ ગયા હતા. શાકુબા નારાયણને હીંચકો નાંખતા હતા. ગીગાભાઈ પાસે બેઠા હતા. શાકુબા કહે, ‘આ નારાયણ તો જાણે રડતા શીખ્યા જ નથી. જ્યારે જુઓ ત્યારે હસતા ને હસતા જ હોય. ભૂખ લાગે તો ય રડતા નથી.’ ગીગાભાઈ ખાલી માથું હલાવે, કાંઈ બોલે નહીં. શાકુબા ફરી કહેવા લાગ્યા, ‘આંખો બંધ કરી સૂતા હોય તો જાણે ધ્યાનમાં મસ્ત ન હોય! મને તો બહુ વહાલ ઉપજે છે.’ શાકુબાએ જોયું, ગીગાભાઈનું વાતમાં ધ્યાન ન હતું. તેઓ કોઈ ચિંતામાં હતા. શાકુબા કહે, ‘તમે શાની ચિંતામાં છો? આવી ચિંતામાં તો તમે ક્યારેય હોતા નથી. ઘરમાં પૈસા ન હોય ત્યારે પણ.’ ગીગાભાઈ કહે, ‘આવતીકાલે અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રી ધ્રાંગધ્રા પધારવાના છે.’ શાકુબા કહે, ‘તે તો ધન્ય ઘડી કહેવાય! આપણે બધા પણ તેમના દર્શન કરવા જઈશું.’ ગીગાભાઈ કહે, ‘બધા હરિભક્તો પોત-પોતાને ઘરે બાપાશ્રીની પધરામણી કરાવશે.’ શાકુબા કહે, ‘એ તો કરાવેજને. એ બહુ આનંદની વાત છે, પણ તમે શેની ચિંતામાં છો?’ ગીગાભાઈ કહે, ‘મને એમ થાય છે કે, બાપાશ્રી આપણે ત્યાં પધારશે કે નહીં? આપણે તો ગરીબ. ઘર પણ સાવ નાનું છે. બાપાશ્રીને આપણે ત્યાં પધરામણી કરવાનું કહેવાય કેવી રીતે? આપણી પાસે તો સારું પાથરણું પણ નથી.’ શાકુબા કહે, ‘તમે ચિંતા

ન કરો. આપણો ભાવ સાચો છે તે જરૂર પૂર્ણ થશે. બાપાશ્રી તો અંતર્યામી છે. બધું જાણે છે. મનમાં ખરો ભાવ હશે તો જરૂરથી સંકલ્પ સત્ય કરશે. બાપાશ્રી તો ભાવ જુએ છે, સુખ સગવડ નથી જોતા.' ગીગાભાઈને થોડી ધરપત થઈ. સવાર પડી કે તરત નાહી-ધોઈ પૂજા કરી લીધી. બાપાશ્રી જ્યાં હતા ત્યાં પહોંચી ગયા.

બાપાશ્રી સિગરામમાં બેસી બધાને ઘરે પધરામણી કરે. આશીર્વાદ આપે. ગીગાભાઈ મનમાં-મનમાં પ્રાર્થના કરે. બાપાશ્રી હું ગરીબ છું, છતાં કૃપા કરી આપ મારા ઘરે પધરામણી કરો. બાપાશ્રી ગીગાભાઈ સામે જોઈ હસ્યા કરે. ગીગાભાઈ બાપાશ્રીને કાંઈ કહી શકે નહીં.

અચાનક રસ્તામાં બાપાશ્રી કહે, 'મારે લઘુ કરવા જવું છે.' સાથેના સેવક કહે, 'બાપા અત્યારે રસ્તામાં ક્યાં જવાશે?' ગીગાભાઈએ આ વાત સાંભળી. તેમણે તક ઝડપી લીધી. બાપાશ્રીને કહે, 'બાપા મારું ઘર નજીક જ છે. આપ ત્યાં પધારો. આપને લઘુ કરવાની વ્યવસ્થા કરી આપીશ.' બાપાશ્રીને આ તો એક બહાનું હતું. ખરું કારણ તો ત્યાં બિરાજેલા મુક્તને આશીર્વાદ આપવા હતા. તેઓ અનાદિમુક્ત છે તે બધાને જણાવવું હતું. ગીગાભાઈને ઘરે બાપાએ લઘુ કર્યું. ઘોડિયામાં સૂતેલા નારાયણ પાસે આવ્યા.

નારાયણ તો બાપાશ્રીને જોઈ ખિલ-ખિલ હસવા લાગ્યા. એકદમ આનંદમાં આવી ગયા. બાપાશ્રી પણ તેમની સામે જોઈ હસ્યા. નારાયણને પોતાના હાથમાં લીધા. હેતપૂર્વક માથે હાથ ફેરવ્યો. પોતાના ભાલમાં ચાંદલો હતો તેમાંથી કંકુ લઈ

નારાયણના ભાલમાં ચાંદલો કર્યો. સાથે રહેલા મુક્તરાજ દિવાળીબા કહે, 'આ નારાયણ ભગવાનના ભગત થાય તેવા આશીર્વાદ આપો.' બાપાશ્રી કહે, 'આમને તો અખંડ આશીર્વાદ છે. આ તો શ્રીજીમહારાજના અનાદિમુક્ત છે. શ્રીજીમહારાજની મરજીથી અહીં આવ્યા છે. અનેક જીવોના કલ્યાણ કરશે. મહારાજના સુખમાં પહોંચાડશે. સર્વજીવહિતાવહ કાર્યો કરશે. આની તો આગળ જતાં બધાને ખબર પડશે.'

દિવ્ય આશીર્વાદ આપી બાપાશ્રી બીજે પધરામણીએ ગયા. ગીગાભાઈ આનંદવિભોર થઈ ગયા. પોતાને ધન્ય માનવા લાગ્યા. શાકુબાને હર્ષના આંસુ આવી ગયા. ગીગાભાઈ કહે, 'આપણે ધન્ય બની ગયા. આવા મોટા અનાદિમુક્ત આપણે ત્યાં પુત્રરૂપે પધાર્યા. આપણને માતા-પિતા તરીકે સ્વીકાર્યા. મહારાજે આપણા ઉપર બહુ દયા કરી.'

શાકુબા તો નારાયણને ખોળામાં લઈ રમાડતા જાય, ચૂમીઓ લેતા જાય અને બોલતા જાય, 'અમારે ત્યાં અનાદિમુક્ત પધાર્યા છે, ધન્ય ભાગ્ય! અમારે ત્યાં અનાદિમુક્ત પધાર્યા છે, ધન્ય ભાગ્ય!'

---

**અઘરા શબ્દો**

લઘુ કરવું = પેશાબ કરવો

હેત = પ્રેમ

મરજી = ઇચ્છા

સિગરામ = મુસાફરીનું એક વાહન

→ મહારાજના મુક્તો ગરીબ-તવંગર નથી જોતા, ભક્તના

ભાવ જુએ છે.

→ મુક્તરાજ નારાયણભાઈનું પૃથ્વી પરના પ્રાગટ્યનું કારણ બાપાશ્રી જાણતા હોવાથી જ તેમણે શ્રી નારાયણભાઈને આવા દિવ્ય આશીર્વાદના હક્કદાર બનાવ્યા. અને અનાદિમુક્ત તરીકેનું પ્રમાણ આપ્યું.

## સ્વાધ્યાય

### પ્રશ્નોના ઉત્તર આપો.

(૧) ગીગાભાઈ શેની ચિંતામાં હતા?

(૨) બાપાશ્રીએ ગીગાભાઈનો સંકલ્પ કેવી રીતે પૂર્ણ કર્યો?

(૩) બાપાશ્રીએ નારાયણને ક્યા આશીર્વાદ આપ્યા?

### ખાલી જગ્યા પૂરો.

(૧) આવતી કાલે અનાદિ મહામુક્તરાજ ——— ધ્રાંગધ્રા પધારવાના છે.

(૨) આમને તો ——— આશીર્વાદ છે.

(૩) શ્રીજીમહારાજના ——— છે.

(૪) ——— કાર્યો કરશે.

●

# ૪ ઘરને તીર્થ બનાવ્યું

નારાયણ પાંચ વર્ષના થયા. ને પિતાશ્રી ગીગાભાઈ ધામમાં પધારી ગયા. શાકુબાએ જેમ-તેમ ત્રણ વર્ષ ધ્રાંગધ્રામાં કાઢ્યા. ગામમાં શાકુબાને કાંઈ કામ મળતું નહીં. ખાવાની પણ મુશ્કેલી પડવા લાગી. એક વખત વઢવાણથી ત્યાગી ભાગીરથીબા ધ્રાંગધ્રા આવ્યા. શાકુબાની હાલત જોઈ તેમને બહુ દુઃખ થયું. શાકુબાને કહે, 'શાકુ અહીં તો તને કાંઈ કામ મળતું નથી. તારે પાંચ બાળકોને ઉછેરવાના છે. તું મારી સાથે વઢવાણ ચાલ. તને ત્યાં કાંઈક કામ મળી રહેશે.' શાકુબા વિચારમાં પડી ગયા. નારાયણ સાથે હતો તેણે કહ્યું, 'હા મા, ચાલો આપણે વઢવાણ જઈએ. મહારાજ આપણને ત્યાં જરૂરથી કામ અપાવશે.' નાનકડા નારાયણના મુખમાંથી હિંમતના વચન સાંભળી શાકુબાએ હિંમત કરી. ભાગીરથીબાને કહ્યું, 'સારું બા, અમે વઢવાણ આવીશું.'

બધા વઢવાણ આવ્યા. આવી તો ગયા, પણ હવે રહેવું ક્યાં? પાસે સાવ થોડા પૈસા હતા. એ પૈસા ભાડાના ઘર માટે આપી દે તો છોકરાઓને ખવડાવે શું? શાકુબા ભારે ચિંતામાં પડી ગયા. હવે શું કરવું? ઘરવાળા ભાડું બહુ માંગતા હતા. એવામાં એક શેઠ આવ્યો કહે, 'મારું ઘર મોટું, માળવાળું છે. ભાડું પણ ફક્ત બે જ રૂપિયા લઈશ. તમને ગમે તો રાખો. ભાગીરથીબાના ઘરની બાજુમાં જ મારું ઘર છે.' ઘર જોઈ શાકુબા ખુશ થઈ ગયા. તેમણે મહારાજનો ઉપકાર માન્યો.

શાકુબા બાળકોને લઈ ઘરમાં જવાની તૈયારીમાં જ હતા. બાજુમાં રહેતા બહેન શાકુબા પાસે આવ્યા કહે, 'બહેન આ ઘરમાં રહેવા ન જશો. આ ઘરમાં ભૂત થાય છે. કોઈને એક રાત પણ રહેવા દેતા નથી. બહુ રંજાડે છે. ઘણા તો ભયથી મરી પણ જાય છે.'

શાકુબા અને નારાયણના ભાઈ-બહેનો ગભરાઈ ગયા. શાકુબા વિચારવા લાગ્યા આવું ભૂતિયું મકાન હતું, એટલે જ શેઠે સસ્તામાં ભાડે આપ્યું. મારે ભૂતિયા મકાનમાં નથી રહેવું. બીજી કાંઈ પણ વ્યવસ્થા કરીશું. તેઓ બાળકોને લઈ ચાલવા લાગ્યા. નારાયણ કહે, 'બા ચાલોને, આટલું સરસ ઘર છે ને આપણે કેમ નથી જતા?' શાકુબા કહે, 'સાંભળ્યું નહીં? પેલા બહેન કહે છે આ ભૂતિયું મકાન છે. ભૂત કોઈને એક રાત રહેવા દેતા નથી.' નારાયણ કહે, 'મા, આપણે સ્વામિનારાયણના આશ્રિત. તેમની કંઠી ગળામાં પહેરી છે. શ્રીજીમહારાજ સદાય આપણી સાથે જ છે. ભૂત બિચારા આપણને શું કરનાર છે? તેઓ આપણાથી ગભરાશે, માટે ચાલો. આટલા ઓછા ભાડામાં આવડું મોટું મકાન નહીં મળે. ભગવાન સંભારીએ એટલે કાંઈ ન થાય.' શાકુબાને બાપાશ્રીના વચનો યાદ આવ્યા. નારાયણ તો અનાદિમુક્ત છે. આવું યાદ આવતાં શાકુબાને હિંમત આવી. બધા ઘરમાં રહેવા ગયા. નારાયણ કહે, 'મા, આપણે બધા ઉપર મેડીએ રહીશું.' ગામ લોકો જોવા આવ્યા. ભૂતિયા ઘરમાં કોણ રહેવા આવ્યું? આવતીકાલ સુધીમાં તો બધા ઘર છોડીને બીજે જતા રહેશે. આપણે તો ના પાડી હતી, પણ માન્યા નહીં. રાત્રે ભૂત હેરાન

કરશે ત્યારે ખબર પડશે. થોડીવાર વાતો કરી બધા છૂટા પડ્યા.

શાકુબાએ ઉપલા માળે ઘર સાફ કરી મહારાજ પધરાવ્યા. રાત પડી. નીચે ભૂતો જાત-જાતના અવાજો કરે. ઘરનાને ડરાવે. નારાયણના ભાઈ-બહેનો ગભરાવા લાગ્યાં. શાકુબા પણ ભગવાન સંભારવાં લાગ્યાં. નારાયણ કહે, 'બધા મહારાજને સંભારી સૂઈ જાવ. ભૂત કાંઈ હેરાન કરવા સમર્થ નથી.' બધા ગભરાતાં-ગભરાતાં, મહારાજ સંભારતા સૂઈ ગયા. બધા સૂઈ ગયા એટલે નારાયણ નીચે ઉતર્યા. ગ્લાસમાં પાણી લીધું. નારાયણને જોઈ ભૂતો ગભરાવા લાગ્યા. નારાયણમાં તેમને દિવ્ય તેજ દેખાયું. નારાયણને કહેવા લાગ્યા, 'તમે તો મહાન મુક્ત છો. અમારો મોક્ષ કરો. અમે ઘણા કાળથી અહીં ભટકીએ છીએ.' નારાયણને ભૂતો પર દયા આવી. તેમણે સ્વામિનારાયણ-સ્વામિનારાયણ બોલી બધા ભૂતો પર પાણી છાંટ્યું. આશીર્વાદ આપી ભૂતોનો મોક્ષ કર્યો. શાકુબા દાદર પર બેઠા બેઠા બધું જોતા હતા. નારાયણને કહે, 'તમે તો મહામુક્ત છો. અમારા ઘરે પુત્રરૂપે આવ્યા છો. અમારા મોટા ભાગ્ય.' નારાયણ કહે, 'બધું શ્રીજીમહારાજ કરે છે. આપણે તો નિમિત્તમાત્ર છીએ.' સવારે ગામ લોકો જોવા આવ્યા. ઘરમાં બધાને હેમખેમ જોયા. બધાને બહુ આશ્ચર્ય થયું. જ્યારે ખબર પડી કે આઠ વર્ષના નાના બાળકે ભૂતિયા ઘરને તીર્થરૂપ બનાવી દીધું છે, ત્યારે બધા નારાયણને પગે લાગ્યા. કહેવા લાગ્યા, 'અમારા ધન્ય ભાગ્ય, કે તમે અમારા ગામમાં પધાર્યા.'

વાત સાંભળી ઘર માલિક દોડતો-દોડતો આવ્યો. નારાયણને પગે લાગ્યો અને કહે, 'વર્ષોથી આ ઘરમાં ભૂત રહેતા હતા.

કોઈ ઘરમાં રહી શકતું ન હતું. તમે આ ઘરને પવિત્ર મંદિર જેવું બનાવી દીધું. તમારે આ ઘરમાં હવે જેટલો વખત રહેવું હોય તેટલો વખત રહો. મારે ભાડું પણ નથી જોઈતું. તમારા જેવા મુક્તના દર્શન થયા તે જ મારા માટે ભાગ્યની વાત છે.' આમ કહી રાજી થકો પોતાના ઘરે ગયો. શાકુબા અને તેમના બાળકો સુખેથી ઘરમાં રહેવાં લાગ્યાં.

---

**અઘરા શબ્દો**

રંજાડવું = હેરાન કરવું

આશ્રિત = દાસ

મેડી = ઉપરનો માળ

કાળ = સમય

હેમખેમ = સહી-સલામત

→ મહારાજના અનાદિમુક્ત પૃથ્વી પર પધારે ત્યારે નાની ઉંમરમાં પણ પોતાનું ઐશ્વર્ય બતાવી અવગતે ગયેલા જીવો પર દયા લાવી તેમનો મોક્ષ કરે છે.

## સ્વાધ્યાય

**પ્રશ્નોના ઉત્તર આપો.**

(૧) શાકુબા ધ્રાંગધ્રાથી ક્યા ગામ રહેવા આવ્યાં? શા માટે?

(૨) ઘર માલિકે શા માટે ભાડું ઓછું કહ્યું?

(૩) ભૂતોએ નારાયણને શું પ્રાર્થના કરી?

(૪) ભૂતોનો મોક્ષ કર્યો ત્યારે નારાયણની ઉંમર કેવડી હતી?

## ખાલી જગ્યા પૂરો.

(૧) આ તો ——— ઘર છે.

(૨) આપણે તો ——— ના આશ્રિત——— બિચારા આપણને શું કરનાર છે?

(૩) આ ઘરને ——— બનાવી દીધું.

(૪) તમારા જેવા——— ના મને ——— થયા તે ભાગ્યની વાત છે.

## સંદર્ભ સહિત સમજાવો.

(૧) તારે પાંચ સંતાનોનો ઉછેર કરવાનો છે. મારી સાથે વઢવાણ ચાલ ત્યાં તને કંઈક કામ મળી રહેશે.

(૨) આપણે સ્વામિનારાયણના આશ્રિત, ભૂત બિચારા આપણને શું કરનાર છે?

●

# ૫ સાદા ભોજનમાં આનંદ

એક દિવસની વાત છે. શાકુબા સવારે કામે જવા તૈયાર થયાં. નારાયણ પણ તૈયાર થઈ ગયા. શાકુબા કહે, 'નારાયણ, હું તમને રોજ ના પાડું છું, મારી સાથે કામ કરવા ન આવો. તમારા જેવડા બાળકો કેવી સરસ રમતો રમે છે. તમે પણ તેમની સાથે રમવા જાઓ.' નારાયણ કહે, 'મા, સાંજે કામેથી આવીને પછી જઈશ. હું તો નાનો છું. તમને કામમાં થોડીક જ મદદ કરી શકું છું. મોટો થઈશ ત્યારે તમારે કામ કરવું નહીં પડે. બધું કામ હું કરીશ.' શાકુબાને નાનકડા નારાયણ પર બહુ વહાલ ઉપજ્યું. બન્ને સાથે કામે ગયા. સાંજે પાછા આવ્યા. નારાયણે હાથ-મોઢું ધોયાં. માને કહે, 'મા, આજે તો બહુ ભૂખ લાગી છે, ખાવા આપો.' શાકુબા કહે, 'હમણાં જ આપું છું. આજે તો તમે ઘણું કામ કર્યું છે તેથી થાકી ગયા હશો.' થાળી પીરસતા શાકુબાની આંખો ભીની થઈ ગઈ. નારાયણ કહે, 'શું થયું મા? કેમ રડો છો?' શાકુબા કહે, 'બેટા! અબજીબાપાશ્રીએ કહ્યું હતું, તમે અનાદિમુક્ત છો. અનેક જીવોના કલ્યાણ કરવા આવ્યા છો. સ્વતંત્ર છો.' નારાયણ મા સામે જોઈ રહ્યો. શાકુબા કહે, 'અરે નારાયણ! તમે અમારા જેવા નિર્ધન કુટુંબમાં કેમ આવ્યા? કોઈ શ્રીમંતને ત્યાં આવી શાંતિથી કલ્યાણનું કાર્ય કરતા હોત તો? હું તો તમને સારું ભોજન પણ નથી આપી શકતી. સારું ભોજન ક્યાં, શાક પણ નથી આપી શકતી. આજે તો ફક્ત છાશ ને

રોટલા જ ખાવામાં છે.' અને શાકુબા રડી પડ્યાં.

નારાયણ શાકુબાની બાજુમાં બેઠા. શાકુબાને કહે, 'મા, તમને કોણે કહ્યું અહીં દુઃખ છે? છાશ અને રોટલા મને બહુ ભાવે છે. સાદું ભોજન જમીએ તો ભગવાન સરસ ભજાય.' શાકુબા કહે, 'બેટા, એ તો મને આશ્વાસન આપવા તમે આવું કહો છો. ફક્ત છાશ ને રોટલા કાંઈ ભાવતું હશે?' નારાયણ કહે, 'મા, શ્રીમંતાઈને લીધે રજોગુણી થઈ જવાય. દરરોજ સ્વાદુ ભોજન જમવાથી સ્વાદિયા થઈ જવાય. ભગવાન ભજવામાં આનંદ ન આવે. જે વસ્તુ ભગવાન ભજવામાં આનંદ ન આપે તે શા કામની? મને તો છાશ-રોટલા જ બહુ ભાવે છે. તમે મનમાં જરા ય શોક રાખશો નહીં. મા, તમે તો આ પૃથ્વી પરના શ્રેષ્ઠ માતા છો. એટલે જ હું તમારા પુત્રરૂપે આવ્યો છું.' શાકુબા આવા પુત્ર પ્રાપ્ત થયા બદલ પોતાના અહોભાગ્ય માનવા લાગ્યાં.

---

→ મુક્તરાજ આપણને શીખવે છે કે આપણાથી બનતી મદદ-સેવા માતા-પિતાને કરવી.

→ અનાદિમુક્ત દાખલો બેસાડવા જ આર્થિક સંકડામણ ભોગવે છે.

→ ભગવાન ભજવામાં આ લોકની કહેવાતી મુશ્કેલી ક્યારેય બાધ્ય થતી નથી.

→ ભગવાનની મરજી જાણી જેવું ભોજન મળે તે આનંદ સહિત ને ભગવાનની સ્મૃતિએ સહિત જમવું.

# સ્વાધ્યાય

**પ્રશ્નોના ઉત્તર આપો.**

(૧) શાકુબા શા માટે રડતા હતાં?

(૨) સાદા ભોજન માટે નારાયણે શાકુબાને શું કહ્યું?

**ખાલી જગ્યા પૂરો.**

(૧) શ્રીમંતાઈને લીધે ——— થઈ જવાય.

(૨) દરરોજ——— ભોજન જમવાથી ——— થઈ જવાય.

(૩) જે વસ્તુ ——— ભજવામાં આનંદ ન આપે તે શા કામની?

(૪) તમે તો આ ——— પરના ——— માતા છો.

# ૬ માતા બન્યા સાચા શિક્ષક

શાકુબાને ધીરે-ધીરે સારું કામ મળવા લાગ્યું. ઘરમાં થોડીક આવક થઈ. શાકુબા નારાયણને કહે, 'નારાયણ, બેટા મારી પાસે આવો.' નારાયણ શાકુબા પાસે આવ્યા. શાકુબા કહે, 'બેટા, મારી ઈચ્છા તમને ખૂબ ભણાવવાની છે. હવે ફરીથી તમારે શાળાએ ભણવા જવાનું છે.' નારાયણ કહે, 'ભલે મા હું શાળાએ જઈશ.'

શાકુબા કહે, 'બેટા, મારી એક વાત હંમેશાં યાદ રાખજો. શાળામાં શિક્ષક ભણાવે ત્યારે બરોબર ધ્યાન રાખીને ભણવું.'

નારાયણ કહે, 'ભલે. હું બરોબર ભણીશ.' શાકુબા કહે, 'શાળાએ જતા-આવતા મહારાજની સ્મૃતિ રાખવી અને સ્વામિનારાયણ-સ્વામિનારાયણ ભજન કરવું. આડું-અવળું બહુ જોવું નહીં.'

નારાયણ કહે, 'આવું હું ચોક્કસ કરીશ.' શાકુબા કહે, 'જાણીને કોઈ સ્ત્રીનો સ્પર્શ કરવો નહીં. અજાણતા સ્પર્શ થઈ જાય તો ઘરે આવી ભગવાનની સ્મૃતિ સાથે સ્નાન કરવું.' નારાયણે દૃઢપણે કહ્યું, 'મા, તમારી આ વાત તો હું જીવનભર યાદ રાખી તે પ્રમાણે જ વર્તીશ.' નારાયણના આવા વિશ્વાસપૂર્ણ વચન સાંભળી શાકુબા બહુ જ ખુશ થયાં.

નારાયણને માથે વહાલથી હાથ ફેરવ્યો અને શાળામાં દાખલ કરી આવ્યા. (માતાને આપેલું વચન નારાયણમામાએ જીવનપર્યંત પાળ્યું.)

→ દરેક ક્રિયામાં શ્રીજીમહારાજનું અનુસંધાન રાખવું.

→ એક ચિત્ત રાખી શિક્ષણ ગ્રહણ કરવું.

## સ્વાધ્યાય

**પ્રશ્નોના ઉત્તર આપો.**

(૧) શાળાએ જતા પહેલા શાકુબાએ નારાયણને કઈ શિખામણ આપી?

(૨) શિખામણનો નારાયણે શો ઉત્તર આપ્યો?

**ખાલી જગ્યા પૂરો.**

(૧) શાળાએ જતા-આવતા ——— ની સ્મૃતિ રાખવી અને ——— ભજન કરવું.

(૨) જાણીને કોઈ ——— નો સ્પર્શ કરવો નહીં.

(૩) તમારી આ વાત હું ——— યાદ રાખીશ.

●

# ૭ ભગવાન સાથે ગોષ્ઠિ

રવિવારની રજા હતી. નારાયણ સવારે વહેલા નાહી-ધોઈ મંદિરે ગયા. મંદિરના ઘનશ્યામ મહારાજ નારાયણને ખૂબ ગમે. નારાયણે ઘનશ્યામ મહારાજને દંડવત્ પ્રણામ કર્યા. અને ત્યાં બેસી ગયા. ઘનશ્યામ મહારાજે ખડખડાટ હસી નારાયણને મીઠો આવકાર આપ્યો. નારાયણ ભાવ-વિભોર થઈ ગયા. ભગવાનનું સુંદર કીર્તન ગાવા લાગ્યા. મધુર અવાજ અને મહારાજમાં જ વૃત્તિ. મહારાજ રાજી થઈ ડોલવા લાગ્યા. નારાયણને કહે, 'વાહ! નારાયણ, તારી કીર્તનભક્તિ અદ્ભુત છે. હું બહુ રાજી થયો. બીજાં ભક્તો કીર્તન ગાય છે, પણ તેમનું ચિત્ત ક્યાંય ભમતું હોય છે. એવું ગાયું તે ન ગાયા બરાબર છે. દર્શન મારા કરે અને વિચારો બીજા ચાલતા હોય. તું તો મારામાં અખંડ વૃત્તિ રાખી કીર્તન ગાય છે. દર્શન કરે છે.' નારાયણ કહે, 'બધી આપની કૃપા છે.'

મહારાજ કહે, 'બેટા નારાયણ! તને વઢવાણમાં ગમે તો છે ને?' નારાયણ કહે, 'મહારાજ! મારે તો બધી જગ્યા સરખી. જ્યાં રહું ત્યાં આપનું અખંડ દર્શન-સુખ હોય છે. મને તો બધે સરખો આનંદ રહે છે.' મહારાજ કહે, 'હા નારાયણ, સારું-નરસું તો આ લોકના જીવો માટે છે. તારા જેવા અનાદિમુક્તને અમારે પ્રતાપે સદાય બધું સરખું અને આનંદમય જ હોય. નારાયણ કહે, 'મહારાજ બધી આપની દયા છે.'

મંદિરમાં સ્વામી ભક્તિજીવનદાસજી રહે. તેઓ ખૂબ જ

પવિત્ર અને નિર્મળ સંત. તેમણે દૂરથી જોયું કે, આ બાળક મહારાજ પાસે એકલા બેઠા-બેઠા ક્યારના કાંઈક બોલે છે. લાવ જોવા દે. તેઓ ધીમેથી નારાયણની પાછળ આવી ઊભા રહ્યા. ત્યાં તો તેમને મહારાજનો અવાજ સંભળાયો. તેમણે મહારાજ સામે જોયું. મહારાજ હાથના લટકા કરતા હતા. નારાયણના માથે હાથ ફેરવતા હતા. મહારાજ કહે, 'નારાયણ, તેં ઘરના ભૂતોનો મોક્ષ કર્યો. મને ઘણો આનંદ થયો. એ બિચારા અવગતે ગયા હતા. તેં તેઓને સદ્‌ગતિ આપી.' નારાયણ હસીને કહે, 'મહારાજ એ બધો આપનો પ્રતાપ છે. હું તો ફક્ત નિમિત્ત બની આપની આજ્ઞાનું પાલન કરું છું. આપે મને પૃથ્વી પર જીવોના કલ્યાણ કરવા મોકલ્યો છે. તે હું આપને સાથે રાખી કરું છું.'

મહારાજ કહે, 'હું ઘણો જ રાજી થયો.' નારાયણ કહે, 'મહારાજ! મને આશીર્વાદ આપી કૃપા વરસાવો.' નારાયણ મહારાજને પગે લાગ્યા. મહારાજ કહે, 'નારાયણ તું તો મારો લાડીલો અનાદિમુક્ત છે. તારા પર તો મારો અતિશય, અખંડ રાજીપો છે.' મહારાજે રાજી થઈ નારાયણના માથે હાથ ફેરવ્યો.

ભક્તિજીવનદાસજીને મહારાજ અને મુક્તના પહેલી વખત આવા દર્શન થયા. તેઓ ભાવવિભોર થઈ ગયા. થોડીવાર તો સ્થિર થઈ ગયા. વિચારવા લાગ્યા ઓ હો! બાળકરૂપે આ ગામમાં અનાદિમુક્ત પધાર્યા છે. સ્વામી ગદ્‌ગદભાવે નારાયણને વંદન કરવા લાગ્યા. નારાયણ કહે, 'સ્વામી, આ શું કરો છો? હું તો બાળક છું. તમે મને શા માટે વંદન કરો છો?' સ્વામી કહે, 'તમે કેવા બાળક છો તે મને આજે ખબર પડી ગઈ છે.'

નારાયણ કહે, 'શું ખબર પડી ગઈ?' સ્વામી કહે, 'હવે મારાથી કાંઈ છુપાવશો નહીં. તમે મહારાજના અનાદિમુક્ત છો, ને જીવોના કલ્યાણ કરવા પધાર્યા છો. હું ઘણાં વર્ષોથી સાધના કરું છું, છતાં મહારાજના દર્શન નથી થયા. આજે આપના પ્રતાપે મહારાજના દિવ્ય દર્શન થયા અને દિવ્ય સ્વર સાંભળવાનો લ્હાવો પ્રાપ્ત થયો. હું તો ધન્ય બની ગયો. આ બધું આપને પ્રતાપે થયું છે.' નારાયણને થયું હવે કાંઈ બોલી શકાશે નહીં. સ્વામીને કહે, 'સ્વામી, મહારાજ મારી સાથે દરરોજ વાતો કરે છે, પણ આજે મહારાજના પ્રતાપે જ આપને તેમના દિવ્ય દર્શન થયા, પણ આ વાત કોઈને કહેવી નહીં.'

નારાયણને પ્રતાપે પોતાને મહારાજના દર્શન થયા છે તેવું સ્વામી માનતા હતા. સ્વામી પોતાને ધન્ય માનવા લાગ્યા.

---

**અઘરા શબ્દો**

નરસું = ખરાબ

લ્હાવો = લાભ

→ મહારાજના અનાદિમુક્ત અખંડ મહારાજનું દિવ્ય સુખ ભોગવતા હોય છે. કોઈક વખત તેમના પ્રતાપે બીજાને પણ મહારાજના દિવ્ય દર્શનનો લાભ મળી જાય છે.

## સ્વાધ્યાય

**પ્રશ્નોના ઉત્તર આપો.**

(૧) નારાયણ ક્યા દિવસે અને ક્યારે મંદિરમાં ગયા હતા?

(૨) નારાયણ ભગવાન પાસે બેસી શું કરતા હતા?

(૩) બીજા ભક્તો માટે ભગવાને શું કહ્યું?
(૪) ભક્તિજીવનદાસજી સ્વામીને કયો લ્હાવો પ્રાપ્ત થયો?

## ખાલી જગ્યા પૂરો.

(૧) તારી ——— ભક્તિ અદ્‌ભુત છે.
(૨) તેમનું ——— ક્યાંય ભમતું હોય છે.
(૩) આવું ——— તે ન ગાયા બરોબર છે.
(૪) જ્યાં રહું ત્યાં આપનું અખંડ ——— હોય છે.
(૫) હું તો ફક્ત ——— બની આપની——— નું પાલન કરું છું.
(૬) આપે મને પૃથ્વી પર———ના———કરવા મોકલ્યો છે.
(૭) હું ઘણા વર્ષોથી ——— કરું છું.

## સંદર્ભ સહિત સમજાવો.

(૧) તમારા પ્રતાપે આજે મને મહારાજના દિવ્ય દર્શન થયા અને મહારાજની દિવ્ય વાણી સાંભળવાનો લ્હાવો મળ્યો.

●

# ૮ કંઠી ગુરુની સેવા

દરરોજની જેમ શાકુબા પૂજા કરીને ઊઠ્યાં. નારાયણ કહે, ‘મા, મારે પણ પૂજા જોઈએ છીએ. હું પણ દરરોજ મહારાજની પૂજા કરીશ.’ આવું સાંભળી શાકુબા ઘણા રાજી થયાં. કહે, ‘બેટા! મંદિરમાં સ્વામીને કહેજો તેઓ તમને પૂજા આપશે.’ નારાયણ ખુશ થઈ ગયા. તેમને યાદ આવ્યું શ્રીજીમહારાજે વઢવાણ આવતી વખતે કહ્યું હતું, ‘નારાયણ, તને વઢવાણના ભક્તિજીવનદાસજી સ્વામી કંઠી બાંધશે. તેને તું તારા કંઠી ગુરુ કરજે. તેઓ જ તને પૂજા પણ આપશે.’ બીજે દિવસે નારાયણ સવારે વહેલા ઊઠી ગયા. નાહીને મંદિરે પહોંચી ગયા. નારાયણને જોઈ સ્વામી રાજી થયા. કહે, ‘નારાયણ, આજે કેમ વહેલા આવ્યા? મહારાજ સાથે શું વાતો કરવાના છો?’ નારાયણ કહે, ‘સ્વામી, તમે મને કંઠી બાંધો. અને મને પૂજા આપો. તમે મારા કંઠી ગુરુ થાવ.’ સ્વામી કહે, ‘નારાયણ, તમે તો મહારાજના લાડીલા મુક્ત છો. તમારી સાથે મહારાજ સદાય રહે છે. તમારે ગુરુ કરવાની ક્યાં જરૂર છે? તમારા જેવા મુક્તના ગુરુ થવાનું તો મારું સદ્‌ભાગ્ય કહેવાય. ચાલો હું તમને કંઠી બાંધું.’

સ્વામીએ શ્રીજીમહારાજને ધરાવી નારાયણને કંઠી બાંધી અને પૂજા પણ આપી. નારાયણ સ્વામીને પગે લાગી કહે, ‘સ્વામી, આજથી તમે મારા કંઠી ગુરુ. હવેથી હું તમારી બરોબર સેવા કરીશ.’ સ્વામી ખૂબ રાજી થયા કહે, ‘નારાયણ, તમે તો કાયમ મારી સેવા કરો જ છો. હવે વિશેષ કરવાની આવશ્યકતા નથી.’

નારાયણ તો દરરોજ સ્વામી પાસે આવે. ભાવે સહિત સેવા કરે. સ્વામીના પગ દાબે, માથું દાબે. કોઈ વસ્તુ જોઈતી હોય તો સ્વામી કહે તે પહેલા હાજર કરી આપે. સ્વામીનું આસન સાફ રાખે. નાની-મોટી બધા પ્રકારની સેવા કરે. ઘણી વખત સ્વામી કહે, 'નારાયણ, હવે ઘરે જાઓ' તમે થાકી ગયા હશો.' નારાયણ કહે, 'સ્વામી, તમારી સેવા કરવામાં મને ખૂબ આનંદ આવે છે, જરાય થાક નથી લાગતો. તમારી સેવાથી મહારાજ બહુ રાજી થાય છે.' આવા મધુર વચનોથી અને સેવાથી સ્વામી આ નાના બાળ મુક્તરાજ ઉપર બહુ જ રાજી થાય.

---

→ મુક્તરાજ આપણને શીખવે છે કે, જે આપણા ગુરુ છે તેમની દિવ્યભાવે સહિત સેવા કરી તેમનો રાજીપો મેળવી લેવો જોઈએ.

## સ્વાધ્યાય

**પ્રશ્નોના ઉત્તર આપો.**

(૧) નારાયણે શાકુબા પાસે શું માંગ્યું?

(૨) નારાયણના કંઠી ગુરુનું નામ આપો?

(૩) નારાયણ સ્વામીની કઈ-કઈ સેવા કરતા?

**ખાલી જગ્યા પૂરો.**

(૧) સ્વામી તમે મારા ——— થાવ.

(૨) તમે તો મહારાજના ——— મુક્ત છો.

(૩) તમારા જેવા મુક્તના ——— થવાનું તો મારું ——— કહેવાય.

●

# ૯ કીર્તન ભક્તિ

એક દિવસની વાત છે. નારાયણ મંદિરમાં ઘનશ્યામ મહારાજ પાસે બેસી કીર્તન ગાતા હતા. આંખો બંધ કરી એકાગ્ર ચિત્તે ગાતા હતા. તેમની વૃત્તિ ભગવાનમાં જ હતી. નારાયણનો અવાજ ખૂબ જ મધુર અને સૂરીલો હતો. તેમાં પાછી ભક્તિ ભળે, પછી પૂછવું જ શું? મંદિરમાં જે કોઈ દર્શન કરવા આવે તેઓ અનેરું આકર્ષણ અનુભવતાં. બધાથી નારાયણના કીર્તન સાંભળવા બેસી જવાય. નારાયણ એક પછી એક એવા સરસ કીર્તન ગાય કે, લોકો ભક્તિરસમાં તરબોળ થઈ જાય. કોઈ હરિભક્ત સ્વામી ભક્તિજીવનદાસજીને પૂછી આવે, 'આ બાળમુક્ત કોણ છે? પહેલા તો ક્યારેય જોયા નથી. કેવા સરસ કીર્તનો ગાય છે. મન મોહી પડે છે.' સ્વામી કહે, 'એ તો નારાયણ છે. શ્રીજીમહારાજના મહામુક્ત છે. ઘનશ્યામ મહારાજ તેમની સાથે દરરોજ વાતો કરે છે. એ મહારાજમાં વૃત્તિ રાખી સુંદર કીર્તનો ગાય છે.' હરિભક્ત કહે, 'વાહ! વાહ! શું આ બાળકની ભક્તિ છે. મહારાજ વાતો કરે વાહ ભાઈ વાહ!

એકવાર આચાર્ય મહારાજ દર્શન કરવા આવ્યા. નારાયણનો અવાજ સાંભળી ત્યાં જ ઊભા રહી ગયા. ભગવાનના દર્શન કરવામાં ગુલતાન બની ગયા. નારાયણનું કીર્તન પૂરું થયું. આચાર્યએ નારાયણને તેમની પાસે બોલાવ્યા. નારાયણ પગે લાગી પાસે બેસી ગયા. આચાર્ય કહે,

'બાલમુક્તરાજ, તમારું નામ શું છે?' નારાયણે કહ્યું, 'નારાયણ.' આચાર્ય કહે, 'તમને આવી સુંદર કીર્તનભક્તિ કોણે શિખવાડી?' નારાયણ કહે, 'કોઈએ નહીં.' આચાર્ય આશ્ચર્યમાં પડી ગયા. કહે, 'અરે વાહ! શું મધુર કંઠ ભગવાને તમને આપ્યો છે. કીર્તન ગાવામાં તમારી એકાગ્રતા અદ્‌ભુત છે. નારાયણ, તમે તો આંખો બંધ કરી બધા કીર્તનો ગાતા હતા. તમને કેટલા કીર્તનો મોઢે આવડે છે?' નારાયણ કહે, 'મહારાજની દયાથી મને એકસો કીર્તનો મોઢે છે.' આચાર્યને નવાઈ લાગી કહે, 'નારાયણ, તમારી ઉંમર કેવડી?'

નારાયણ કહે, 'મને આઠ વર્ષ થયા છે.' આચાર્ય તથા ત્યાં બેઠેલા બધા આશ્ચર્યમાં પડી ગયા. આઠ વર્ષની નાની ઉંમરમાં એકસો કીર્તન કંઠસ્થ છે!!! આચાર્ય કહે, 'નારાયણ, તમારી કીર્તનભક્તિને ધન્ય છે અને ધન્ય છે તમારા માતા-પિતાને જેમને આવા ગુણિયલ પુત્ર પ્રાપ્ત થયા.'

---

→ શ્રીજીમહારાજના અનાદિમુક્તને આ લોકની ઉંમર સાથે કોઈ નિસ્બત હોતી નથી.

→ મુક્તરાજ શીખવે છે કે, ભગવાનની ભક્તિ કરતા ચિત્ત ભગવાનના સ્વરૂપમાં જ પરોવેલું રાખવું.

## સ્વાધ્યાય

**પ્રશ્નોના ઉત્તર આપો.**

(૧) નારાયણ ભગવાન પાસે કેવી રીતે કીર્તન ગાતા હતા?

(૨) હરિભક્તો નારાયણની આજુ-બાજુ શા માટે બેસી ગયા?

(૩) નારાયણને કેટલા કીર્તનો મોઢે આવડતા હતા? ત્યારે તેમની ઉંમર કેવડી હતી?

(૪) હરિભક્તોને સ્વામીએ શો જવાબ આપ્યો હતો?

**ખાલી જગ્યા પૂરો.**

(૧) વાહ શું મધુર ——— ભગવાને તમને આપ્યો છે.

(૨) તમે તો ——— બંધ કરીને ગાતા હતા, તમને કેટલા - ——— મોઢે આવડે છે?

(૩) મારી ઉંમર ——— વર્ષની છે.

# ૧૦ શ્રીજીમહારાજે પ્રાર્થના સાંભળી

નિત્યક્રમ પ્રમાણે નારાયણ મંદિરમાં દર્શન કરતા હતા. એવામાં વઢવાણના ડૉ. મણિલાલભાઈ નારાયણ પાસે બેસી ગયા. નારાયણે જય સ્વામિનારાયણ કહ્યા. ડૉક્ટર કહે, ‘નારાયણ, ભગવાન તમારી સાથે વાતો કરે છે નહીં?’ નારાયણ કહે, ‘તમને કોણે કહ્યું?’ ડૉક્ટર કહે, ‘આ વાત તો હવે આખું ગામ જાણે છે.’ નારાયણ ચૂપ રહ્યા. ડૉક્ટર કહે, ‘નારાયણ તમે મારા માટે ભગવાનને એક પ્રાર્થના કરશો?’ નારાયણ કહે, ‘જરૂરથી.’ ડૉક્ટર કહે, ‘તમે મહારાજને પ્રાર્થના કરો કે, તેઓ મને તેમના દિવ્ય અલૌકિક દર્શન કરાવે.’ નારાયણ કહે, ‘મારાથી એવું કઈ રીતે કહેવાય?’ ડૉક્ટર કહે, ‘નારાયણ, તમે તો મહારાજના લાડીલા મુક્ત છો. તમે કહેશો તો મહારાજ જરૂર માનશે.’ નારાયણ કહે, ‘હું પ્રયત્ન કરી જોઉં.’ નારાયણે આંખો બંધ કરી, અંતર્વૃત્તિ કરી મહારાજને પૂછી જોયું. થોડીવારે આંખો ખોલી. ડૉક્ટરે અધીરાઈથી પૂછ્યું, ‘શું કહ્યું? મને ક્યારે દર્શન આપશે?’ નારાયણે ધીમેથી કહ્યું, ‘મહારાજ તો ના પાડે છે!’ ડૉક્ટર ઉદાસ થઈ ગયા. નારાયણને ગદ્‌ગદ કંઠે આજીજી કરી. ‘નારાયણ, તમે એક વખત ફરીથી મહારાજને પ્રાર્થના કરોને. તમારા પ્રતાપે મને દર્શન કરાવોને. મહારાજને આગ્રહપૂર્વક કહોને.’ ડૉક્ટર નારાયણને વારંવાર આજીજી કરવા લાગ્યા. નારાયણે ફરી અંતર્વૃત્તિ કરી. મહારાજ કહે, ‘નારાયણ શું છે? કેમ પાછી

પ્રાર્થના કરે છે?' નારાયણ કહે, 'મહારાજ! એમને આપના દર્શનની બહુ તાણ છે. આપ એમના ઉપર કૃપા કરો.' મહારાજ કહે, 'ભલે નારાયણ, મેં તારી પ્રાર્થના સાંભળી છે. શયન આરતી પછી તેમને મૂર્તિ સામે બેસાડજે.' નારાયણે ડૉ. મણિલાલભાઈને વાત કરી. ડૉક્ટર રાજી-રાજી થઈ ગયા. રાત્રે આરતી પછી મહારાજની મૂર્તિ સામે બેસી ગયા. ધીરે-ધીરે મંદિરમાંથી બધા ચાલ્યા ગયા. નારાયણ, ડૉક્ટર અને સ્વામી જ મંદિરમાં રહ્યા. ડૉક્ટર આતુરતાપૂર્વક મહારાજ સામે જોવા લાગ્યા. મહારાજે ડાબો હાથ થોડો હલાવ્યો. થોડું લટકું કર્યું બસ.

મણિલાલભાઈ તો આટલામાં રાજી-રાજી થઈ ગયા. નારાયણને ખભા પર તેડી લીધા અને નાચવા લાગ્યા. 'આજ મારા ભાગ્ય ખૂલ્યા, આજ મારા ધન્ય ભાગ્ય.' બોલતા જાય ને નાચતા જાય. થોડીવારે નારાયણને નીચે ઉતારી તેમને વંદન કર્યા. કહે, 'નારાયણ, તમારા પ્રતાપે અને તમારી પ્રાર્થનાથી મને મહારાજના દર્શન થયા. ધન્ય છે તમને. વાહ નારાયણ વાહ! તમે તો મહારાજના ખરેખરા લાડીલા છો. વાહ નારાયણ વાહ!'

---

**અઘરા શબ્દો**

ગદ્ગદ = ગળગળું

આજીજી = વિનંતી

તાણ = ત્વરા, ઈચ્છા

→ અનાદિમુક્તની પ્રાર્થના શ્રીજીમહારાજ હંમેશાં સાંભળે છે. અને ત્યારે અશક્ય લાગતી વાત શક્ય બને છે.

## સ્વાધ્યાય

**પ્રશ્નોના ઉત્તર આપો.**

(૧) ડૉ. મણિલાલભાઈએ નારાયણને કઈ પ્રાર્થના કરવાનું કહ્યું?

(૨) મહારાજે નારાયણને શું કહ્યું?

(૩) ડૉક્ટરને મહારાજે ક્યારે અને કેવા દર્શન આપ્યા?

**વાક્યમાં વાપરો.**

(૧) આજીજી કરવી.

(૨) તાણ હોવી.

**સંદર્ભ સહિત સમજાવો.**

(૧) નારાયણ, તમે મહારાજને ફરીથી પ્રાર્થના કરો.

(૨) મહારાજ તેમને આપના દર્શનની બહુ તાણ છે.

(૩) આજ મારા ધન્ય ભાગ્ય!

# ૧૧ પ્રખર બુદ્ધિશાળી

શાળામાં કોઈ રમતું ન હતું. શાળા સાવ શાંત હતી. પરીક્ષાઓ નજીક હતી. વિદ્યાર્થીઓ વાંચવામાં પડ્યા હતા. નારાયણ ભગવાનનું ધ્યાન કરે, કીર્તન ગાય. મિત્રો નારાયણ પાસે આવ્યા, નારાયણને કહે, 'નારાયણ, પરીક્ષા નજીક છે. અને તમે તો વાંચતા જ નથી.' નારાયણ કહે, 'મારે તેની જરૂર નથી.' મિત્રો કહે, 'પછી પરીક્ષા કેવી રીતે આપશો? તમારો દર વખતે પહેલો નંબર આવે છે. વાંચ્યા વગર કેવી રીતે આવડે?' નારાયણ કહે, 'શિક્ષક જ્યારે ભણાવે, ત્યારે હું બરાબર એક ચિત્તે સમજી લઉં. ઘરે જઈ મારી રીતે તેની નોંધપોથી બનાવું. તે નોંધપોથી એક વખત વાંચું એટલે મને બધું જ યાદ રહી જાય. મારે બીજી વખત વાંચવાની જરૂર રહેતી નથી.'

બધા મિત્રો એક સાથે બોલ્યા, 'બસ! એક જ વખત!!' નારાયણ કહે, 'હા, ભગવાનને સંભારી એક વખત વાંચું એટલે મને બધું યાદ રહી જાય.' મિત્રો કહે, 'નારાયણ, અમને તમારી બનાવેલી નોંધપોથી વાંચવા આપશો?' બીજો એક મિત્ર કહે, 'અત્યારે પરીક્ષાના સમયે કોઈ આપતું હશે? તેમને વાચવું ન હોય?' નારાયણ કહે, 'ના રે ના મારે નથી વાંચવાનું. તમે લઈ જાવ. મને તો બધું મોઢે છે.' મિત્રો ખુશ થઈ ગયા. નારાયણની નોંધપોથી જોઈ એક મિત્ર કહે, 'અરે નારાયણ! આવું ક્યાંથી લખ્યું? આવું તો શિક્ષકે નથી શિખવાડ્યું.' નારાયણ કહે, 'એ તો મેં મારી મેળે નોંધપોથી બનાવી છે. બધા વિષયોને મારી

સમજ પ્રમાણે સમજાવ્યા છે.' મિત્રો આશ્ચર્યમાં પડી ગયા. એક મિત્ર પૂછવા લાગ્યો, 'નારાયણ, તમે પરીક્ષામાં પેપર કેવી રીતે લખો છો, કે તમારો દર વખતે પહેલો જ નંબર આવે છે?' નારાયણ કહે 'મેં ધ્યાન રાખી બરાબર વાચ્યું હોય, પછી પેપર લખતી વખતે સૌથી પહેલા સ્વામિનારાયણ ભગવાનને પ્રાર્થના કરું.' મિત્રો કહે, 'કેવી પ્રાર્થના? પ્રાર્થનામાં શું કરો?' નારાયણ કહે, 'હું પ્રાર્થના કરું કે, હે મહારાજ! આપ મારી સાથે પેપર લખવા આવો. આવી પ્રાર્થનાથી મહારાજ દિવ્યભાવે ભેળા ભળે. પછી મારાથી સારામાં સારું લખાય. ભગવાન ભળે એટલે પહેલો નંબર જ આવે.'

એક મિત્ર કહે, 'આ વર્ષે મેં બહુ વાચ્યું નથી. હું ભગવાનને પ્રાર્થના કરીશ તો ભગવાન મને પાસ કરી દેશે?' નારાયણ કહે, 'પુરુષાર્થ તો કરવો જ પડે. તો જ ભગવાન ભેળા ભળે અને સારું ફળ આપે. મહેનત કર્યા વગર ભગવાન પાસે માંગીએ તો ભગવાન આપે નહીં. બરોબર મહેનત કરવાની. પછી ભગવાનને પ્રાર્થના કરીએ તો ભગવાન પ્રાર્થના સ્વીકારે.' નારાયણની આવી વાત સાંભળી બધા મિત્રો પરીક્ષાની તૈયારીમાં લાગી ગયા.

---

**અઘરા શબ્દો**

સંભારવું = યાદ કરવું.

ભેળા = સાથે

→ મુક્તરાજ શીખવે છે કે, શાળામાં શિક્ષક ભણાવે ત્યારે એક ચિત્તે ભણી, ઘરે તેની નોંધ રાખવી.

→ મહેનત વગર ભગવાન કાર્યમાં ભળતા નથી. મહેનત કર્યા પછી ભગવાનને પ્રાર્થના કરવાથી ભગવાન પ્રાર્થના સ્વીકારે છે.

## સ્વાધ્યાય

**પ્રશ્નોના ઉત્તર આપો.**

(૧) શાળામાં શા માટે કોઈ રમતું ન હતું?
(૨) નારાયણ શું કરતા હતા?
(૩) નારાયણ કેમ વાંચતા નહોતા?
(૪) નારાયણનો પરીક્ષામાં દર વખતે પહેલો નંબર કેવી રીતે આવતો હતો?

**ખાલી જગ્યા પૂરો.**

(૧) નારાયણ ——— નું ધ્યાન કરે અને ——— ગાય.
(૨) શિક્ષક જ્યારે ભણાવે ત્યારે બરાબર ——— સમજી લઉં, ઘરે જઈ તેની ——— બનાવું.
(૩) ભગવાનને સંભારી——— વાચું એટલે બધું ——— રહી જાય.

●

# ૧૨ નાના શિક્ષક

એક વખત નારાયણ ઘરમાં બેસી કથા વાંચતા હતા. એમના મિત્રો આવ્યા. નારાયણ કહે, 'આવો.' બધા નારાયણની ફરતે બેસી ગયા. નારાયણ કહે, 'શું વાત છે? આજે બધા એક સાથે?' એક મિત્ર કહે, 'અમે બધા આજે તમારી પાસે શીખવા આવ્યા છીએ.' નારાયણ કહે, 'શું શીખવું છે?' બીજો મિત્ર કહે, 'અંગ્રેજી અને ગણિત. નારાયણ, તમારો પરીક્ષામાં પહેલો નંબર આવે છે. તમે અમને શીખવાડશો?' નારાયણ, કહે, 'શિક્ષકે શાળામાં શીખવાડ્યું તો છે જ ને?' મિત્ર કહે, 'હા, પણ તેઓ જે શીખવાડે છે તે અમને બરાબર નથી સમજાતું. બહુ અઘરી રીતે સમજાવે છે.' ત્યાં બીજો એક મિત્ર કહે, 'મને તો થોડું શું, જરા ય સમજાતું નથી.' એમ કહી તે માથું ખંજવાળવા લાગ્યો. બધા હસી પડ્યા. નારાયણ કહે, 'સારું, ચાલો આજે હું બધાને શીખવું. બધા ધ્યાન રાખી સમજજો.' નારાયણે શીખવાડવાનું શરૂ કર્યું. એટલું સરસ રીતે શીખવાડ્યું કે, મિત્રો બધા એક ચિત્તે સાંભળવા લાગ્યા. નારાયણે એવું સરસ અને પદ્ધતિસર શીખવાડ્યું કે, બધાને તરત સમજાઈ ગયું. મિત્રો કહેવા લાગ્યા, 'આટલા વખતથી શિક્ષક સમજાવતા હતા, પણ આવડ્યું નહીં. આજે નારાયણે સમજાવ્યું તો તરત જ આવડી ગયું અને યાદ પણ રહી ગયું. નારાયણ, તમે અમારા નાના શિક્ષક.' એક મિત્ર કહે, 'નારાયણ, તમને આવું સરસ કેવી રીતે આવડે છે?' નારાયણ

કહે, 'શિક્ષક શીખવાડે ત્યારે એક ચિત્તે સાંભળી લઈ, ઘરે આવી ફરીથી વાંચી લઉં અને શ્રીજીમહારાજને સદાય મારી સાથે રાખું છું. એટલે મને તરત બધું આવડી જાય છે.' બધા મિત્રો નારાયણને ધન્યવાદ આપી પોત-પોતાના ઘરે ગયા.

---

→ શ્રીજીમહારાજના અનાદિમુક્તમાં સમજાવવાની વિશિષ્ટ શક્તિ હોવાથી બધાને તરત સમજાઈ જાય છે.

→ મુક્તરાજ શીખવે છે કે, ભણતી વખતે એકાગ્ર ચિત્ત રાખી ભણવું અને ઘરે આવી તેનું પુનરાવર્તન કરી લેવું.

## સ્વાધ્યાય

**પ્રશ્નોના ઉત્તર આપો.**

(૧) નારાયણ ઘરમાં બેસી શું કરતા હતા?

(૨) બધા મિત્રો નારાયણ પાસે શું શીખવા આવ્યા?

**ખાલી જગ્યા પૂરો.**

(૧) નારાયણ તમે અમારા ———

(૨) શિક્ષક શીખવાડે ત્યારે ——— સાંભળી લઈ, ઘરે આવી ફરીથી ——— લઉં.

●

## ૧૩ અંધશ્રદ્ધા દૂર કરી

પરીક્ષાના દિવસો હતા. નારાયણ અને તેમનો મિત્ર પરીક્ષા આપવા જઈ રહ્યા હતા. મિત્ર ખૂબ ચિંતિત લાગતો હતો. નારાયણે પૂછ્યું, 'કેમ ચિંતામાં લાગે છે?' મિત્ર કહે, 'આજનો વિષય મને અઘરો લાગે છે.' નારાયણ કહે, 'ભગવાનને સંભારી પેપર લખજે એટલે બધું આવડી જશે.' વાત ચાલતી હતી ત્યાં રસ્તામાં એક બિલાડી આડી ઊતરી. મિત્ર એકદમ ગભરાઈ ગયો અને રસ્તામાં જ ઊભો રહી ગયો. નારાયણ કહે, 'શું થયું? પરીક્ષાનો સમય થવા આવ્યો છે. ચાલ નહીં તો મોડા પડીશું.' મિત્ર કહે, 'એક તો આજનો વિષય અઘરો છે, તેમાં બિલાડી આડી ઊતરી.' નારાયણ કહે, 'આ વાતમાં વચમાં બિલાડી ક્યાંથી આવી?' મિત્ર કહે, 'અપશુકન થયા. હવે જરૂર પેપર ખરાબ જશે.' નારાયણ હસવા લાગ્યા કહે, 'આ નાનકડી બિલાડી હવે તારું ભવિષ્ય નક્કી કરશે?' મિત્ર કહે, 'બિલાડી આડી ઊતરે તો અપશુકન થાય. નારાયણ કહે, 'તું આવી અંધશ્રદ્ધામાં કેમ માને છે? તને તારી મહેનત પર વિશ્વાસ નથી?' મિત્ર કહે, 'આજનું પેપર અઘરું છે અને બિલાડી આડી ઊતરી, હવે પેપર સારું નહીં જાય.' નારાયણ કહે, 'અરે... રે! તું આવું બધું કેમ માને છે? બિલાડી તો બિચારી એક જીવ છે. રસ્તામાં આમથી તેમ જાય. તેમાં આપણને શું શુકન-અપશુકન? જો સાંભળ. ભગવાનને યાદ કરી પેપર લખજે. જોજે આજનું પેપર સૌથી સારું જશે. ચાલ

ચાલવા માંડ.' નારાયણે દૃઢ વિશ્વાસથી કહ્યું, એટલે મિત્રમાં હિંમત આવી ગઈ.

અને સાચે જ તેનું પેપર સૌથી સારું ગયું. અપશુકન ન થયા. દર વખતની જેમ નારાયણ પહેલે નંબરે પાસ થયા અને તેમનો મિત્ર બીજે નંબરે પાસ થયો. મિત્ર કહે, 'નારાયણ, તમે સાચું કહેતા હતા. બિલાડી કાંઈ અપશુકન કરતી નથી. હવેથી હું અંધશ્રદ્ધા બિલકુલ નહીં રાખું. તમે મારું અજ્ઞાન ટાળ્યું. હવેથી હું બધી ક્રિયામાં પહેલા ભગવાનને યાદ કરીશ, પછી કામની શરૂઆત કરીશ.' મિત્રને ભગવાનમાં વિશ્વાસ થયો અને તેને અંધશ્રદ્ધામાંથી મુક્ત કર્યાનો સંતોષ નારાયણના ચહેરા પર ઝળકી રહ્યો.

---

→ શ્રીજીમહારાજને દરેક ક્રિયામાં સંભારવાથી તેઓ ક્રિયામાં ભળે, એટલે બધા શુકન જ થાય.

→ ખોટા અંધવિશ્વાસમાં માની જીવનનો કિંમતી સમય વેડફવો નહીં.

## સ્વાધ્યાય

**પ્રશ્નોના ઉત્તર આપો.**

(૧) નારાયણ અને તેમનો મિત્ર ક્યાં જઈ રહ્યા હતા?

(૨) મિત્ર શા માટે ચિંતામાં હતો?

(૩) મિત્ર શા માટે રસ્તામાં ઊભો રહી ગયો?

(૪) બિલાડીના અપશુકન વિશે નારાયણે મિત્રને શું સમજાવ્યું?

**ખાલી જગ્યા પૂરો.**

(૧) રસ્તામાં ——— આડી ઊતરી.

(૨) આ નાનકડી બિલાડી હવે તારું ——— નક્કી કરશે.
(૩) તું આવી ——— માં કેમ માને છે?
(૪) જો સાંભળ ——— ને યાદ કરી પેપર લખજે.

●

# ૧૪ અલૌકિક રમત

એક દિવસ નારાયણના ઘરે તેમના મિત્રો આવ્યા. નારાયણને કહે, 'ચાલો નારાયણ રમવા જઈએ.' થોડું કામ પતાવી નારાયણ મિત્રો સાથે રમવા ગયા. બધા તળાવ કિનારે આવ્યા. એક મિત્ર કહે, 'ચાલો પકડદાવ રમીએ.' બીજો કહે, 'એ તો દરરોજ રમીએ છીએ. આજે કાંઈક નવું રમીએ.' નારાયણ કહે, 'આજે હું એક નવી રમત શીખવાડું?' બધા આનંદમાં આવી ગયા. 'હા-હા નવી રમત - નવી રમત' એમ બોલવા લાગ્યા. નારાયણ કહે, 'આજે ભગવાનનું ધ્યાન કરવાની રમત રમીએ.' મિત્રો કહે, 'એ કેવી રમત? એમાં શું કરવાનું?' નારાયણ કહે, 'આંખો બંધ કરી ભગવાનની મૂર્તિ અંતરમાં જોવાની.' મિત્રો કહે, 'એમાં શું મઝા આવે?' નારાયણ કહે, 'એક વખત ધ્યાન કરતાં આવડી જાય પછી તેમાં જ આનંદ આવે. બીજું કાંઈ ગમે જ નહિ.' મિત્રો કહે, 'એમ? બહુ આનંદ આવે? તો અમને બધાને શીખવાડશો?' નારાયણ કહે, 'જરૂરથી. એ શીખવાડવું મને બહુ ગમશે. પહેલા બધા પલોઠી વાળી બેસી જાવ.' બધા તેમ બેસી ગયા. નારાયણ આગળ બોલ્યા, 'હવે મન શાંત કરો. ભગવાનને યાદ કરવાનો પ્રયત્ન કરો. ભગવાન સિવાય બીજા કોઈ વિચાર કરવાના નહીં.' બધા પ્રયત્નો કરવા લાગ્યા. નારાયણ ધીમા સ્વરે બોલ્યા, 'અંતરમાં ભગવાનની મૂર્તિ જોવાનો પ્રયત્ન કર્યા કરો.' નારાયણના અવાજમાં કોમળતા હતી. બધા તેને

અનુસરવા લાગ્યા. થોડીવાર બધા બેસી રહ્યા. થોડીવારે એક પછી એક બધા ઊઠી ગયા. નારાયણ બેસી રહ્યા. મિત્રોએ તેમને ઉઠાડ્યા. એક મિત્ર કહે, 'મને ભગવાન દેખાયા નહીં.' બીજો કહે, 'મને તો ફક્ત અંધારું-અંધારું દેખાતું હતું.' ત્રીજો કહે, 'હું તો રમવાના વિચારોમાં ખોવાઈ ગયો હતો.' બધાએ નારાયણને પૂછ્યું, 'નારાયણ, તમને શું દેખાતું હતું?' નારાયણ કહે, 'મને ભગવાનની તેજોમય મૂર્તિ દેખાતી હતી. એ મૂર્તિ અતિશય સુંદર છે. એકવાર તેના દર્શન થાય પછી તેને મૂકવાનું મન ન થાય.' એક મિત્રએ પૂછ્યું, 'તો અમને કોઈને કેમ એવાં દર્શન ન થયા?' નારાયણ કહે, 'એના માટે અભ્યાસ કરવો પડે. રોજ થોડીવાર મૂર્તિ સામે બેસવું પડે.' મિત્રએ પૂછ્યું, 'કઈ મૂર્તિ સામે?' નારાયણ કહે, 'ઘનશ્યામ મહારાજ, નીલકંઠવર્ણી, સહજાનંદ સ્વામી જે સ્વરૂપની મૂર્તિ ગમતી હોય તેની સામે બેસવું.' મિત્ર કહે, 'પછી શું કરવાનું?' નારાયણ કહે, 'એ મૂર્તિ સામે શાંત ચિત્તે બેસી તેને યાદ કરવી. રોજે-રોજ થોડી-થોડીવાર એમ કરવાથી મૂર્તિ યાદ રહી જાય.' મિત્ર કહે, 'એને ધ્યાન કહેવાય?' નારાયણ બોલ્યા, 'એ મૂર્તિને આંખો બંધ કરી અંતરમાં ધારવાની.' મિત્ર ફરી બોલ્યા, 'એ ધ્યાન કહેવાય?' નારાયણ હસતા-હસતા બોલ્યા, 'ભાઈ, સાંભળવાની તો ધીરજ રાખ.' મિત્રએ પાછું પૂછ્યું, 'આવું કેટલા દિવસમાં થાય?' બીજો મિત્ર કહે, 'એમાં શું ત્રણ-ચાર દિવસ કરવાનું, એટલે આવડી જાય.' નારાયણ કહે, 'ના. એ તો ધીરે ધીરે પ્રયત્ન કરે ત્યારે કેટલાય વર્ષો પછી પાકું થાય.' મિત્ર કહે, 'વર્ષો પછી! બાપ રે!' નારાયણ કહે, 'એટલે જ મેં કહ્યું નાની

ઉંમરથી પ્રયત્ન કરવા માંડે, તો મોટા થતાં ભગવાનનું સુખ આવે.' મિત્રએ પૂછ્યું, 'નારાયણ, તમને મહારાજની મૂર્તિ કેટલી યાદ રહી છે?' નારાયણ કહે, 'મને તો ભગવાન સદાય તેજોમય દર્શન આપે છે.' મિત્ર કહે, 'એ કેવી રીતે? તમે તો હજુ નાના છો. તમે જ કહો છો આમાં વર્ષો લાગે છે!' નારાયણ કહે, 'ભગવાનની કૃપાથી મને હંમેશાં દિવ્ય તેજોમય દર્શન થાય છે.'

મિત્ર કહે, 'તમને ભગવાનના એવા દર્શન થાય છે, એટલે જ ઘનશ્યામ મહારાજ તમારી સાથે વાતો કરે છે અને અમારી સાથે નથી કરતા.' એક મિત્રએ પૂછ્યું, 'ભગવાન મને એવા દર્શન આપે?' નારાયણ કહે, 'કેમ નહીં? મનમાં ખરો ભાવ હોય અને ત્વરાથી ભગવાનનું ધ્યાન કરીએ તો ભગવાન જરૂરથી દર્શન આપે.' મિત્ર કહે, 'પછી મારી સાથે વાતો કરે?' નારાયણે હા પાડી. મિત્ર કહે, 'મને તેમના ખોળામાં પણ બેસાડે?' નારાયણ કહે, 'હા. બેસાડે પણ ખરા.' મિત્ર કહે, 'અને લાડુ પણ આપે?' બધા ખડખડાટ હસવા લાગ્યા કહે, 'આ તો લાડુ ભગત છે.' નારાયણે હસતા-હસતા કહ્યું, 'હા. લાડુ પણ આપે.' મિત્રો કહે, 'નારાયણ, હવે અમે જરૂરથી ધ્યાન કરવાનો અભ્યાસ કરીશું. તમે અમને શીખવાડજો.' નારાયણ ખુશ થયા અને બોલ્યા, 'જરૂરથી. એ તો મને ખૂબ ગમશે.'

---

→ શ્રીજીમહારાજના અનાદિમુક્તોને સદાય મૂર્તિના સુખનો દિવ્ય આનંદ હોય છે.

→ મુક્તરાજ શીખવે છે કે, ધ્યાનનો અભ્યાસ નાનપણથી જ કરવામાં આવે તો મોટી ઉંમરે કાંઈક પ્રાપ્તી થાય.

→ ધ્યાનની લટક અનાદિમુક્ત પાસેથી શીખી લેવી.

## સ્વાધ્યાય

**પ્રશ્નોના ઉત્તર આપો.**

(૧) નારાયણ અને મિત્રો ક્યાં રમવા ગયા?

(૨) નારાયણે કઈ રમત રમવાનું કહ્યું?

(૩) ધ્યાન કેવી રીતે કરવું?

**ખાલી જગ્યા પૂરો.**

(૧) આજે ——— નું ધ્યાન કરવાની રમત રમીએ.

(૨) ભગવાન સિવાય બીજા કોઈ——— કરવાના નહીં.

(૩) મને ભગવાનની ——— મૂર્તિ દેખાતી હતી.

(૪) મનમાં ખરો ——— હોય અને ——— થી ભગવાનનું ——— કરીએ તો ભગવાન જરૂરથી દર્શન આપે.

●

# ૧૫ માતાની સેવા

નારાયણ દસમાં ધોરણમાં પ્રથમ શ્રેણીમાં પાસ થયા. મિત્રોએ પૂછ્યું, 'નારાયણ, વઢવાણમાં મૅટ્રિક છે નહીં. તમે શું કરશો?' નારાયણ કહે, 'હું મારી માતા સાથે ધ્રાંગધ્રા ભણવા જઈશ.' નારાયણ ધ્રાંગધ્રા આવી ગયા, પરંતુ થોડા વખતમાં માતા શાકુબા બહુ જ માંદા થઈ ગયા. મા કહે, 'નારાયણ, શાળામાં એડ્મિશન લઈ લો, નહીં તો પછી વરસ બગડશે.' નારાયણ કહે, 'મા, આ વર્ષે હું એડ્મિશન નથી લેવાનો.' નારાયણને ખબર પડી ગઈ હતી કે, માતાનો આ અંતિમ મંદવાડ છે. માતા કહે, 'કેમ બેટા?' નારાયણ કહે, 'મા તમે માંદા છો, સાજા થશો પછી એડ્મિશન લઈશ.' શાકુબા કહે, 'હું તો ક્યારેય સાજી થાઉં! પછી તમારું વરસ બગડશે.'

નારાયણ કહે, 'મા-બાપની સેવા આગળ ભણવાનું કાંઈ ગણતરીમાં નથી. વર્ષ બગડશે તો આવતા વર્ષે ભણાશે. માતા-પિતાની સેવા કરવી એ તો ફરજ છે. માંદાની સેવા કરવાથી મહારાજ બહુ રાજી થાય. અને તમારા જેવા પવિત્ર માની સેવા તો મોટા ભાગ્યની વાત કહેવાય!' શાકુબા કહે, 'બેટા, તમારા જેવા મુક્ત પાસે સેવા કરાવવાનું મને ન ગમે. બાપાશ્રીના વચનો મને બરાબર યાદ છે તમે તો જીવોના કલ્યાણ કરવા પધાર્યા છો અને મારી સેવા કરો છો.' નારાયણ કહે, 'તમે તો આખી જિંદગી પવિત્રપણે રહ્યા છો, ભગવાન ભજ્યા છે, નિર્મળ જીવન જીવ્યું છે. તમારી સેવાથી ભગવાન

અતિ રાજી થાય.'

શાકુબા કહે, 'નારાયણ, તમે તો મારી ખૂબ સેવા કરો છો. તમારા જેવી સેવા કરતા તો કોઈને ન આવડે. મારા ધન્ય ભાગ્ય કે ભગવાને મને તમારા જેવો પુત્ર આપ્યો.' બોલતા-બોલતા શાકુબા થાકી ગયા. નારાયણ કહે, 'મા, તમે આરામ કરો.' શાકુબા કહે, 'બેટા, મને મહારાજની વાતો કરોને.' નારાયણે શાકુબાને મહારાજના મહિમાની ખૂબ વાતો કરી. શાકુબાનું મન એકદમ શાંત થઈ ગયું. તેઓ મહારાજના સુખે-સુખિયા થઈ ગયા.

---

→ મુક્તરાજ શીખવે છે કે, માતા-પિતાની સેવા ખંતપૂર્વક પવિત્ર ફરજ સમજી કરવી.

→ સેવા કરવામાં બીજી પ્રવૃત્તિને ગૌણ કરવી.

## સ્વાધ્યાય

**પ્રશ્નોના ઉત્તર આપો.**

(૧) નારાયણે વઢવાણ શા માટે છોડ્યું?

(૨) નારાયણે મૅટ્રિકમાં એડમિશન શા માટે ન લીધું?

**વાક્ય પૂર્તિ કરો.**

(૧) મા-બાપની સેવા આગળ ......... મહારાજ રાજી થાય.

(૨) તમારા જેવી સેવા .......... તમારા જેવો પુત્ર આપ્યો.

# ૧૬ સાચું મનોરંજન

નારાયણ બી.એસસી. કરવા સુરત શહેરમાં આવ્યા. તેમની આર્થિક પરિસ્થિતિ સારી નહીં. શહેરમાં છોકરાઓ જાત-જાતની ફેશનના કપડાં પહેરે. નારાયણ તો સાવ સાદા કપડાં પહેરે અને ધર્મની મર્યાદામાં રહે. મિત્રો ઘણી વખત કહે, 'નારાયણ, તમે ફેશન પ્રમાણેના વસ્ત્રો કેમ નથી પહેરતા?' નારાયણ કહે, 'સાદા વસ્ત્રો મને વધારે ગમે છે. ફેશનવાળા કપડાં પહેરવાની મારી શક્તિ નથી, અને મને તેની રુચિ પણ નથી.' મિત્રો કહે, 'પરંતુ, બધા વચ્ચે તમે જુદા પડી જાવ છો.' નારાયણ કહે, 'હું બાહ્ય ટાપટીપમાં માનતો નથી. માણસનું મન કેવું છે તે અગત્યનું છે. દેખા-દેખી કરી ખોટા ખર્ચા કરવા મને પસંદ નથી. તમારા માતા-પિતાની શક્તિ હોય કે ન હોય, તમે તે જોતા નથી. દેખા-દેખીમાં તેઓ પાસે ખોટા ખર્ચ કરાવો છો.' નારાયણ એવું દૃઢપણે બોલ્યા કે, મિત્રો વધુ ચર્ચા કરી શક્યા નહીં. વિષયાંતર કરવા એક મિત્ર કહે, 'ચાલો પુસ્તકાલયમાંથી નવલકથા લાવીએ. મારી પાસે છે તે મેં વાંચી લીધી છે.' એક મિત્રએ નારાયણને પૂછ્યું, 'નારાયણ, તમે કોઈ દિવસ કેમ નવલકથા નથી વાંચતા?' નારાયણ કહે, 'નવલ' એટલે જેનાથી કાંઈ ન વળે, એવી કથા. એટલે નવલકથા એવું વાંચી સમય અને શક્તિ બગાડવાના.' એક મિત્ર અંગ્રેજીમાં બોલ્યો, 'નારાયણ, એ તો 'નોવેલ' છે.' નારાયણે અંગ્રેજીમાં જ જવાબ આપ્યો. 'Which is not well why to read it.'

બીજો મિત્ર કહે, 'વાહ! નારાયણ, તમે તો સરસ જવાબ આપ્યો.' નારાયણ કહે, 'ફક્ત કહેવા ખાતર નહીં, હું ખરેખર એમ જ માનું છું. જે પુસ્તક જીવન ઘડતરમાં કામ ન આવે તેવું શા માટે વાંચવું?' આનો શું જવાબ આપવો મિત્રોને કાંઈ સૂઝ્યું નહીં.

એકવાર બધા મિત્રો વાતો કરતા હતા. 'કાલે રવિવાર છે. આપણે બધા સિનેમા જોવા જઈએ.' બધા ખુશ થઈ ગયા. કહે, 'હા-હા.' એક મિત્ર મશ્કરીમાં બોલ્યો 'નારાયણ તો સિનેમા-હોલમાં પણ ધ્યાન કરવા માંડશે.' એમ કહી હસવા લાગ્યો. અત્યારે હસવામાં તેનો કોઈએ સાથ ન આપ્યો. એક મિત્ર કહે, 'નારાયણ ખરેખર ભગવાનનું ધ્યાન કરે છે. તારે એવું ન બોલાય.' નારાયણ કહે, 'મને જરાય ખોટું નથી લાગ્યું. તેની વાત સાચી છે. મને સિનેમા જેવા તુચ્છ મનોરંજનમાં જરા પણ રસ નથી.' મિત્ર કહે, 'તમે કેવા મનોરંજનમાં માનો છો?' નારાયણ કહે, 'જે સાત્ત્વિક હોય. મને તો ધ્યાન કરી ભગવાનનાં દર્શન કરવામાં જ સાચું મનોરંજન લાગે છે. એક વખત એ હાથ લાગે પછી બીજા મનોરંજનની આવશ્યકતા રહેતી નથી. જીવ અનેક યોનીમાં ભટકે છે. એ ભટકતો જીવ યુગો પછી મનુષ્ય યોનીમાં આવે છે. મનુષ્યયોની ભગવાનને પામવાનું ઉત્તમ માધ્યમ છે. હું તેને આવા તુચ્છ મનોરંજન દ્વારા વેડફી નાંખવા નથી માંગતો.' મિત્રો કહે, 'નારાયણ, તમારી વાત સાચી છે. અમને એ સુખનો અનુભવ નથી. એટલે આવી વસ્તુઓમાં આનંદ મેળવવા પ્રયત્નો કરતા રહીએ છીએ.' નારાયણ કહે, 'તમે બધા ખુશીથી જઈ શકો છો, પરંતુ

મને એ વિશે કહેશો નહીં. મારે મન તો તે મનોરંજન છે જ નહીં. હું તો ભગવાનના સુખની મસ્તીમાં મસ્ત રહું છું.' નારાયણને હવે કોઈ કાંઈ કહી શક્યું નહીં!

કેટલાક મિત્રોએ નારાયણને ધ્યાન શીખવાડવાનું કહ્યું. એ સૂચન નારાયણે સહર્ષ સ્વીકાર્યું.

---

→ વ્યક્તિનું સાચું વ્યક્તિત્વ તેની અંદર છે. નહીં કે બાહ્ય ટાપટીપમાં.

→ મુક્તરાજ શીખવે છે કે, દેખા-દેખી કરી મા-બાપ પાસે ખોટા ખર્ચા કરાવવા નહીં.

→ મુક્તરાજ આદર્શ વિદ્યાર્થી તરીકેનું વ્યક્તિત્વ દર્શાવે છે.

## સ્વાધ્યાય

**પ્રશ્નોના ઉત્તર આપો.**

(૧) નારાયણે બી.એસસી. માટે ક્યા શહેરમાં એડ્‌મિશન લીધું?

(૨) વસ્ત્રો માટે મિત્રો નારાયણને શું કહેતા? નારાયણ તેમને શો ઉત્તર આપતા?

(૩) નવલકથા અને સિનેમા વિશે નારાયણનું મંતવ્ય દર્શાવો?

(૪) નારાયણના મતે સાચું મનોરંજન શેમાં હતું?

(૫) મિત્રએ નારાયણની શું મશ્કરી કરી?

**ખાલી જગ્યા પૂરો.**

(૧) ——— વસ્ત્રો મને વધારે ગમે છે.

(૨) બધાં વચ્ચે તમે ——— પડી જાવ છો.

(૩) તેનું નામ જ ——— જેમાંથી કાંઈ ન ——— એવી

કથા.

(૪) નારાયણ તો ——— માં પણ ધ્યાન કરશે.

**યોગ્ય ક્રમમાં ગોઠવો.**

(૧) હું નથી ટાપટીપમાં બાહ્ય માનતો. અગત્યનું મન છે તે છે માણસનું કેવું.

(૨) જેનાથી ન કાંઈ એવી એટલે નવલકથા એટલે નવલકથા.

(૩) મનુષ્યયોની માધ્યમ પામવાનું ભગવાનને છે ઉત્તમ.

●

# (૧૭) માનવ ધર્મ

એક વખત નારાયણ અને તેમનો મિત્ર રસ્તા પર જતા હતા. નારાયણ ચાલતા-ચાલતા મિત્રને ભગવાનની વાતો કરે. મિત્ર રસપૂર્વક સાંભળે. એવામાં બાજુના મકાનના ધાબા પરથી એક કિશોરવયનો છોકરો નીચે પડી ગયો. લોકો ભેગા થઈ ગયા. છોકરાના માથામાંથી પુષ્કળ લોહી વહેવા માંડ્યું. લોકો બહુ વાગ્યું-બહુ વાગ્યું એમ વાતો કરતા રહ્યા. નારાયણ અને તેમનો મિત્ર ત્યાં પહોંચ્યા. છોકરો બેભાન થઈ ગયો હતો. નારાયણે તરત છોકરાને ઊંચક્યો. મિત્ર કહે, 'નારાયણ, રહેવા દોને આટલા બધા લોકો ઊભા જ છે ને. કોઈ ક્યાં કાંઈ કરે છે. પછી તમે શા માટે માથાકૂટ કરો છો?' નારાયણ કહે, 'મુસીબતમાં મદદ કરવી તે તો માનવ ધર્મ છે. તારે મારી સાથે આવવું હોય તો આવ.' મિત્ર નારાયણની પાછળ ગયો. રિક્ષા કરી નારાયણ છોકરાને હૉસ્પિટલમાં લઈ ગયા. ડૉક્ટરે ઘા જોયો. બીજા ડૉક્ટરને સારવારની ભલામણ કરી. ડૉક્ટરે નારાયણને પૂછ્યું, 'આ કેવી રીતે બન્યું?' નારાયણ કહે, 'મને કાંઈ ખબર નથી. કદાચ રમતા-રમતા ધાબા પરથી પડી ગયો હશે.' ડૉક્ટરે પૂછ્યું, 'તમે છોકરાના શું સગા છો?' નારાયણ કહે, 'હું કોઈ સગો કે સંબંધી નથી. હું તો આને ઓળખતો પણ નથી. મેં તો ફક્ત માનવ ધર્મ બજાવ્યો છે.' વાત ચાલતી હતી ત્યાં બીજા ડૉક્ટર આવ્યા અને ડૉક્ટરને કહે, 'છોકરાના માથામાંથી લોહી ઘણું વહી ગયું છે. એને લોહીની જરૂર પડશે.

તાત્કાલિક લોહી નહીં મળે તો જીવનું જોખમ થઈ જશે.' નારાયણ કહે, 'મારું લોહી તપાસી જુઓ.' નારાયણનો મિત્ર કહે, 'નારાયણ, હવે હદ થાય છે. છોકરાને હૉસ્પિટલમાં પહોંચાડ્યો. તમારી ફરજ પૂરી થઈ. હવે લોહી આપવાની જરૂર નથી.' નારાયણ કહે, 'થોડું લોહી આપવાથી છોકરાનો જીવ બચી જતો હોય તો હું જરૂરથી તેમ કરીશ.' જોગાનુજોગ નારાયણનું લોહી મેચ થઈ ગયું. નારાયણ છોકરાને લોહી આપી બહાર બેઠા. મિત્ર કહે, 'ચાલ હવે હોસ્ટેલ જઈએ.' નારાયણ કહે, 'છોકરાના માતા-પિતા આવે પછી જઈશું. છોકરાને એકલો ન મૂકાય.' નારાયણના બીજા મિત્રોને ખબર પડતાં તેઓ પણ હૉસ્પિટલમાં પહોંચી ગયા. છોકરાના માતા-પિતા પણ આવી ગયા. નારાયણને બતાવી ડૉક્ટરે માતા-પિતાને કહ્યું, 'આ યુવકે તમારા દીકરાનો જીવ બચાવ્યો છે. એ સમયસર છોકરાને હૉસ્પિટલમાં લઈ આવ્યો. નહીં તો છોકરાને બચાવવો મુશ્કેલ પડત. તેણે આપના દીકરાને લોહી આપી જીવ બચાવ્યો છે.'

છોકરાના માતા-પિતા ગદ્ગદિત થઈ ગયા. નારાયણને કહે, 'અમે તમારો ઉપકાર જીવનભર નહીં ભૂલીએ. તમારે કારણે આજે અમારો પુત્ર બચી ગયો.' નારાયણ કહે, 'એમાં કાંઈ નહીં. મેં તો મારો ધર્મ નિભાવ્યો છે.' માતા-પિતા નારાયણને બક્ષિશરૂપે પૈસા આપવા લાગ્યા. નારાયણ કહે, 'મારે પૈસા નથી જોઈતા, માતાપિતા કહે, 'તમે હોસ્ટેલમાં રહો છો. કામ આવશે. નારાયણ કહે, 'મેં મારી ફરજ બજાવી છે. ફરજ બજાવવાના પૈસા ન લેવાય.' માતા-પિતાએ હાથ જોડી

નારાયણને પ્રણામ કર્યા. નારાયણે તેમની રજા લીધી. મિત્રો કહે, 'વાહ નારાયણ! તમે તો કમાલ કરી.' મિત્રોએ નારાયણના કાર્યને બિરદાવ્યું. નારાયણના મુખ પર એક કિશોરનો જીવ બચાવ્યાનો આત્મસંતોષ ઝળકી રહ્યો હતો.

---

→ મુક્તરાજ શીખવે છે કે મુસીબતના વખતમાં અન્યને મદદ કરવી તે માનવ ધર્મ છે.

→ મુક્તરાજ એ પણ શીખવે છે કે કોઈ પણ જાતના સ્વાર્થ કે બદલાની ભાવના વગર મદદ કરવી.

## સ્વાધ્યાય

### પ્રશ્નોના ઉત્તર આપો.

(૧) નારાયણ મિત્રને શેની વાતો કરતા હતા?

(૨) કિશોર ક્યાંથી પડી ગયો?

(૩) નારાયણે કિશોરને કેવી રીતે મદદ કરી?

(૪) કિશોરના માતા-પિતા નારાયણને શું આપવા માંગતા હતા?

(૫) નારાયણે પૈસા લેવાની શા માટે ના પાડી?

### ખાલી જગ્યા પૂરો.

(૧) મુસીબતમાં મદદ કરવી એ——— છે.

(૨) હું કોઈ ——— કે ——— નથી.

(૩) તાત્કાલિક ——— નહીં મળે તો ———જોખમ થઈ જશે.

(૪) અમે તમારો ઉપકાર ——— નહીં ભૂલીએ.

(૫) ——— બજાવવાના પૈસા ન લેવાય.

# (૧૮) સાદો ને સાત્ત્વિક નાસ્તો

હોસ્ટેલની રૂમમાં નારાયણ બેઠા હતા. બપોરનો સમય હોવાથી નાસ્તો કરતા હતા. નારાયણનો મિત્ર આવ્યો. નારાયણને ખાતાં જોઈ પૂછ્યુ, 'શું ખાવ છો નારાયણ?' નારાયણ કહે, 'મગફળી અને ગોળ.' મિત્ર મોઢું બગાડીને બોલ્યો, 'આને તે કાંઈ નાસ્તો કહેવાય?' નારાયણ કહે, 'કેમ? આમાં શું વાંધો છે?' મિત્ર કહે, 'આમાં તો કાંઈ સ્વાદ ન હોય.' નારાયણે પૂછ્યું, 'તું કેવો નાસ્તો કરે છે?' મિત્ર કહે, 'હોટલમાં નાસ્તો કેવો સ્વાદિષ્ટ મળે છે. હું તો એ ખાઉં છું.' નારાયણ કહે, 'તને જે સ્વાદિષ્ટ લાગે છે, તે કેટલો અશુદ્ધ છે તે તને ખબર છે?' મિત્ર કહે, 'જરા પણ અશુદ્ધ દેખાતો નથી. એકદમ ચોખ્ખો હોય છે.' નારાયણ કહે, 'બહારથી ચોખ્ખો દેખાય, પણ એ અનાજ, ચટણી, પાણી બધું જ અશુદ્ધ હોય. અનાજ જૂનું, સડેલું અને વીણ્યા વગરનું હોય ચટણી વાસી હોય. પાણી ગાળ્યા વગરનું હોય.'

મિત્ર કહે, 'હા નારાયણ, તમારી આ વાત તો સાચી. એ રીતે બધું અશુદ્ધ હોય ખરું !' નારાયણ કહે, 'એવા ખરાબ તેલમાં તળેલા, તીખા, વાસી ખોરાક શરીરને શું પોષણ આપે? તેવા ખોરાક જરા પણ પૌષ્ટિક ન હોય. સીંગ અને ગોળ સાદો નાસ્તો છે અને તે પૌષ્ટિક પણ છે. આવા નાસ્તાથી શરીરમાં તાકાત આવે.' મિત્ર નારાયણને સાંભળી રહ્યો. નારાયણ આગળ કહેવા લાગ્યા. 'એવા સડેલા, વાસી ખોરાક ખાવાથી

તબિયત ખરાબ થાય, ભણતર બગડે, અને સૌથી મહત્ત્વનું, એવા ખોરાક ખાવાથી આપણું મન પણ બગડે.' મિત્ર કહે, 'આમાં મન કેવી રીતે બગડે?' નારાયણ કહે, 'જો સડેલા વાસી ખોરાક અશુદ્ધ હોય. તેમાં રોગના કીટાણુઓ હોય, જેનાથી શરીરમાં રોગ થાય, જેથી મન નબળું પડે. મન નબળું પડે એટલે સારા વિચારો ન આવે. કહેવત છે ને 'અન્ન તેવો ઓડકાર.' એટલે જેવું ખાઈએ તેવા વિચારો આવે. સારું, સાદું, સાત્ત્વિક અને પૌષ્ટિક ખાવાથી સારા, ઉત્તમ અને રચનાત્મક વિચારો આવે. માટે હંમેશાં સાદો, સાત્ત્વિક અને પૌષ્ટિક ખોરાક ખાવો જોઈએ. મિત્ર કહે, 'ખોરાકની અસર મન પર પડે તે તો મને આજે જ ખબર પડી. હવેથી હું પણ બહારનું ખાવાનું ટાળીશ.' નારાયણ ખુશ થયા. મિત્રને સીંગ ને ગોળ ખાવા આપ્યા. મિત્રને તેમાં અનેરો સ્વાદ આવ્યો.

---

**અઘરા શબ્દો**

મગફળી = સીંગ

સાત્ત્વિક = શુદ્ધ, પવિત્ર

→ બહારના સ્વાદિષ્ટ લાગતા ખોરાક ખરેખર અશુદ્ધ અને બિન પૌષ્ટિક હોય છે.

→ મુક્તરાજ શીખવે છે કે, બહારના ખોરાક ખાવાથી શરીર અને મન બન્ને બગડે છે.

## સ્વાધ્યાય

**પ્રશ્નોના ઉત્તર આપો.**

(૧) મિત્ર હોસ્ટેલ પર આવ્યો ત્યારે નારાયણ શું કરતા હતા?

(૨) મિત્રએ શા માટે મોઢું બગાડ્યું?
(૩) સાદા નાસ્તા માટે નારાયણે શું કહ્યું?
(૪) બહારના નાસ્તા કેવા હોય છે. નારાયણના મતે સમજાવો?

**ખાલી જગ્યા પૂરો.**

(૧) એ સ્વાદિષ્ટ નાસ્તો ——— હોય.
(૨) સીંગ અને ગોળ ——— અને——— છે.
(૩) એવા ખોરાક ખાવાથી આપણું ——— પણ બગડે.

**વાક્ય પૂર્તિ કરો.**

(૧) જેવું ખાઈએ તેવા .......... આવે.

# ૧૯ અલૌકિક હથેવાળો

એક દિવસ મુક્તરાજ મનસુખબાપા *ભાઈને મળવા આવ્યા. મુક્તરાજને જોઈ ભાઈ રાજી થયા. તેમને પગે લાગ્યા. મનસુખબાપા કહે, 'ભાઈ, આજે હું તમારી પાસે એક પ્રસ્તાવ લઈને આવ્યો છું.' ભાઈ કહે, 'કેવો પ્રસ્તાવ?' મનસુખબાપા કહે, 'લગ્નનો પ્રસ્તાવ.' ભાઈ કહે, 'બાપા, મારે ગૃહસ્થાશ્રમ કરવાની જરાય મરજી નથી.' મનસુખબાપા કહે, 'ભાઈ, હું તમારી વૈરાગ્ય વૃત્તિ જાણું છું. ભાઈ કહે, 'પણ બાપા, મારે આજીવન બ્રહ્મચર્ય રાખવું છે.' મનસુખબાપા કહે, 'ભાઈ, તમે મહારાજની મરજી તો જાણો જ છો.' ભાઈ કહે, 'મારું મહાવ્રત સચવાય અને મહારાજની મરજી પણ જળવાય તેવું પાત્ર જોઈએ ને?' મનસુખબાપા કહે, 'ભાઈ એવું યોગ્ય પાત્ર જ શોધ્યું છે. તમે તે પાત્રને એક વાર મળી તો જૂઓ.' આમ કહ્યું તેથી ભાઈ કાંઈ ન બોલ્યા.

મનસુખબાપા ભાઈને લઈ ગયા. ઘર જોઈને જ ભાઈને થયું. આમાં ક્યાંથી મેળ બેસશે? મારી આર્થિક પરિસ્થિતિ સાવ દુર્બળ અને આ લોકો આર્થિક રીતે સદ્ધર છે. ભાઈ અને લીલાબહેનની મુલાકાત ગોઠવાઈ. લીલાબહેન અત્યંત સાદા, નિર્મળ અને ભોળા હતા. પ્રથમ નજરમાં જ ભાઈનું આ વિશે ધ્યાન દોરાયું. ભાઈએ લીલાબહેનને કહ્યું, 'તમે ઘણા પૈસાપાત્ર

---

* નારાયણને હવેથી બધા 'ભાઈ' કહીને જ બોલાવતા હતા, એટલે હવેથી આપણે પણ 'ભાઈ' ના નામથી તેમને સંબોધન કરીશું.

છો. ગાડી, બંગલા છે. મારી પરિસ્થિતિ આનાથી સાવ વિપરીત છે. હું એકદમ ગરીબ છું. ઉપરાંત આખું જીવન બ્રહ્મચર્ય પાળી પ્રભુપરાયણ રહેવું તે મારું લક્ષ્ય છે. આપ આવી પરિસ્થિતિમાં રહી શકશો?' લીલાબહેન કહે, 'આપની પાસે એક રોટલો હશે તો આપણે બન્ને અડધો-અડધો ખાઈશું. ગમે તેવી પરિસ્થિતિમાં આપની સાથે આનંદથી રહીશ. હું પણ પ્રભુપરાયણ જીવન વિતાવવું તે મારું લક્ષ્ય બનાવીશ.' આવા સુંદર અને વિનયી જવાબથી ભાઈને ખૂબ સંતોષ થયો. તેમને થયું જીવોના કલ્યાણ કરવા રૂપી જીવનયાત્રામાં આ મુક્તાત્માને જ મારા સાથી બનવા મહારાજે મોકલ્યા છે. ભાઈએ મનસુખબાપાને હા પાડી. અને આ લોકની દૃષ્ટિએ અશક્ય લાગતું સગપણ શક્ય બની ગયું.

---

**અઘરા શબ્દો**

હથેવાળો = લગ્નગ્રંથિથી જોડાવું

મરજી = ઈચ્છા

વિપરિત = ઊંધું

અનુવૃત્તિ = આજ્ઞા

પ્રસ્તાવ = દરખાસ્ત, ઠરાવ

→ શ્રીજીમહારાજે જે સંબંધ નક્કી કર્યો હોય તેમાં આ લોકની સ્થિતિ-સમૃદ્ધિ નડતરરૂપ થતી નથી.

→ ભાઈઓ તેમ જ બહેનો બન્નેને સેવા-સમાગમનો લાભ મળે તેવા આશયથી જ ભાઈએ ગૃહસ્થાશ્રમ સ્વીકાર્યો.

→ ગૃહસ્થાશ્રમ સ્વીકાર્યો હોવા છતાં ભાઈ અને લીલાબહેન બન્નેએ આજીવન બ્રહ્મચર્ય પાળી આદર્શ જીવન

જીવી બતાવ્યું.

## સ્વાધ્યાય

### પ્રશ્નોના ઉત્તર આપો.

(૧) મનસુખબાપા ભાઈ માટે કયો પ્રસ્તાવ લઈને આવ્યા હતા?
(૨) ભાઈએ પ્રસ્તાવ વિશે શું કહ્યું?
(૩) લીલાબહેનનું ઘર જોઈ ભાઈને શો વિચાર આવ્યો?
(૪) ભાઈના પ્રશ્નનો લીલાબહેને શો જવાબ આપ્યો?

### ખાલી જગ્યા પૂરો.

(૧) હું તમારી પાસે ——— લઈને આવ્યો છું.
(૨) બાપા મારે——— કરવાની મરજી નથી.
(૩) મારી ——— પરિસ્થિતિ સાવ ——— છે.
(૪) આપની પાસે એક ——— હશે તો આપણે બન્ને ——— ખાઈશું.

### વાક્ય પૂર્તિ કરો.

(૧) આપની પાસે એક રોટલો........ મારું લક્ષ્ય બનાવીશ.
(૨) જીવોના કલ્યાણ કરવા......... મહારાજે મોકલ્યા છે.

●

# ૨૦ બે સ્વરૂપ

એક વખત ભાઈ ખૂબ માંદા પડી ગયા. બીમારી લાંબી ચાલી. જેથી બી.એસસી.ના છેલ્લા વર્ષમાં એડ્મિશન લઈ ન શક્યા. થોડા વખતે સાજા થયા. હવે આખું વર્ષ શું કરવું? પાટણની એક સ્કૂલમાં ભાઈએ શિક્ષક તરીકેની નોકરી સ્વીકારી લીધી. ભાઈની ભણાવવાની શૈલી ખબૂ જ સરસ હતી. વિદ્યાર્થીઓને ભાઈ ભણાવે તે ખૂબ ગમે. ભાઈ ભણાવતા હોય ત્યારે કોઈ વિદ્યાર્થી જરા પણ અવાજ કરે નહીં. આથી આચાર્ય પણ ભાઈથી ખુશ હતા.

એક દિવસ અચાનક શાળામાં ઈન્સ્પેક્શન કરનાર અધિકારીઓ આવ્યા. ભાઈનો વર્ગ હતો, પરંતુ આચાર્યને કામ હોવાથી ભાઈ તેમની ઑફિસમાં બેઠા હતા. એ જ વખતે શાળામાં નિરીક્ષકો આવ્યા. ભાઈના વર્ગમાં નિરીક્ષણ કરવા ગયા. ભાઈ વિદ્યાર્થીઓને એકદમ પદ્ધતિસર ભણાવતા હતા. વિદ્યાર્થીઓ એક ચિત્તે ભાઈને સાંભળતા હતા. નિરીક્ષકો થોડીવાર ત્યાં ઊભા રહ્યા. ભાઈને કહે, ‘તમારી ભણાવવાની શૈલી અત્યંત સુંદર છે. અમે ખૂબ જ પ્રભાવિત થયા છીએ.’ આમ કહી તેઓ આચાર્યની ઑફિસમાં ગયા. ત્યાં પણ ભાઈને જોઈ આશ્ચર્યચકિત થઈ ગયા. એક નિરીક્ષક ઝડપથી ભાઈના વર્ગમાં ગયા. જોયું તો ભાઈ એ જ રીતે વર્ગ લેતા હતા. તે એ જ ઝડપે પાછા ઑફિસમાં આવ્યા. આશ્ચર્યને લીધે તેનું મોઢું ખુલ્લું રહી ગયું. કાંઈ બોલી શક્યા નહીં. આચાર્ય કહે, ‘ શું

વાત છે? શું થયું?' નિરીક્ષકો આશ્ચર્યથી ભાઈ સામું જોયા કરે. જરા વારે ફક્ત એટલું જ બોલાયું, અશક્ય.... અશક્ય. નિરીક્ષક ખાત્રી કરવા એક વખત પાછા વર્ગમાં ગયા. ત્યાં ભાઈને જોયા. ભાઈ કહે, 'શું વાત છે? કાંઈ કામ છે? કેમ વારંવાર વર્ગમાં આવો છો?' નિરીક્ષક કાંઈ પણ બોલ્યા વગર દોડતા પાછા ઑફિસમાં આવ્યા. સાથી નિરીક્ષકને કહે, 'હજુ પણ એમ જ છે.' હવે આચાર્ય અકળાયા કહે, 'ભાઈ, શું વાત છે? ન કહેવું હોય તો કાંઈ નહીં. આવો હું તમારી ઓળખાણ કરાવું. આ અમારી શાળાના શ્રેષ્ઠ શિક્ષક નારાયણભાઈ છે.' નિરીક્ષક કહે, 'તેઓ જ તો આશ્ચર્યજનક છે.' ભાઈ કાંઈ ન જાણતા હોય તેમ પૂછવા લાગ્યા, 'હું આશ્ચર્યજનક છું? આ શું બોલો છો?'

નિરીક્ષકો ભાઈને પગે લાગવા માંડ્યા. ભાઈ જરા દૂર ખસી ગયા કહે, 'આ શું કરો છો?' આચાર્યને હજી કાંઈ સમજ પડતી નહોતી, નિરીક્ષકોને પૂછવા લાગ્યા, 'તમને શું થયું છે. કહો તો ખરા?' નિરીક્ષકો કહે, 'આ તો બહુ મોટા સંત પુરુષ છે. આવો ચમત્કાર અમે અમારી જિંદગીમાં જોયો નથી!' આચાર્ય કહે, 'કેવો ચમત્કાર? તમે શેની વાત કરો છો?' નિરીક્ષક કહે, 'એ જ કે એક વ્યક્તિ એક સમયે બે જગ્યાએ હોય!' આચાર્ય કહે, 'શું વાત કરો છો?' નિરીક્ષક કહે, 'હા. આ સંત પુરુષ અમે આવ્યા ત્યારે વર્ગમાં ભણાવતા હતા. અને અહીં આવ્યા તો અહીં પણ બેઠા છે.' આચાર્ય કહે, 'તમારી ભૂલ થાતી હશે. ભાઈ તો ક્યારના મારી પાસે બેઠા છે. તેમના વર્ગમાં કોઈ બીજા શિક્ષક હશે.' નિરીક્ષક કહે, 'ના રે ના. મેં

બે વખત ખાત્રી કરી છે. આ ભાઈ જ બન્ને જગ્યાએ હતા.' ભાઈ અજાણતા થઈ કહેવા લાગ્યા, 'એ તો ભગવાને તમને દેખાડ્યું હશે. મને કાંઈ ખબર નથી.' નિરીક્ષકો કહે, 'અમને એમાં ઊંડી ખબર ન પડે. અમે તો તમને બે સ્વરૂપે જોયા છે. આપ સંત પુરુષ છો. તો જ આ શક્ય બને. અમારા આત્માનું કલ્યાણ થાય તેવા આશીર્વાદ આપો.' નિરીક્ષકો ભાઈને પગે લાગ્યા. ભાઈએ પણ તેમને આશીર્વાદ આપી રાજી કર્યા. નિરીક્ષકો જીવનના આ અદ્‌ભુત પ્રસંગને વાગોળતા અને પોતાને ધન્ય માનતા ત્યાંથી વિદાય થયા.

---

**અઘરા શબ્દો**

શૈલી = રીત, પદ્ધતિ

→ શ્રીજીમહારાજના અનાદિમુક્ત માટે મહારાજની મરજીથી બે સંકલ્પ સ્વરૂપ કરવા સામાન્ય વાત છે.

→ મોટા પુરુષ બધા જ ઐશ્વર્ય ચમત્કારનો યશ પરમાત્માને જ આપે છે.

## સ્વાધ્યાય

**પ્રશ્નોના ઉત્તર આપો.**

(૧) બી.એસસી.ના છેલ્લા વર્ષમાં ભાઈને એડ્‌મિશન શા માટે ન મળ્યું?

(૨) ભાઈએ ક્યા ગામમાં અને શેની નોકરી સ્વીકારી?

(૩) નિરીક્ષકોને શા માટે આશ્ચર્ય થયું?

(૪) બે સ્વરૂપો વિશે ભાઈએ શું ખુલાસો આપ્યો?

(૫) નિરીક્ષકોએ ભાઈ પાસે ક્યા આશીર્વાદ માંગ્યા?

**ખાલી જગ્યા પૂરો.**

(૧) તમારી ભણાવવાની ——— અત્યંત સુંદર છે.

(૨) આ અમારી શાળાના ——— શિક્ષક છે.

(૩) આ તો બહુ મોટા ——— છે.

(૪) અમારા ——— નું કલ્યાણ થાય તેવા ——— આપો.

●

# (૨૧) પૈસા કરતાં સિદ્ધાંતો વહાલા

નિત્યક્રમ પ્રમાણે ભાઈ અમદાવાદના મંદિરે દર્શન કરવા ગયા. મંદિરના કારભારી ભાઈ પાસે આવ્યા. ભાઈએ જય સ્વામિનારાયણ કહ્યા. કારભારી કહે, 'ભાઈ એક કામ છે.' ભાઈ કહે, 'કહો.' કારભારી કહે, 'કેલીકો મિલના માલિક છે, તેમના પત્નીને ક્ષય રોગ થયો છે.' ભાઈ કહે, 'તેમાં હું શું કરી શકું? સારા ડૉક્ટરની દવા કરાવે.' કારભારી કહે, 'ભાઈ મને તમારી ખબર છે. તમે મહારાજના મોટા મુક્ત છો. ભાઈ આ કામ બીજા કોઈથી થાય તેમ નથી. તમારે આવવું પડશે.' કારભારીના આગ્રહને વશ થઈ ભાઈ કારભારી સાથે ગયા. ભાઈની પ્રાર્થનાથી બહેનને ક્ષય રોગ મટી ગયો. શેઠ બહુ ખુશ થઈ ગયા. ભાઈને પોતાની મિલમાં ડાઈંગ આસિસ્ટન્ટની નોકરી આપી. પગાર રૂ. ૩૫૦ નક્કી કર્યો. (એ જમાનામાં આટલો પગાર પણ ઘણો સારો કહેવાતો.)

એક દિવસ ભાઈએ જોયું કે, તેમના સિનિયર ઑફિસર ડાઈંગના કલર પસંદ કરતા હતા. આથી ભાઈ ત્યાં ગયા. ભાઈએ કઈ કંપનીના કલર છે તે જોયું. ઑફિસરને કહ્યું, 'સાહેબ, આ કંપનીના કલર ખરીદશો નહીં. મેં કલર તપાસ્યા છે. આ કંપનીના કલર હલકી ગુણવત્તાના છે.' સિનિયર ઑફિસર કહે, 'ભાઈ, તમને એમાં ખબર ન પડે. તમે હજી નવા છો.' ભાઈ કહે, 'નવો છું તો શું થયું? મને ખબર પડે છે. આ કલર બરાબર નથી. આનાથી કપડાંને નુકશાન થશે.'

ઑફિસર થોડો મૂંઝાયો. ભાઈને એક બાજુ લઈ ગયો. ભાઈને કહે, 'ભાઈ, મને પણ ખબર છે કે આ કલર બરાબર નથી. કંપની પોતાના આવા કલર માટે કમિશન આપે છે. હું તમને પણ ભાગ આપીશ. તમે શેઠને આ વિશે વાત કરશો નહીં.' ભાઈને આ ગમ્યું નહીં. કહે, 'સાહેબ, મારે તો એક પણ પૈસો જોઈતો નથી. જેને ત્યાં નોકરી કરીએ તેમનો જ વિશ્વાસઘાત ન કરાય. શેઠ આપણને પૂરો પગાર આપે છે. પછી આમ વધારાના પૈસા શા માટે લેવા? તે પણ આમ ખોટી રીતે? આપણે સંપૂર્ણ નીતિથી નોકરી કરવી જોઈએ.' ઑફિસર કહે, 'આ ક્યાં ચોરી છે? આમાં ક્યાં કાંઈ નુકસાન છે. કાંઈ જોખમ પણ નથી. શેઠને થોડું નુકસાન થશે. તે ભલે થાય. તમારે વધારે પૈસા જોઈતા હશે તો હું આપવા તૈયાર છું.' ભાઈ અકળાઈ ગયા. કહે, 'આ તો મારા સિદ્ધાંતની એકદમ વિરુદ્ધ છે. આ પૈસાને તો હાથ પણ ન લગાડાય. આ પૈસા લેવાનો વિચાર પણ મારાથી ન થાય.' ઑફિસર કહે, 'પ....ણ ભાઈ.' ઑફિસરની વાત સાંભળ્યા વગર જ ભાઈ ત્યાંથી ચાલ્યા ગયા. ભાઈ વિહ્વળ થઈ ગયા હતા. વિચારવા લાગ્યા. આ તો અનીતિ કહેવાય. આવા વાતાવરણમાં મારાથી કામ ન થાય. હું અહીં રહિ નહીં શકું. અને ભાઈએ નિર્ણય લઈ લીધો.' શેઠ પાસે રાજીનામું લઈ પહોંચી ગયા.

શેઠને નવાઈ લાગી. આવા સારા માણસ મિલમાંથી જાય તે તેમને ગમતું નહોતું. ભાઈને કહે, 'તમને શું વાંધો છે? તમારે પગાર વધારે જોઈતો હોય તો આપું.' ભાઈ કહે, 'ના શેઠ. તમે પગાર બરાબર આપો છો, પરંતુ મારા સિદ્ધાંતોનું અહીં પાલન

થઈ શકે તેમ નથી.' શેઠ દિલગીર થઈ ગયા. તેમના પત્નીને ભાઈની પ્રાર્થનાથી સારું થયું હોવાથી ભાઈ પ્રત્યે તેમને આદર હતો. ભાઈને પોતાના પુત્રની જેમ જ માનતા. શેઠે છેલ્લો પ્રયત્ન કરી જોયો. કહે, 'ભાઈ, મારે એક પણ સંતાન નથી. તમે મારા સંતાન બની રહો. આ આખી મિલ તમે સંભાળો.' ભાઈ કહે, 'મારાથી તે નહીં બની શકે.' શેઠ નિરાશ થઈ ગયા. ભાઈ ઑફિસરનું નામ આપ્યા વગર ત્યાંથી ચાલી નીકળ્યા.

---

→ મુક્તરાજ શીખવે છે પૈસા કરતાં જીવનમાં નીતિનાં સિદ્ધાંતો વધુ અગત્યના છે. પૈસાની લાલચમાં અનીતિ ન કરવી.

→ મુક્તરાજ એ પણ શીખવે છે, બીજાની ચુગલી કરવી નહીં.

## સ્વાધ્યાય

**પ્રશ્નોના ઉત્તર આપો.**

(૧) મંદિરના કારભારી ભાઈને ક્યાં લઈ ગયા? શા માટે?

(૨) સિનિયર ઑફિસર કેવા કલર પસંદ કરતા હતા? શા માટે?

(૩) કમિશન બાબત ભાઈએ ઑફિસરને શું કહ્યું?

(૪) શેઠે ભાઈને નોકરી ન છોડવા ક્યા-ક્યા પ્રલોભનો આપ્યા?

(૫) ભાઈએ શા માટે નોકરી છોડી દીધી?

●

# (૨૨) ઇન્ટર્વ્યૂની સાચી રીત

મિલની નોકરી છોડી ભાઈ જતા હતા ત્યાં રસ્તામાં એક શાળા પાસે લાંબી કતાર જોઈ. ઊભા રહી પૂછ્યું તો ખબર પડી કે શિક્ષકની નોકરી માટે ઈન્ટર્વ્યૂ લેવાતા હતા. ભાઈ પણ લાઈનમાં ઊભા રહી ગયા. તેમનો વારો આવ્યો એટલે અંદર ગયા. અંદર ઈન્ટર્વ્યૂ લેનારાઓએ પ્રયોગના કેટલાક સાધનો મૂક્યા હતા. તેઓએ ભાઈને કહ્યું, 'આ સાધનો વાપરી બતાવો.' ભાઈ સાધનો પાસે ગયા. ચીવટથી તેને નિહાળ્યા. ભાઈએ જવાબ આપ્યો, 'આ સાધનો તો ખોટી રીતે ગોઠવેલા છે. કેટલાક અધૂરા છે. બીજા કેટલાક બગડેલા છે.' ઈન્ટર્વ્યૂ લેનારા ખુશ થયા. ભાઈને કહે, 'સાધનો બરાબર નથી તે આપને ખબર પડે છે કે નહીં. અમારે એ જ ચકાસણી કરવી હતી.' ભાઈને નવાઈ લાગી. ભાઈના હાવ-ભાવ જોઈ ઈન્ટર્વ્યૂ લેનારે પૂછ્યું, 'કાંઈ કહેવું છે?' ભાઈ કહે, 'હા. આ જવાબમાં તમને મારા જ્ઞાન વિષે શું જાણકારી મળી?' ઈન્ટર્વ્યૂ લેનાર કહે, 'તમને સાધનોની જાણકારી છે તેની ખબર પડી.' ભાઈ કહે, 'હું આ વિષયથી ગ્રેજ્યુએટ થયો છું. મને સાધનોનું જ્ઞાન હોય જ. તેમાં મારા જ્ઞાનની ચકાસણી ક્યાં થઈ?' ઈન્ટર્વ્યૂ લેનારા એક-બીજા સામે જોવા લાગ્યા. ભાઈ આગળ બોલ્યા, 'સાધનોનો ઉપયોગ કરી કોઈ પ્રયોગ કરવાનું કહેવું જોઈએ. કૅમિકલના સંયોજન વગેરે પ્રયોગો કરવાનું કહેવું જોઈએ. મારા વિષયને લગતા પ્રશ્નો પૂછવા જોઈએ. ત્યારે જ મારી

બુદ્ધિમત્તાની આપને જાણ થાય. ખોટાને ખોટું કહ્યું તેમાં જ્ઞાનની ખરી પરીક્ષા કેવી રીતે થાય?

હું નોકરી મેળવું તો વિદ્યાર્થીને કેવી રીતે સમજાવીશ એ વિષેના પ્રશ્નો હોવા જોઈએ. ઈન્ટર્વ્યૂની એ જ સાચી રીત છે.' આમ કહેવાથી કદાચ પોતાને નોકરી ન પણ મળે. ભાઈએ આવું કાંઈ વિચાર્યું નહીં અને નીડરપણે પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

ઈન્ટર્વ્યૂ લેનાર સ્તબ્ધ થઈ ગયા. ભાઈને કહે, 'તમે સાચું કહો છો. ઈન્ટર્વ્યૂની એ જ સાચી રીત છે. તમે આત્મવિશ્વાસથી વાત કરી છે. એના પરથી જ ખ્યાલ આવે છે કે આપને વિષયનું પૂરતું જ્ઞાન છે. અમે આ નોકરી તમને આપીએ છીએ. આ જગ્યા માટે તમે જ લાયક છો. તમારાથી શ્રેષ્ઠ બીજું હોઈ શકે નહીં. જેણે અમારી ભૂલ બતાવી અને અમને ઈન્ટર્વ્યૂ લેતા શીખવ્યું.'

---

**અઘરા શબ્દો**

બુદ્ધિમત્તા = બુદ્ધિમાન હોવાપણું

→ યોગ્ય અને સાચું મંતવ્ય વ્યક્ત કરવા કોઈનાથી ગભરાવું નહીં.

## સ્વાધ્યાય

**પ્રશ્નોના ઉત્તર આપો**

(૧) ઈન્ટર્વ્યૂ લેનારાઓએ સાધનો કેવી રીતે મૂક્યા હતા?

(૨) ઈન્ટર્વ્યૂની સાચી રીત કઈ છે?

**ખાલી જગ્યા પૂરો.**

(૧) આ સાધનો ——— રીતે ગોઠવેલા છે.

(૨) મારા વિષયને લગતા ——— પૂછવા જોઈએ.

(૩) ખોટાને ——— કહ્યું તેમાં ——— ની ખરી પરીક્ષા કેવી રીતે થાય?

(૪) આપને વિષયનું ——— જ્ઞાન છે.

(૫) તમારાથી ——— કોઈ હોઈ શકે નહીં.

**વાક્ય પૂર્તિ કરો.**

(૧) હું નોકરી મેળવું ............. ઈન્ટર્વ્યૂની એ જ સાચી રીત છે.

(૨) તમારાથી શ્રેષ્ઠ બીજું .......... ઈન્ટર્વ્યૂ લેતાં શીખવ્યું.

# (૨૩) માતાજીને દર્શન

શાળામાં પ્રવાસનું આયોજન થયું. નક્કી થયું કે, આ વર્ષે પાવાગઢ જઈશું. ભાઈને વાત કરી. ભાઈ કહે, 'તમે બધા જઈ આવો. મને બહુ નહીં ફાવે.' શિક્ષકો અને વિદ્યાર્થીઓએ ખૂબ આગ્રહ કર્યો. બધાનો પ્રેમ જોઈ ભાઈ કહે, 'ભલે. આપણે બધા જઈશું.' બધા ખુશ થઈ ગયા. પ્રવાસ ઉપડ્યો. બસ સવારમાં પાવાગઢ પહોંચી ગઈ. વિદ્યાર્થીઓ આનંદમાં હતા. બધા પર્વત ચડવાની ઉતાવળમાં હતા. એકબીજાને કહેવા લાગ્યા, 'હું સૌથી પહેલા ચડી જઈશ.' ભાઈ કહે, 'ભગવાનનું નામ લઈ સૌએ ચડવાની શરૂઆત કરવાની છે.' બધાએ ભગવાનને યાદ કર્યા અને ચડવા લાગ્યા. સૌથી છેલ્લા મંદિરના પગથિયા આવ્યા. ભાઈ એક ઝાડ નીચે બેસી ગયા.

સાથેના શિક્ષક કહે, 'ભાઈ હવે તો થોડાંક દાદરા જ રહ્યા છે. ચડી જવાશે.' ભાઈ કહે, 'તમે બધા દર્શન કરી આવો. હું અહીં જ બેઠો છું.' શિક્ષકોએ ઘણું કહ્યું, પણ ભાઈએ ના પાડી. ધીરે ધીરે શિક્ષકો મંદિરના પગથિયા ચડવા લાગ્યા. શિક્ષક અને વિદ્યાર્થીઓને એક સ્ત્રી દાદરા ઉતરતી દેખાઈ. તેણે સફેદ વસ્ત્રો પહેર્યાં હતાં. તેનું સ્વરૂપ સુંદર અને સૌમ્ય હતું. બધા તેને જોઈ રહ્યા. સ્ત્રી દાદરા ઉતરી ભાઈ પાસે આવી. શિક્ષક અને વિદ્યાર્થી દાદરા ચડતા અટકી ગયા. સ્ત્રી ભાઈ પાસે શા માટે ગઈ? સ્ત્રી ભાઈને પગે લાગી. ભાઈને કહે, 'તમે અત્યંત તેજસ્વી, મહાન આત્મા છો. આપનામાં પરમાત્માના

અદ્‌ભુત સામર્થ્યના મને દર્શન થાય છે. આપના જેવા દિવ્ય પુરુષના મેં ક્યારેય દર્શન નથી કર્યા. તમે મહાન છો. મારું કલ્યાણ થાય તેવા આશીર્વાદ આપો. મારો મોક્ષ કરો.' ભાઈએ તેને આશીર્વાદ આપ્યા. અને કહ્યું, 'માતાજી! આપનું કાર્ય હજુ બાકી છે. તે પૂરું થતાં પૂર્ણ પુરુષોત્તમ પરમાત્મા આપનો મોક્ષ કરશે.' તે અત્યંત રાજી થઈ. ભાઈને ફરી પાછા વંદન કર્યા અને અદૃશ્ય થઈ ગઈ. બધા દોડતા ભાઈ પાસે આવ્યા. ભાઈને પૂછવા લાગ્યા, 'કોણ હતી એ! અમને તો એમ કે કોઈક સ્ત્રી આપને પગે લાગે છે. આશીર્વાદ માંગે છે. આ તો અદૃશ્ય થઈ ગયા.' ભાઈ કહે, 'એ પાવાગઢના માતાજી મહાકાળી હતા. અહીં દર્શન કરવા આવ્યા હતા. ભગવાનના આશીર્વાદ લઈ અદૃશ્ય થઈ ગયા.'

એક વિદ્યાર્થીએ પૂછ્યું, 'આ તો કેટલા સુંદર હતા! મંદિરમાં તો આવું સુંદર સ્વરૂપ નથી.' ભાઈ કહે, 'મંદિરમાં ભલે ગમે તેવું સ્વરૂપ હોય, ખરેખર માતાજી આવું સૌમ્ય અને સુંદર સ્વરૂપ ધરાવે છે.' એક શિક્ષક કહે, 'ભાઈ, અમે માતાજીના દર્શન કરવા ગયા અને માતાજી આપના દર્શન કરવા અહીં નીચે સુધી આવ્યા!' ભાઈ કહે, 'સ્વામિનારાયણ ભગવાનના આશીર્વાદ લેવા તો દરેક દેવી-દેવતાઓ આવે.' વિદ્યાર્થીઓ કહે, 'પણ તેઓ તો આપની પાસે આવ્યા હતા.' ભાઈ કહે, 'હા. હું સ્વામિનારાયણ ભગવાનનો દૃઢ આશ્રિત છું. મારી સાથે ભગવાન સદાય હોય છે. એટલે તેઓ આવ્યા હતા. મેં તેમને ભગવાન સંભારી આશીર્વાદ આપ્યા.' બધા વાત સાંભળી દિગ્મૂઢ બની ગયા. વિચારવા લાગ્યા. ઓ હો! ભાઈ કેવા મહાન છે!! દેવી-દેવતાઓ પણ તેમના દર્શન કરવા આવે છે!

આપણા મોટા ભાગ્ય કે, આપણને ભાઈ સાથે રહેવા મળે છે. બધાએ ભાઈને ગદ્‌ગદ ભાવે વંદન કર્યા.

---

**અઘરા શબ્દો**

દિગ્મૂઢ = ચકિત, છક, સ્તબ્ધ

દાદરા = પગથિયા

→ અનાદિમુક્તનું સામર્થ્ય જોઈ દેવી-દેવતાઓ પણ પોતાના કલ્યાણના આશીર્વાદ લેવા આવે છે.

→ અનાદિમુક્તના આશીર્વાદ ભગવાનના આશીર્વાદ જેવું જ કામ કરે છે. કારણ કે અનાદિમુક્ત દ્વારા આશીર્વાદ આપનાર ભગવાન પોતે છે.

## સ્વાધ્યાય

**પ્રશ્નોના ઉત્તર આપો.**

(૧) શાળાનો પ્રવાસ ક્યાં ગયો હતો?

(૨) મંદિરના દાદરા ચડતા શિક્ષક અને વિદ્યાર્થીઓએ શું જોયું?

(૩) બધા ભાઈને શું પૂછવા લાગ્યા? ભાઈએ શો ઉત્તર આપ્યો?

**ખાલી જગ્યા પૂરો.**

(૧) તમે અત્યંત ——— મહાન આત્મા છો.

(૨) આપનામાં અદ્‌ભુત ——— મને દર્શન થાય છે.

(૩) આવા ——— પુરુષના મેં ક્યારેય ——— કર્યા નથી.

(૪) મારું ——— થાય તેવા આશીર્વાદ આપો. મારો———કરો.

(૫) એ પાવાગઢના ——— હતા.

# (૨૪) જીવનમંત્ર

એક વખત એક શિક્ષક ગેરહાજર હતા. ભાઈ તેમનો વર્ગ લેવા ગયા. વર્ગમાં વિદ્યાર્થીઓ અવાજ કરતા હતા. ભાઈને જોઈ બધા શાંત થઈ ગયા. ભાઈ કહે, 'આજે તમારા શિક્ષક નથી આવ્યા. તેમની બદલે આજે હું તમને ભણાવીશ.' એક વિદ્યાર્થી ઊભો થયો. ભાઈને કહે, 'સાહેબ, આજે અમારે ભણવાની ઈચ્છા નથી.' ભાઈ કહે, 'તો શું કરવું છે?' 'બીજું ગમે તે, પણ ભણવું નથી. આ એક પિરિયડ તમે અમને ન ભણાવો એવું ન થાય?' ભાઈ કહે, 'કેમ નહીં. તમારું મન નથી તો આજે આપણે સારી-સારી વાતો કરીશું બરાબર.' બધા એકી સાથે, 'હા બરાબર.' બોલી ઊઠ્યા. ભાઈ કહે, 'અવાજ નહીં કરવાનો, તો જ વાતો કરીશું. બીજા વર્ગના બાળકોને ખલેલ ન પડવી જોઈએ.' બધા વિદ્યાર્થીઓ કહે, 'અમે જરા પણ અવાજ નહીં કરીએ.'

એક વિદ્યાર્થી કહે, 'સાહેબ, તમે અમને વાત કહો.' ભાઈ કહે, 'આજે બધાને થોડી આધ્યાત્મિક વાતો કરું?' બધાએ હા પાડી. ભાઈ કહે, 'હું જે પૂછું તેનો હાથ ઊંચો કરી બધા જવાબ આપે.' ભાઈએ પૂછ્યું. 'દરરોજ ભગવાનની પૂજા કોણ-કોણ કરે છે?' થોડા વિદ્યાર્થીઓએ હાથ ઉપર કર્યા. ભાઈ કહે, 'સરસ બાકીના કેમ નથી કરતા?' એક વિદ્યાર્થી કહે, 'મને પૂજા કરતાં નથી આવડતું.' બીજો કહે, 'મારી પાસે તો ટાઈમ જ નથી હોતો.' ત્રીજો કહે, 'પૂજા કરવામાં કેટલો બધો

સમય બગડે. મારા પિતાજી એક કલાક સુધી પૂજા કરે છે. મને કંટાળો આવે. એટલે હું તો પૂજામાં બેસતો નથી.'

ભાઈ કહે, 'સમય નથી, નથી આવડતું અને કલાકો બગડે. આ બધા બહાના છે. આજે હું તમને સરળમાં સરળ રસ્તો બતાવીશ. સવારે નાહીને ભગવાનના દર્શન કરવા. શિક્ષાપત્રીના અથવા અન્ય ધાર્મિક ગ્રંથના પાંચ શ્લોકો વાંચવાના. અને ભગવાનના નામની પાંચ માળા ફેરવવાની. આટલું કરવામાં દસ મિનિટ લાગે.' વિદ્યાર્થી કહે, 'દસ જ મિનિટ?' ભાઈ કહે, 'હા. ફક્ત દસ મિનિટ.' વિદ્યાર્થી કહે, 'દસ મિનિટ તો હું રોજ પૂજા કરી શકું. એટલો તો સમય હોય જ.' ભાઈ કહે, 'તમારી આ વાત મને ગમી. હવેથી બધા રોજ પૂજા કરજો. દરેક ક્રિયા કરતા પહેલાં ભગવાનને યાદ કરવા, પછી ક્રિયા કરવી. આથી એ ક્રિયામાં ભગવાન ભળે. પછી ક્રિયા સરસ રીતે થાય. કાર્ય કરવામાં આનંદ આવે ને કાર્ય શોભી ઊઠે.' બાળકો કહે, 'એ કેવી રીતે બને?' ભાઈ કહે, 'સાવ સરળ છે. પાણી પીતા પહેલાં ભગવાનને યાદ કરવા, જમતી વખતે યાદ કરવા, અભ્યાસ શરૂ કરીએ ત્યારે યાદ કરવા, પરીક્ષામાં પેપર લખતાં પહેલાં પણ યાદ કરવા. એટલે પેપર લખવામાં ભગવાન પોતે ભળે અને સારા માર્કસથી પાસ થવાય.' વિદ્યાર્થીઓ કહે, 'આમ કરીએ તો - તો બધો સમય ભગવાન પાછળ જ જાય, પછી કાર્ય કેવી રીતે થાય?' ભાઈ કહે, 'લાંબો સમય નથી કરવાનું.' બાળકો કહે, 'તમે કહો છો ને દસ મિનિટ કરવાનું.' એક વિદ્યાર્થી કહે, 'પરીક્ષામાં દસ મિનિટ બગાડીએ તો પેપર અધૂરું રહી જાય.' ભાઈ કહે, 'એમ

નહીં. સવારની પૂજા દસ મિનિટ કરવાની છે. પછી તો દરેક ક્રિયા કરતાં પહેલાં ચારથી પાંચ સેકન્ડ જ ભગવાનને સંભારવાના છે.' બાળકોને હાશકારો થયો. કહે, 'ચારથી પાંચ સેકન્ડ જ બ.... સ? આ તો સાવ સરળ કહેવાય.' ભાઈ કહે, 'ભગવાનને કહેવું પ્રભુજી, તમે આ ક્રિયામાં મારી સાથે રહેજો. એટલે એ કામમાં ભગવાન સાથે રહે. અને કામમાં કંટાળો ન આવે. કામ મુશ્કેલ ન લાગે. કામમાં આનંદ આવે. બોલો આટલું કરશો ને?' બધા બાળકો એકી અવાજે બોલ્યા, 'હા સાહેબ. આ તો એકદમ સરળ છે. પાંચ સેકન્ડ જ ભગવાનને યાદ કરવાના. તમે તો એકદમ સરળ કરી આપ્યું.' એક વિદ્યાર્થી કહે, 'હું તો સમજતો હતો ભગવાન ભજવામાં બહુ સમય જાય. એટલે જ ભગવાન ભજતો ન હતો. સાહેબ, તમે તો એકદમ સરળ રીત બતાવી છે.' ભાઈ કહે, 'આખી જિંદગી આ યાદ રાખવાનું છે. બોલો રાખશો ને?' બાળકો આનંદમાં હતા. એકી અવાજે બોલી ઊઠ્યા, 'આ તો સાવ સરળ. અમે બધા ચોક્કસ યાદ રાખીશું.'

ભાઈએ વાતની વાતમાં બાળકોને જીવનમંત્ર આપી દીધો. જે તેમને આધ્યાત્મિક રસ્તે જવામાં મદદરૂપ બનવાનો હતો.

---

→ ભાઈ શીખવાડે છે કે, દરેક ક્રિયામાં ભગવાનને સાથે રાખવા.

→ દરેક ક્રિયામાં ભગવાનને યાદ કરવાથી ભગવાન સંભારવાનો અભ્યાસ પડે.

→ નાનપણથી જ ભગવાનને સાથે રાખવાનું ભાઈ શીખવાડે છે, જેથી મોટા થતા તે એક કલ્યાણકારી ટેવમાં પરિણમે.

## સ્વાધ્યાય

**પ્રશ્નોના ઉત્તર આપો.**

(૧) ભાઈએ બાળકોને કેટલો સમય પૂજા કરવાનું કહ્યું?
(૨) બાળકોએ પૂજા ન કરવા ક્યા કારણો આપ્યા?
(૩) ભાઈએ બાળકોને ક્યો જીવનમંત્ર આપ્યો?
(૪) દરેક ક્રિયા કરતા પહેલાં ભગવાનને કેટલી વાર સંભારવાનું ભાઈએ કહ્યું?

**ખાલી જગ્યા પૂરો.**

(૧) ——— નથી, નથી આવડતું અને કલાકો બગડે. આ બધા ——— છે.
(૨) ——— મિનિટ તો હું રોજ પૂજા કરી શકું.
(૩) દરેક ક્રિયા કરતા પહેલાં ——— ને સંભારવા.
(૪) ——— સેકન્ડ જ ભગવાનને સંભારવા.
(૫) ભગવાનને કહેવું———તમે આ ક્રિયામાં———સાથે રહેજો.
(૬) ભાઈએ વાતની વાતમાં બાળકોને ——— આપી દીધો.

●

# ૨૫ દયાળુ શિક્ષક

શાળામાં રિસેસનો સમય હતો. બાળકો મેદાનમાં રમતા હતા. એવામાં એક છોકરાને પગમાં કાચ વાગી ગયો. લોહી નીકળવા લાગ્યું. છોકરાને સ્ટાફ રૂમમાં લઈ આવ્યા. ચપરાસી છોકરાને દવા લગાવી આપતો હતો. ભાઈની નજર ત્યાં પડી. ભાઈ કહે, ‘શું થયું? શું વાગ્યું આને?’ ચપરાસી કહે, ‘સાહેબ, એ તો છોકરાને વાગી ગયું છે. હું દવા લગાડી આપું છું.’ ભાઈ છોકરા પાસે આવ્યા. તેને લોહી નીકળતું હતું. ભાઈ કહે, ‘આને તો પાટો બાંધવો પડશે. લાવ હું પાટો બાંધી આપું.’ ભાઈએ છોકરાને પૂછ્યું, ‘આટલું બધું શું વાગી ગયું?’ છોકરો કહે, ‘સાહેબ કાચ વાગી ગયો.’ ભાઈ કહે, ‘કાચ ક્યાંથી આવ્યો?’ છોકરો કહે, ‘ખબર નહીં સાહેબ. કોઈની બાટલી ફૂટી ગઈ હશે.’

ભાઈએ ચપરાસીને કહ્યું, ‘બધા કાચ વાળી લો. નહીં તો બીજાને વાગી જશે.’ ભાઈએ છોકરાને પૂછ્યું, ‘તને કાચ કેવી રીતે વાગી ગયો? ચંપલ નહોતા પહેર્યાં?’ છોકરો કાંઈ બોલ્યા વગર નીચું જોઈ ગયો. ભાઈએ ફરી પૂછ્યું, ‘શું થયું? જવાબ આપ.’ છોકરો કહે, ‘સાહેબ, મારી પાસે ચંપલ નથી. અમે બહુ ગરીબ છીએ. મને ભણવું બહુ ગમે છે. એટલે માતા-પિતા માંડ-માંડ ભણાવે છે, અમારી પાસે ચંપલ લેવાના પૈસા ન હોય.’ છોકરાની સાથે ભાઈ પણ જાણે દિલગીર થઈ ગયા. તેમને થયું નાનપણથી જ બાળકોને કેવી-કેવી મુશ્કેલીઓ

જોવી પડે છે! ભાઈએ ચપરાસીને બોલાવ્યો. અને કહ્યું, 'લ્યો આ પૈસા અને છોકરાને ચંપલ લાવી આપો.' ચપરાસી કહે, 'જરૂરથી. સાહેબ, તમે બહુ સારું કામ કર્યું. આ છોકરો ભણવામાં ખૂબ હોશિયાર છે. પણ તેના માતા-પિતા બહુ જ ગરીબ છે.' છોકરો કહે, 'સાહેબ, તમારો ખૂબ આભાર, પણ મારે ચંપલ નથી જોઈતા. મારી પાસે તમને પાછા આપવા માટે પૈસા ન હોય.'

ભાઈ કહે, 'મારે પૈસા પાછા નથી જોઈતા.' છોકરો કહે, તો પછી મારે ચંપલ જોઈતા જ નથી. મારી માતાએ શીખવાડ્યું છે કે, કોઈ પાસે કંઈ માંગવું નહીં.' ભાઈ કહે, 'તારી વાતથી હું ખૂબ ખુશ થયો છું. તારી માતાએ તને ખૂબ સારા સંસ્કાર આપ્યા છે. તું ક્યાં માંગે છે? આ તો હું તને પ્રેમથી આપું છું. તે માગ્યું ન કહેવાય.' છોકરો ઉદાસ થઈ ગયો. ભાઈ કહે, 'શું થયું? કાંઈ કહેવું છે?' છોકરો કહેવામાં સંકોચ અનુભવતો હતો. ભાઈ કહે, 'નિઃસંકોચ તું મને કહે. હું તારું દુઃખ બરાબર સમજી શકું છું.' છોકરો કહે, 'સાહેબ, તમે મદદ જ કરવા માંગતા હો તો મારી પરીક્ષાની ફી આપો. હું એ નહીં ભરું તો મારું વરસ બગડશે. પછી મારા પિતા મને આગળ ભણાવશે નહીં. મારે ચંપલ નથી જોઈતા. તમે મારી ફી આપો.' ભાઈને છોકરા માટે ગર્વ થયો. છોકરાને ભણવાની કેટલી ગરજ છે! ભાઈ કહે, 'હું તને ચંપલ પણ આપીશ અને તારી ફીના પૈસા પણ આપીશ.' છોકરો ભાવુક થઈ ગયો. ભાઈના ચરણોમાં ઝૂકી ગયો. કહે, 'સાહેબ, હું ખૂબ ખંતપૂર્વક અભ્યાસ કરીશ. આપે મારું વરસ નહીં પણ જિંદગી બચાવી લીધી છે.' ભાઈ

કહે, 'કોઈ વખત મદદની જરૂર હોય તો જરૂરથી આવજે.' છોકરો ગળગળો થઈ ગયો. ફરીથી ભાઈને પગે લાગી પોતાના વર્ગમાં ગયો.

બીજા શિક્ષકો આ બધું જોતા હતા. ભાઈ પાસે આવીને કહે, 'સાહેબ, આપણા શિક્ષકોની આવક જ મહિને રૂ. ૮૦ છે. તેમાં આપણું માંડ પૂરું થાય છે, ત્યાં આને ક્યાં મદદ કરી.' ભાઈ કહે, 'આવી પરિસ્થિતિમાંથી હું પસાર થઈ ચૂક્યો છું. મને ખબર છે. ભણવું હોય અને પૈસા ન હોય ત્યારે બહુ મૂંઝવણ થાય.' શિક્ષક કહે, 'આપણી પાસે પણ ક્યાં વધારાના પૈસા છે?' ભાઈ કહે, 'આપણાથી શક્ય હોય તેટલી મદદ કરી શકાય. આપણે એકાદ મહિનો કરકસર કરવી પડે એટલું જ. આવી રીતે જરૂરિયાતવાળાને મદદ કરવાથી ભગવાન પણ રાજી થાય છે. આશીર્વાદ આપે છે.' શિક્ષક કહે, 'આવું તો તમારાથી જ થઈ શકે. ટૂંકી આવકમાં પણ બીજાને મદદ કરવી.' ભાઈ કહે, 'તે તેજસ્વી વિદ્યાર્થી છે. તેને ભણતરની કિંમત છે. તે લાયક છે માટે જ મેં તેની મદદ કરી છે.' શિક્ષક કહે, 'તમારા જેવું દયાળુ બધાથી ન થવાય. તમને ધન્ય છે.'

---

→ 'કોઈને દુ:ખીયો રે દેખી ન ખમાય.' ભાઈનો દયાળુ સ્વભાવ અહીં પ્રદર્શિત થાય છે.

→ યોગ્ય વ્યક્તિને આપણાથી બનતી મદદ હંમેશાં કરવી જોઈએ.

## સ્વાધ્યાય

**પ્રશ્નોના ઉત્તર આપો.**

(૧) છોકરાને શું વાગ્યું? શા માટે વાગ્યું?

(૨) છોકરાએ ચંપલની શા માટે ના પાડી?
(૩) ચંપલની સાથે ભાઈએ બીજી શેની મદદ કરી?
(૪) બીજા શિક્ષકે ભાઈને શું કહ્યું?
(૫) મદદ કરવા માટે ભાઈએ શું કારણ આપ્યું?

**ખાલી જગ્યા પૂરો.**

(૧) મારી પાસે ——— નથી અમે બહુ ——— છીએ.
(૨) મારી ——— ની ફી આપો.
(૩) આપણા શિક્ષકોની આવક જ મહિને ——— છે.
(૪) આવી રીતે જરૂરિયાતવાળાને ——— કરવાથી ——— રાજી થાય છે.

**યોગ્ય ક્રમમાં ગોઠવો.**

(૧) છે કોઈ મારી કંઈ માતાએ પાસે શીખવાડ્યું નહીં માંગવું કે.
(૨) અને ભણવું ન હોય બહુ પૈસા હોય મૂંઝવણ થાય ત્યારે.
(૩) થાય પણ આવી. જરૂરિયાતવાળાને ભગવાન રીતે મદદ છે રાજી કરવાથી.
(૪) તમને દયાળુ જેવું છે. તમારા ધન્ય ન થવાય બધાથી.

# ૨૬ શિક્ષા કરતાં પ્રેમ અધિક

એક વખત ભાઈ શાળાની લોબીમાં ઊભા હતા. એક શિક્ષક એક છોકરાને ફૂટપટ્ટીથી મારતા હતા. ભાઈથી આ ન જોવાયું. શિક્ષક પાસે ગયા. શિક્ષકને કહ્યું, 'કેમ આને મારો છો?' શિક્ષક કહે, 'સાહેબ, આ બહુ મસ્તીખોર છોકરો છે,' ભાઈ કહે, 'છોકરા તો મસ્તી કરે, તેમાં મારવાનું ન હોય.' શિક્ષક કહે, 'આ સામાન્ય છોકરો નથી. દરરોજ નવા-નવા તોફાન કર્યા કરે છે. બે-ચાર દિવસે મારા હાથનો માર ખાય છે, છતાં સુધરતો નથી.' ભાઈએ છોકરા તરફ જોયું. છોકરો કહે, 'હવે તમે પણ મને મારશો? બધા મને મારીને પછી જ મારી સાથે વાત કરે છે.' ભાઈ કહે, 'હું તને નહીં મારું. તું મારી વાત સાંભળીશ?' છોકરો કહે, 'તમે મને નહીં મારો? હું તમારી વાત માનીશ.'

ભાઈ કહે, 'તું શાળામાં શા માટે આવે છે?' છોકરો કહે, 'ભણવા.' ભાઈ કહે, 'ભણવાના સમયમાં ભણવાનું અને રમવાના સમયમાં રમવાનું. આવું કરે તો બન્ને કાર્ય સરસ થાય.' છોકરો કહે, 'મને વર્ગમાં કાંઈ સમજાતું નથી. એટલે ભણવાનો કંટાળો આવે છે.' ભાઈ કહે, 'તું ભણવાના સમયમાં રમવાના વિચારો કરે છે. ભણવામાં ધ્યાન નથી આપતો. એટલે નથી આવડતું. તું મસ્તી કરવા નવા-નવા નુસ્ખા શોધે છે ને?' છોકરો કહે, 'હા.' ભાઈ કહે, 'એ બધા માટે વિચારવું તો પડે છે ને? મસ્તી કરવા જેમ મગજ ચલાવે છે, તેમ ભણવાનું

શીખવા મગજ ચલાવે તો બધું આવડે. શિક્ષક ભણાવે ત્યારે ધ્યાન ભણવામાં રાખવાનું. બીજા વિચારો નહીં કરવાના. જો બરાબર ધ્યાન રાખીશ તો ભણવાનું આવડી જશે. ન સમજાય તો શિક્ષકને પૂછી લેવાનું.' છોકરો કહે, 'તો પછી બધાની જેમ મારા પણ સારા માર્ક્સ આવશે?' ભાઈ કહે, 'કેમ નહીં? જો તું બરાબર મહેનત કરીશ તો જરૂરથી આવશે. તારા માતા પિતા પૈસા ખર્ચી તને શાળામાં મોકલે છે. તું પરીક્ષામાં સારા માર્ક્સ ન લાવે તો તેઓને કેટલું બધું દુઃખ થાય! તું પણ જીવનમાં આગળ ન વધી શકે. સારું ભણે તો જીવનમાં સફળતા મળે બરાબરને!' છોકરો કહે, 'સાહેબ, આજે મને માર્યા વગર તમે સરસ રીતે સમજાવ્યું. મને બહુ ગમ્યું. તમારી જેમ શાંતિથી મને કોઈ સમજાવતું નહોતું. બધા મને મસ્તીખોર કહી મારતા જ હતા. સાહેબ, હવેથી હું ભણવામાં પૂરતું ધ્યાન આપીશ.'

છોકરો પોતાના વર્ગમાં ગયો. ભાઈએ શિક્ષકને કહ્યું, 'આવી રીતે બાળકોને મરાય નહીં. તેમના માનસ પર ખોટી અસર પડે. શિક્ષક કહે, 'સાહેબ, આ તો બહુ તોફાની છે. કેટલીયે વાર માર ખાધો, પણ સુધરતો નથી.' ભાઈ કહે, 'તમે જ કબૂલ કરો છો કે ઘણીવાર માર્યો, એનો અર્થ એમ કે, મારવાથી છોકરાઓ સુધરતા નથી. છોકરાઓને તો પ્રેમથી સમજાવવા જોઈએ. તેઓ નાના છોડ જેવા હોય છે. જેમ વાળીએ તેમ વળે. બહુ મારીએ તો જક્કી થઈ જાય. પછી વધુ તોફાન કરે. અવળે રસ્તે પણ ચડી જાય. મારવું એ સમસ્યાનું નિરાકરણ નથી. બાળકોને મુશ્કેલી ક્યાં છે તે સમજવું જોઈએ. ત્યાર પછી તેમને પ્રેમથી સમજાવીએ તો જરૂરથી સમજી જાય.' શિક્ષક કહે, 'સાહેબ, 'આજે તમે મારી પણ

ભૂલ સુધારી. હું તમારો ઋણી છું. હવેથી હું પણ બાળકોને મારીશ નહીં. પ્રેમથી સમજાવવા પ્રયત્ન કરીશ.'

---

→ ભાઈ શિખવાડે છે કે, ભણવાના સમયે એકાગ્ર ચિત્તે ભણવું ને રમવાના સમયે રમવું.

→ વ્યક્તિના દોષને કાઢવા, પ્રેમ અને સમજાવટ અમોઘ શસ્ત્રો છે.

## સ્વાધ્યાય

**પ્રશ્નોના ઉત્તર આપો.**

(૧) શિક્ષક છોકરાને શા માટે મારતા હતા? શેનાથી મારતા હતા?

(૨) ભાઈએ છોકરાને કેવી રીતે સમજાવ્યો?

(૩) ભાઈએ શિક્ષકની કઈ ભૂલ બતાવી?

**ખાલી જગ્યા પૂરો.**

(૧) છોકરા તો ——— કરે, તેમાં ——— ન હોય.

(૨) મને વર્ગમાં કાંઈ ——— નથી.

(૩) સારું ભણે તો જીવનમાં ——— મળે.

(૪) બહુ મારીએ તો ——— થઈ જાય.

**વાક્ય પૂર્તિ કરો.**

(૧) તું પરીક્ષામાં સારા માર્ક્સ ન લાવે.............. જીવનમાં સફળતા મળે.

(૨) છોકરાઓને પ્રેમથી ............... વધુ તોફાન કરે.

(૩) આજે તમે મારી પણ ............... ઋણી છું.

●

# ૨૭ બાળકોને નિર્ભય બનાવ્યા

શાળામાંથી એક વખત પ્રવાસ નીકળ્યો. બસમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ ભાઈની પાસે બેઠા. ભાઈને કહે, 'અમને ભગવાનની સરસ વાતો કહો.' ભાઈ  કહે, 'તમે બધા કંટાળી નહીં જાવને?' એક વિદ્યાર્થી કહે, 'ના રે ના. તમારી વાતો સાંભળવાની અમને ખૂબ મઝા આવે છે.' એક શિક્ષક કહે, 'ભાઈ, તમારી વાત કહેવાની શૈલી ખૂબ જ સુંદર છે બાળકો એમાં રસ તરબોળ થઈ જાય છે.' બીજા શિક્ષક કહે, 'બાળકો જ નહીં. અમે પણ વાતો સાંભળવામાં તલ્લીન થઈ જઈએ છીએ.'

ભાઈએ ગમ્મત સાથે જ્ઞાન મળે તેવી સુંદર બોધ કથાઓ બધાને સંભળાવી. પ્રવાસમાં બધા ખૂબ રમ્યા, જમ્યા અને આનંદ કર્યો. આખો દિવસ ગમ્મતમાં પસાર થઈ ગયો. રાત પડી. બે શિક્ષક ભાઈ પાસે આવ્યા અને કહે, 'ભાઈ, રાતવાસો કરવાની ક્યાંય જગ્યા મળતી નથી. એક પણ લોજમાં, કે ધર્મશાળામાં જગ્યા નથી.' ભાઈ વિચારમાં પડી ગયા. શિક્ષક કહે, 'બધા બાળકોને રાત્રે સુવડાવવા તો પડે જ. ઓઢવા-પાથરવાનું તો આપણી પાસે છે, પણ સુવાડવા ક્યાં એ જ પ્રશ્ન છે.'  ભાઈ કહે, 'તમારી વાત સાચી છે. બાળકો ખૂબ થાકી પણ ગયા છે.' ભાઈ આજુબાજુ જોવા લાગ્યા. મનમાં એક વિચાર ઝબકી ગયો. શિક્ષકોને કહે, 'બધા બાળકોને લઈ ચાલો બાજુના કબ્રસ્તાનમાં.' શિક્ષકો ચોંકી ગયા કહે, 'ભાઈ

તમે શું કહો છો? કબ્રસ્તાનમાં!!' ભાઈ કહે, 'બરાબર કહું છું. આનાથી વધુ સારી જગ્યા અત્યારે બીજી કોઈ નહીં મળે.' શિક્ષકો વિચારતા ઊભા રહી ગયા.

ભાઈ વિદ્યાર્થીઓ પાસે પહોંચી ગયા. કહે, 'ચાલો સૂવાની વ્યવસ્થા થઈ ગઈ છે.' બાળકોને હાશ થઈ. ભાઈ કહે, 'બધા બાજુના કબ્રસ્તાનમાં પથારી પાથરી સૂઈ જાવ.' વિદ્યાર્થીઓ ત્યાં જ અટકી ગયા. કહે, 'કબ્રસ્તાનમાં સૂવાનું? ત્યાં તો બહુ બીક લાગે.' ભાઈ કહે, 'અત્યારે બીજે વ્યવસ્થા થાય તેમ નથી. સવારે બસમાં મેં શું વાતો કરી હતી?' એક વિદ્યાર્થી બોલ્યો, 'મુસીબતોનો સામનો હિંમતથી કરવો.' ભાઈ કહે, 'બરાબર.' બીજો કહે, 'સમસ્યાથી ગભરાવું નહીં, નીડર બનવું.' ભાઈ ખુશ થયા. ત્રીજો કહે, 'મુશ્કેલીમાં ભગવાન સંભારીએ તો ભગવાન જરૂરથી સહાય કરે.' એટલામાં એક વિદ્યાર્થી મોટેથી બોલ્યો, 'હિંમતે મર્દા તો મદદે ખુદા.' બધા હસી પડ્યા. ભાઈ કહે, 'વાહ! તમે બધા બરાબર બોલ્યા. અને હું પણ એ જ કહું છું. જેમ આ બધા મૃત્યુ બાદ અહીં સૂતા છે, તેમ આપણે પણ આજનો દિવસ સૂઈ જઈએ. ભગવાનને યાદ કરીએ. એટલે ભગવાન જરૂરથી સહાય કરે. ભગવાન કોઈને કાંઈ થવા નહીં દે. જેને મારી વાતમાં વિશ્વાસ હોય અને ભગવાનમાં શ્રદ્ધા હોય તે સૂઈ જાય.' વિદ્યાર્થીઓને ભાઈમાં અતૂટ વિશ્વાસ હતો. બધા ફટાફટ પથારી પાથરી સૂઈ ગયા.

વિદ્યાર્થીઓ વાતો કરે: 'સાહેબ કહે છે એટલે આપણને કાંઈ નહીં થાય.' ઉનાળાની ગરમીના દિવસો, એટલે ખુલ્લી હવાની ઠંડકને લઈને થોડી જ વારમાં બધા નિદ્રાધીન થઈ ગયા. બીજા શિક્ષકોને નવાઈ લાગી. ભાઈને કહે, 'ભાઈ, આપે તો કમાલ

કરી. વાતની વાતમાં બાળકોનો ભય કાઢી નાંખ્યો. બધાને નીડર બનાવી દીધા.' ભાઈ કહે, 'બાળપણથી જ જો બાળકોમાં નીડરતા અને હિંમત હોય તો તેમનો સર્વાંગી વિકાસ થાય. બાળકોને ક્યારેય ડરાવવા નહીં. તેમને નાહિંમત કરવા નહીં. તો જ બાળકોમાં રહેલી શક્તિઓનો પૂર્ણરૂપે વિકાસ થાય.'

---

**અઘરા શબ્દો**

રાતવાસો = રાત્રિ રોકાણ

પૂર્ણરૂપે = પૂરી રીતે

લોજ = રહેવા, ખાવાની સગવડ આપતું સ્થાન

→ અહીં ભાઈ બાળકોને નીડર અને હિંમતવાન બનતા શીખવે છે.

→ ગમે તેવી અશુભ જગ્યામાં પણ શ્રદ્ધાપૂર્વક ભગવાનનું નામ સ્મરણ કરવાથી તે જગ્યા શુભ અને પવિત્ર બને છે.

## સ્વાધ્યાય

**પ્રશ્નોના ઉત્તર આપો.**

(૧) બસમાં બધાએ ભાઈને શેની વાતો કરવાનું કહ્યું?

(૨) શિક્ષકોએ રાત્રે ભાઈ પાસે આવી શું કહ્યું?

(૩) રાતવાસાની સમસ્યા ભાઈએ કઈ રીતે ઉકેલી?

(૪) ભાઈએ બાળકોને કઈ વાતો યાદ કરાવી?

**વાક્ય પૂર્તિ કરો.**

(૧) જેમ આ બધા.......... ભગવાન સહાય કરે.

(૨) જેની મારી વાતમાં........... સૂઈ જાય.

(૩) બાળપણથી  જ બાળકોમાં......... પૂર્ણરૂપે વિકાસ થાય.

# ૨૮ વિદ્યાદાન

વર્ગમાં ભાઈ હાજરી લઈ રહ્યા હતા. બે-ત્રણ દિવસથી સોળ નંબર ગેરહાજર હતો. તેની બાજુમાં બેસતા વિદ્યાર્થીને ભાઈએ પછ્યું, 'તારો મિત્ર કેમ આવતો નથી?' છોકરો કહે, 'સાહેબ, તેની મા બીમાર છે, એટલે નથી આવતો.' ભાઈએ પૂછ્યું, 'કેમ! ઘરમાં બીજું કોઈ નથી?' વિદ્યાર્થી કહે, 'ના. તેઓ બન્ને જણાં જ ઘરમાં રહે છે.' ભાઈ કહે, 'શાળા છૂટ્યા પછી તું મને તેના ઘરે લઈ જઈશ?' વિદ્યાર્થીએ હા પાડી.

સાંજે ભાઈ છોકરાના ઘરે ગયા. છોકરો માતાની સેવા કરતો હતો. આ જોઈ ભાઈને આનંદ થયો. ભાઈને જોઈ છોકરો એકદમ ઊભો થઈ ગયો. કહે, 'સાહેબ, તમે! મારા ઘરે!!' ભાઈ કહે, 'તું સ્કૂલે આવતો નહોતો, મને થયું ખબર કાઢી આવું. આ ભગવાનની પ્રસાદીની ચરણરજ છે. થોડીક પાણીમાં બોળી તારા બાને પીવડાવજે. ભગવાન તેમને જરૂરથી સારું કરી આપશે.' છોકરાની મા કહે, 'સાહેબ, તમે સમય કાઢી ઘર સુધી આવ્યા. મારા માટે પ્રસાદીની ચરણરજ પણ લાવ્યા. આપનો ખૂબ-ખૂબ આભાર. અમારા ગરીબના ઘરે કોઈ આવતું નથી. મારો દીકરો તમારી ઘણી વાતો કરે છે. તમે બહુ મોટા પુરુષ છો, દયાળુ છો. મને આશીર્વાદ આપો હું જલદી સાજી થઈ જાઉં. મારા સિવાય મારા દીકરાનું કોઈ નથી.' ભાઈ કહે, 'ભગવાનની ચરણરજનું પાણી પીજો. હું ભગવાનને પ્રાર્થના કરીશ. ભગવાન તમને જરૂરથી સારું કરી આપશે.' ભાઈએ

છોકરાને કહ્યું, 'તું બહુ સુંદર કામ કરે છે. માતા-પિતાની સેવા દરેકે કરવી જોઈએ. તેમની સેવા કરવાથી ભગવાન આશીર્વાદ વરસાવે છે.'

છોકરો કહે, 'પણ સાહેબ, મારું ભણવાનું બગડે છે. શાળામાં મારી ગેરહાજરી રહે છે.' ભાઈ કહે, તું તેની ચિંતા ન કરતો. હું આચાર્ય સાહેબને વાત કરીશ તેઓ તારી રજા મંજૂર રાખશે. ભણવાની પણ ચિંતા ન કરતો. જેટલું ભણવાનું બગડશે. તે પછી હું તને ભણાવી દઈશ.' છોકરાની મા કહે, 'ના-ના સાહેબ, એ તો જાતે ભણી લેશે.' ભાઈ કહે, 'પણ શાળામાં શીખ્યા વગર કઈ રીતે આવડે?' છોકરાની મા કહે, 'એ તો ગમે-તેમ ભણી લેશે.' ભાઈ કહે, 'પરંતુ વધારાના સમયમાં હું તેને ભણાવું તો આપને શો વાંધો છે?' છોકરાની મા કહે, 'વધારાના સમયમાં એટલે બીજા વધારાના પૈસા આપવાના. હું પારકા ઘરના કામ કરી ગુજરાન ચલાવું છું. દીકરાની ફી જ માંડ-માંડ ભરું છું. ટ્યુશનના પૈસા તો કઈ રીતે આપી શકું? ના સાહેબ, એ તો હોશિયાર છે. ગમે-તેમ ભણી લેશે.' ભાઈ કહે, 'તમે આ શું કહો છો? તમારો દીકરો હોશિયાર છે. ભણવામાં તે પાછળ રહી ન જાય. પરીક્ષામાં તેના સારા માર્ક્સ આવે માટે જ હું તેની મદદ કરવા માગું છું અને હું ક્યાં પૈસા માગું છું? હું તો પૈસા વગર તેને ભણાવીશ.' છોકરાની માને આશ્ચર્ય થયું કહે, 'શું કહો છો સાહેબ! તમે પૈસા લીધા વગર મારા દીકરાને ભણાવશો!!' ભાઈ કહે, 'ચોક્કસ શાળા છૂટ્યા પછી થોડો સમય ભણાવીશ.'

છોકરાની માને હજુ વિશ્વાસ આવતો નહોતો એટલે ફરી

કહેવા લાગી. 'પણ વધારાના પૈસા તો.....' ભાઈ કહે, 'બહેન, હું એક પણ પૈસો માંગતો નથી. અત્યારે તેનું ભણવાનું બગડે છે. જ્યારે તે શાળામાં આવશે, ત્યારે દરરોજ તેને બેસાડીશ. થોડા દિવસ બેસશે તો બધું આવડી જશે.' છોકરાની માની આંખોમાં આંસુ આવી ગયા. કહે, 'સાહેબ, તમારો સમય બગડશે.' ભાઈ કહે, 'હું તો શિક્ષક છું. કોઈને ભણાવવામાં મારો સમય બગડતો નથી. વિદ્યાદાન તો બહુ મોટું પુણ્ય કહેવાય!' છોકરાની મા રડી પડી. કહે, 'સાહેબ, તમારા જેવા બધા શિક્ષક હોય તો કેવું સારું. અમારા જેવાના ગરીબ છોકરાઓ પૂરું ભણી શકે. નહીં તો આમ રજા પડે ને નપાસ થાય. પછી ભણવાનું છૂટી જાય.'

ભાઈ કહે, 'તમારો દીકરો હોશિયાર છે. તેને ભણાવજો. છોકરાની મા કહે, 'સાહેબ, હું એના માટે જ આટલી બધી મહેનત કરું છું. તમારા જેવા સાહેબ છે એટલે હવે મને તેની ચિંતા નથી. બીજા શિક્ષકો તો બસ પૈસાના જ લાલચુ હોય છે. સાહેબ, હું તમારો આ ઉપકાર ક્યારેય નહીં ભૂલું!' ભાઈ કહે, 'હું કોઈ ઉપકાર કરતો નથી. આ તો મારું કર્તવ્ય છે. જે હું બજાવું છું.' ભાઈ છોકરાને કહે, 'તારા મા સાજા થાય પછી શાળાએ આવજે.' છોકરો ગદ્ગદભાવ સાથે ભાઈના પગમાં પડી ગયો. ભાઈએ જવાની રજા લીધી. મા-દીકરો બન્ને અહોભાવથી ભાઈને જતા જોઈ રહ્યા!

---

**અઘરા શબ્દો**

કર્તવ્ય = ફરજ

→ માતા-પિતાની સેવા આગળ બીજું બધું ગૌણ છે.

→ ભાઈ શીખવે છે કે, પોતાનું કર્તવ્ય બજાવવામાં પૂરી ઈમાનદારી રાખવી. પૈસાની લાલચ કરવી નહીં.

## સ્વાધ્યાય

### પ્રશ્નોના ઉત્તર આપો.

(૧) વિદ્યાર્થી શાળામાં શા માટે ગેરહાજર હતો?

(૨) ભાઈ વિદ્યાર્થીના ઘરે ગયા ત્યારે છોકરો શું કરતો હતો?

(૩) ભાઈએ છોકરાને શું આપ્યું?

(૪) ભાઈએ વિદ્યાર્થીને ક્યા સમયે ભણાવવાનું કહ્યું?

(૫) વધારાના સમયનું ભણવાનું જાણી છોકરાની માતા શા માટે આશ્ચર્યમાં પડી ગઈ?

### ખાલી જગ્યા પૂરો.

(૧) છોકરો તેની માતાની——— કરતો હતો.

(૨) આ ભગવાનની પ્રસાદીની ——— છે.

(૩) ——— ની સેવા દરેકે કરવી જોઈએ.

(૪) હું ક્યાં ——— માગું છું.

### સંદર્ભ સહિત સમજાવો.

(૧) તમે સમય કાઢી આવ્યા. પ્રસાદીની ચરણરજ પણ લાવ્યા. આપનો ખૂબ-ખૂબ આભાર.

(૨) હું ક્યાં પૈસા માગું છું. હું પૈસા લીધા વગર જ વધારાના સમયમાં ભણાવીશ.

●

# ૨૯ નીતિવાન

એક વખત રીસેસના સમયે ભાઈ ઑફિસમાં એક શિક્ષક સાથે બેઠા હતા. ત્યાં તે શિક્ષકે ચપરાસીને બોલાવ્યો અને પોતાના માટે કંઈક વસ્તુ બજારમાંથી લાવવાનું કહ્યું. ચપરાસીએ ભાઈ પાસે આવી કહ્યું, 'સાહેબ, હું બજારમાં જાઉં છું તો આપને કંઈ મંગાવવું છે?' ભાઈએ કહ્યું, 'રિસેસનો સમય છે અને તમે આ સાહેબ માટે જાવ છો એટલે કહું છું..... આ પૈસા લ્યો.' ચપરાસી કહે, 'શું લાવવાનું છે?' ભાઈ કહે, 'બે કવર અને થોડી ટાંકણી.' આવું સાંભળી એક શિક્ષક કહે, 'અરે! ભાઈ કબાટમાં ઘણા કવર પડ્યા છે અને ટાંકણી તો આ રહી.' ભાઈ કહે, 'મને એની ખબર છે.' શિક્ષક કહે, 'તો બીજા વધારે કેમ મંગાવ્યા? અને તમારા પૈસા શા માટે આપો છો?' ભાઈ કહે, 'મારે અંગત કામ છે.'

શિક્ષક કહે, 'એમાં બહારથી કવર શા માટે મંગાવો છો? કબાટમાંથી લઈ લ્યો.' ચપરાસી કહે, 'સાહેબ તો કાયમ મારી પાસે મંગાવે છે.' ભાઈ કહે, 'શાળાનું કામ નથી. મારું અંગત કામ છે. મારા કામ માટે હું શાળાની વસ્તુઓ ન વાપરી શકું.' શિક્ષક કહે, 'એમાં શું? આપણે અહીં કામ કરીએ છીએ. એવી નાની વસ્તુ વાપરીએ તેમાં ક્યાં કાંઈ બગડી જાય છે?' ભાઈ કહે, 'અહીં કામ કરીએ તેથી શું? આપણને અંગત કામ માટે શાળાની વસ્તુ વાપરવાનો અધિકાર નથી મળી જતો.' શિક્ષક કહે, 'આમાં ક્યાં ખોટી રીતે અધિકાર ભોગવ્યાની વાત આવી? એકાદ કવર કે

ટાંકણી વાપરીએ એમાં શાળાને શું નુકસાન થવાનું છે?' ભાઈ કહે, 'હું તેમાં માનતો નથી. મારી નીતિમત્તાના સિદ્ધાંતમાં એ વાત ન આવે. કાગળ, કવર તો શું હું તો શાળામાં હોઉં ત્યારે અંગત કામ માટે શાળાની પેન-પેન્સીલ પણ નથી વાપરતો. શાળામાં તો આપણા ઉપયોગની ઘણી વસ્તુઓ હોય. આપણે આપણા અંગત ઉપયોગ માટે તે ન વપરાય. વાપરવા માંડીએ તો શાળાને નુકસાન થયા વગર ન રહે.

હું તો માનું છું કે, જ્યાં કામ કરતા હોઈએ ત્યાં પૂરી નીતિથી કાર્ય કરવું. નીતિ એટલે ફક્ત બરોબર ભણાવવું એટલું જ નહીં. દરેક વાતમાં નીતિમત્તા જળવાવી જોઈએ. આપણા વર્તન દ્વારા પણ વિદ્યાર્થીને શીખવી શકીએ. વાણી અને વર્તન સરખા હોય તો જ વિદ્યાર્થી પર તેની અસર થાય. આપણો આદર્શ તેઓ પોતાના જીવનમાં ઉતારે. ભવિષ્યમાં નીતિવાન ને ચારિત્ર્યવાન વિદ્યાર્થીઓ બહાર આવે.' શિક્ષક કહે, 'નીતિમત્તાની આટલી ઝીણી વાત તો તમારી પાસેથી જ શીખવા મળે. ભાઈ તમે એક આદર્શ શિક્ષક છો.'

---

**અઘરા શબ્દો**

અંગત = પોતાનું

આદર્શ = સૌથી ઊંચું લક્ષ્ય

ચપરાશી = પટાવાળો

→ ભાઈ શીખવે છે કે, જ્યાં કામ કરતા હોઈએ, ત્યાં પૂર્ણ નીતિમત્તાથી કામ કરવું.

→ વાણી અને વર્તન સમાન હોય તો જ વ્યક્તિ પર તેની

અસર થાય.

## સ્વાધ્યાય

**પ્રશ્નોના ઉત્તર આપો.**

(૧) ભાઈએ ચપરાસી પાસે શું મંગાવ્યું? શા માટે?

(૨) બહારથી વસ્તુ મંગાવવા વિશે શિક્ષકે ભાઈને શું કહ્યું?

(૩) ભાઈ શા માટે શાળાની વસ્તુ નહોતા વાપરતા?

(૪) નીતિમત્તા માટે ભાઈએ શું કહ્યું?

**ખાલી જગ્યા પૂરો.**

(૧) મારે ——— કામ છે.

(૨) શાળાની ——— વાપરવાનો ——— નથી મળી જતો.

(૩) શાળામાં હોઉં ત્યારે અંગત કામ માટે શાળાની ——— પણ નથી વાપરતો.

**વાક્ય પૂર્તિ કરો.**

(૧) વાણી અને વર્તન સરખા હોય ............ વિદ્યાર્થીઓ બહાર આવે.

●

# (૩૦) કુટેવ સુધારી

કન્યા શાળામાં ભાઈ પ્રિન્સિપાલ હતા. શાળાની દરેક વિદ્યાર્થિની ભાઈને આદર્શ ગુરુના રૂપમાં જુએ. ભાઈ પણ દરેક વિદ્યાર્થિની પર પિતૃતુલ્ય વાત્સલ્ય વરસાવે અને સાચી સમજણ આપે. એક વખત એક વિદ્યાર્થિનીના વાલી ફરિયાદ લઈને આવ્યા. ભાઈને કહે, 'મારી પુત્રીના થેલામાંથી કોઈ વસ્તુઓ ચોરી જાય છે.' ભાઈને આશ્ચર્ય થયું. કહે, 'એમ! આ શાળામાં પહેલાં ક્યારેય આવું બન્યું નથી. હું તપાસ કરાવીશ.' એકાદ દિવસ થયો ત્યાં એક વિદ્યાર્થિની ભાઈ પાસે આવી કહેવા લાગી, 'સાહેબ, મારો કંપાસ ચોરાઈ ગયો. કોઈએ દફતરમાંથી કાઢી લીધો.' એટલામાં બીજી છોકરી આવી કહે, 'સાહેબ, કાલે મારી પેન્સિલ ચોરાઈ ગઈ હતી.' ભાઈને નવાઈ લાગી કહે, 'ચાલો મારી સાથે. તમે કયા વર્ગમાં અભ્યાસ કરો છો?' છોકરીઓ ભાઈને પોતાના વર્ગમાં લઈ ગઈ ભાઈએ તપાસ કરી. જાણવા મળ્યું. ઘણી વિદ્યાર્થિનીઓની નાની-મોટી વસ્તુઓની ચોરી થઈ હતી. કોઈની પેન્સિલ, કોઈનું રબ્બર, કોઈનો કંપાસ, તો કોઈની ચોપડી. ભાઈ કહે, 'આ તો બહુ ખરાબ કહેવાય. આવી રીતે કોણ ચોરી જતું હશે?' ભાઈએ બે-ત્રણ સારી વિદ્યાર્થિનીઓને નજર રાખવા કહ્યું અને શિક્ષકોને પણ તપાસ કરવા જણાવ્યું. બીજે જ દિવસે ચોરી કરનાર વિદ્યાર્થિની ઝડપાઈ ગઈ. તેને ભાઈ પાસે લાવ્યા. ભાઈએ તેને ખુરશી પર બેસાડી, પાણી આપ્યું. પછી

કહ્યું, 'બેટા! તને ખબર છે. ચોરી કરવી એ બહુ ખોટું કામ છે.' વિદ્યાર્થિની રડવા લાગી. કહે, 'સાહેબ, મને ખબર છે. ચોરી કરવી એ સારી વાત નથી.' ભાઈ કહે, 'તો પછી શા માટે તું બધાની વસ્તુ લઈ લે છે?' બાળકી કહે, 'મારાથી રહેવાતું જ નથી. મને ખરાબ ટેવ પડી ગઈ છે. હું ટેવને વશ થઈ ચોરી કરી બેસું છું. કોઈની વસ્તુ મને ગમી જાય તો તે લઈ લઉં છું.' ભાઈએ વિચાર્યું ખરાબ કામ છે તેની આને ખબર છે, છતાં તે કરે છે. આને જુદી રીતે સમજાવવું પડશે. વઢવાથી કામ નહીં થાય. ભાઈએ તેને પ્રેમથી પૂછ્યું, 'તું ભગવાનને માને છે?' બાળકી કહે, 'હા. ભગવાનમાં મને બહુ શ્રદ્ધા છે.' ભાઈ કહે, 'સરસ. હવે જ્યારે ચોરી કરવાનું મન થાય, ત્યારે સ્વામિનારાયણ - સ્વામિનારાયણ એમ બોલવા માંડજે. એટલે તારી ખરાબ ટેવ છૂટી જશે.' છોકરી રાજી થઈ કહે, 'પછી વર્ગમાં બધા મારી સાથે વાત કરશે? મારી સાથે રમશે પણ ખરા?' ભાઈ કહે, 'ચોક્કસ. તું ચોરી નહીં કરે. તો બધી તારી સખીઓ બનશે. તું તો ડાહી દીકરી છે. ભગવાનની પણ વહાલી છે. તારે આવું ક્યારેય ન કરાય. જ્યારે કોઈની વસ્તુ લેવાનો વિચાર આવે ત્યારે વિચારવું કે, આ કાર્ય ભગવાનને ગમશે? ભગવાનને ન ગમે એવું કાર્ય કરીએ તો ભગવાન નારાજ થાય. આપણી મદદે ન આવે. તું ઈચ્છે છે કે ભગવાન તારી મદદ કરે?' છોકરી કહે, 'હા સાહેબ.' ભાઈ કહે, 'તો પછી હવેથી ક્યારેય કોઈની વસ્તુ લઈશ નહીં.' છોકરી કહે, 'સાહેબ, હું હવેથી ભગવાનને જરૂરથી યાદ કરીશ અને સ્વામિનારાયણ-સ્વામિનારાયણ બોલીશ પછી હું ચોરી નહીં

કરી શકું ને? મારી આ કુટેવ છૂટી જશે ને?' ભાઈ કહે, 'ચોક્કસ, કેમ નહીં? પ્રયત્ન કરીએ તો જરૂરથી સફળતા મળે.' બાળકી કહે, 'સાહેબ, તમે મારા આદર્શ ગુરુ છો તમે મને આશીર્વાદ આપો.' ભાઈએ બાળકીને આશીર્વાદ આપ્યા. ત્યાર પછી બાળકી ક્યારેય કોઈની વસ્તુ લેતી નહીં. તેની કુટેવ સદાને માટે જીવનમાંથી નીકળી ગઈ.

---

**અઘરા શબ્દો**

ઝડપાઈ જવું = પકડાઈ જવું

→ જીવનમાં પડેલી કુટેવ મોટા પુરુષના આશીર્વાદની સાથે પ્રયત્ન કરવામાં આવે તો જરૂરથી છૂટી જાય છે.

→ મુક્તરાજ હંમેશાં એવો આગ્રહ રાખતા કે, નાનપણથી જ બાળકોમાં સારી ટેવો અને સારા સંસ્કારો કેળવવા, જે તેમનું જીવન ઘડતર કરે.

## સ્વાધ્યાય

**પ્રશ્નોના ઉત્તર આપો.**

(૧) ભાઈ દરેક વિદ્યાર્થિની માટે કેવા હતા?

(૨) વર્ગમાં તપાસ કરતાં ભાઈને શેની જાણ થઈ?

(૩) ભાઈએ બાળકીને ચોરી ન કરવા શું સમજાવ્યું?

(૪) બાળકીએ ભાઈને શેની ખાતરી આપી?

**ખાલી જગ્યા પૂરો.**

(૧) ——— કરવી એ બહુ ——— કામ છે.

(૨) મને ખરાબ ——— પડી છે.

(૩) ચોરી કરવાનું મન થાય ત્યારે ——— બોલવા માંડજે.
(૪) ભગવાનને ન ગમે એવું કાર્ય કરીએ તો ભગવાન ——— થાય.

●

# ૩૧ દસ દિવસમાં ફર્સ્ટ ક્લાસ

એક વખત મામા* ઘરમાં બેઠા હતા. એક યુવક મામાને મળવા આવ્યો. મામાએ મીઠો આવકાર આપ્યો. યુવક મામા પાસે બેઠો. મામાએ પૂછ્યું, 'કેમ ઉદાસ દેખાય છે?' યુવક કહે, 'મામા, મૅટ્રિકની પરીક્ષા નજીક છે.' મામા કહે, 'ભણીએ એટલે પરીક્ષા તો આવે. ભગવાનને સંભારી પેપર લખવું.' યુવક કહે, 'પણ મામા, મને ગણિત અને વિજ્ઞાનમાં કાંઈ આવડતું નથી. એ વિષયો મને બહુ અઘરા લાગે છે. તેમાં નપાસ થવાની બીક લાગે છે.' મામા કહે, 'બીજા વિષયોની તૈયારી કેવી છે?' યુવકે જોશમાં આવી જવાબ આપ્યો, 'બીજા વિષયોમાં તો જરાય વાંધો નહીં આવે. બસ ફક્ત આ બે વિષયોની જ ચિંતા છે.' મામાએ જોયું કે, યુવકમાં આત્મવિશ્વાસ છે. ખરેખર તેને આ બે વિષયોની મુશ્કેલી હશે. મામાએ પૂછ્યું, 'પરીક્ષાને કેટલા દિવસ બાકી છે?' યુવક કહે, 'બાર દિવસ.' મામા કહે, 'આ બન્ને વિષય હું તને ભણાવું? તું મારી પાસે શીખીશ?' યુવક ખુશ થઈ ગયો. કહે, ' મામા, તમારા જેવા તો એક પણ શિક્ષક નથી. તમે શીખવાડશો તો મને જરૂર આવડશે.' ભણાવવાનું શરૂ થયું.

મામા કહે, 'ભણવા બેસતાં પહેલાં ભગવાનને પ્રાર્થના કરવાની. એટલે બધું આવડી જાય.' મામાની ભણાવવાની

* સત્સંગ સમુદાય ભાઈને 'મામા'ના હુલામણા નામથી સંબોધવા લાગ્યા હતા. આથી આપણે પણ હવેથી ભાઈનો ઉલ્લેખ 'મામા' એ પ્રિય નામથી જ કરીશું.

શૈલી એકદમ સરળ અને સચોટ હતી. યુવકને તરત સમજાઈ જતું. દસ દિવસમાં તો યુવક બન્ને વિષયોમાં પારંગત થઈ ગયો. ભણાવવાનું પૂરું થયું. યુવક મામાને પગે લાગ્યો. મામાએ આશીર્વાદ આપ્યા. યુવક ગયો નહીં. ઊભો જ રહ્યો. મામા કહે, 'કોઈ મુશ્કેલી હજી છે? કાંઈ પૂછવું છે?' યુવક કહે, 'મામા, મને મનમાં એક પ્રશ્ન થયા કરે છે. તમે આટલું સરસ કેવી રીતે સમજાવી શકો છો? મને દસ જ દિવસમાં બન્ને વિષયો આવડી ગયા!' મામા કહે, 'જો બેટા, જે વિષય વસ્તુ મગજમાં સ્પષ્ટ હોય તો હોઠે અને હાથે પણ સ્પષ્ટ હોય જ.' યુવક કહે, 'મામા સમજાયું નહીં.' મામા કહે, 'જે વસ્તુ બરાબર સમજાઈ હોય તે આપણે બીજાને પણ સમજાવી શકીએ. અને જે વસ્તુ બરાબર સમજાઈ હોય તે જ બરાબર લખી શકાય. તને બન્ને વિષયો બરાબર આવડી ગયા ને?' યુવક કહે, 'હા મામા.' મામા કહે, 'આ વિષયો તું કોઈને પણ સમજાવી શકે. પરીક્ષામાં પણ સારી રીતે લખી શકે. એ જ મારા કહેવાનો અર્થ છે.' યુવક કહે, 'હા મામા. હું પરીક્ષામાં સરસ રીતે લખી શકીશ.'

દસ જ દિવસ મામા પાસે ભણ્યો હોવા છતાં યુવકનો મૅટ્રિકમાં ફર્સ્ટ ક્લાસ આવ્યો. કેવું અદ્ભુત!

---

**અઘરા શબ્દો**

પારંગત = હોશિયાર

સ્પષ્ટ = ચોખ્ખી રીતે સમજાય તેવું

→ બાળકોની મુશ્કેલીમાં મામા તરત સહાયતા કરતા.

→ અનુભવી શિક્ષક ભણાવે ત્યારે દસ જ દિવસ ભણવાથી ફર્સ્ટ ક્લાસ આવી શકે.

## સ્વાધ્યાય

**પ્રશ્નોના ઉત્તર આપો.**

(૧) યુવક શા માટે ઉદાસ હતો?
(૨) યુવકને કઈ પરીક્ષા આપવાની હતી?
(૩) મામાએ યુવકને ક્યા વિષયો ભણાવ્યા?
(૪) સમજાવવાની રીત માટે મામાએ શું કહ્યું?
(૫) મામા પાસે યુવક કેટલા દિવસ ભણ્યો? પરીક્ષામાં તેનું શું પરિણામ આવ્યું?

**ખાલી જગ્યા પૂરો.**

(૧) મને ——— અને ——— વિષયોમાં કાંઈ આવડતું નથી.
(૨) મામા તમારા જેવા તો એક પણ ——— નથી.
(૩) મામાની ભણાવવાની શૈલી એકદમ ——— અને ——— હતી.
(૪) જે વિષયવસ્તુ મગજમાં સ્પષ્ટ હોય તે ———અને ——— પણ સ્પષ્ટ હોય જ.

●

# ૩૨ સ્વાવલંબી થવું

મામા જાત્રાએ નીકળ્યા હતા. લીલામાસી, હરિભક્તો ને સેવક સાથે હતા. હરદ્વારમાં ઉતારો લીધો. ઉતારાની રૂમમાં બાવાં- જાળાં ને થોડો કચરો હતો. મામાએ સેવકને કહ્યું, 'રૂમમાંથી કચરો કાઢી નાંખો.' સેવક કહે, 'મામા, આપણે ક્યાં કાયમ રહેવું છે? રૂમ આમ તો ચોખ્ખી જ છે.' મામા કહે, 'આપણે જ્યાં રહેતા હોઈએ તે જગ્યા ચોખ્ખી હોવી જોઈએ. રૂમ ચોખ્ખી હોય તો જ ભગવાન આપણી ભેળા રહે. ભગવાનને ચોખ્ખી જગ્યા ગમે છે.' સેવક સાવરણી લઈ કચરો કાઢવા લાગ્યો. મામા કહે, 'આ શું કરે છે!' સેવક કહે, 'કચરો કાઢું છું.' મામા કહે, 'આવી રીતે? ઊભા-ઊભા? કચરો કાઢતા નથી આવડતું કે શું? ચાલ હું તને કચરો કાઢતા શીખવાડું.'

મામાએ સાવરણી હાથમાં લીધી અને સેવકને બતાવતા કહ્યું, 'જો આમ ઉભડક બેસીને ધીમે-ધીમે સાવરણી દાબીને કચરો કાઢવો. આવી રીતે કાઢવાથી કચરો આમ-તેમ ઊડે નહીં. ત્યાર બાદ ડોલમાં પાણી લઈ કપડાંથી ઘસીને પોતું કરવું.' સેવકે બધું ધ્યાનપૂર્વક જોઈ શીખી લીધું. મામાએ પૂછ્યું, 'તમને કપડાં ધોતાં આવડે છે?' સેવક કહે, 'ના મામા, મારે કપડાં ધોવાનો ક્યારેય વખત નથી આવ્યો. એટલે મને કપડાં ધોતાં નથી આવડતું.' મામા કહે, 'દરેક જણને પોતાનું કામ આવડવું જ જોઈએ. દરેકે સ્વાવલંબી બનવું જ જોઈએ. ચાલો તમને કપડાં ધોતાં શીખવાડું.' મામાએ સેવકને કપડાં

ધોતાં પણ શીખવાડ્યું. એક સેવકને સ્વાવલંબીપણાના આદર્શ ગુણો કેળવતા મામાએ શીખવ્યું.

---

→ મામા પોતે અનાદિમુક્ત હોવા છતાં સ્વાવલંબી હતા અને આપણને સ્વાવલંબી થવાનું શીખવે છે.

→ પોતાનું કામ કરતાં દરેકને આવડવું જોઈએ, તો વખત આવે કોઈ પર આધાર રાખવો ન પડે.

## સ્વાધ્યાય

**પ્રશ્નોના ઉત્તર આપો.**

(૧) મામા જાત્રા કરવા ક્યાં ગયા હતા?

(૨) મામાએ સેવકને કયા - કયા કામો કરતા શીખવાડ્યું?

(૩) દરેક જણે કેવું બનવું જોઈએ?

(૪) ચોખ્ખી જગ્યા બાબતે મામાએ શું કહ્યું?

**ખાલી જગ્યા પૂરો.**

(૧) ચોખ્ખી રૂમ હોય તો જ ——— આપણી ભેળા રહે.

(૨) ભગવાનને ——— ગમે છે.

(૩) દરેકે ——— બનવું જોઈએ.

**યોગ્ય ક્રમમાં ગોઠવો.**

(૧) તો જ ચોખ્ખી રૂમ ભેળા હોય ભગવાન રહે આપણી.

(૨) જ બનવું દરેકે જોઈએ સ્વાવલંબી.

●

# (33) ચરણરજથી સારવાર

બપોરનો સમય હતો. એક છોકરો મામાના ઘરની બહાર બેઠો હતો. મામાનું ઘર બંધ હતું. મામા દરરોજ સાડાચાર - પાંચ વાગ્યે બારણું ખોલે અને હજી સમય થયો નહોતો. છોકરો ખૂબ ચિંતિત હતો, છતાંય બારણું ખખડાવવાની તેની હિંમત ચાલતી નહોતી. તે મામાને ખલેલ પહોંચાડવા માગતો નહોતો. ભગવાનનું નામ લેતો તે બહાર જ બેસી રહ્યો.

મામાને જાણે ખબર પડી ગઈ હોય ને શું!! મામાએ એ દિવસે બારણું વહેલું ખોલ્યું. છોકરાના જીવમાં જીવ આવ્યો. છોકરો મામાને પગે લાગ્યો. મામાએ તેને અંદર બોલાવ્યો. પૂછ્યું, 'કેમ આવવું થયું?' છોકરો ચિંતિત હતો. મામાએ પ્રેમથી તેને પાસે બેસાર્યો. અને ફરી પૂછ્યું, 'શું વાત છે? મને કહો.' છોકરો રડી પડ્યો. મામાએ તેને શાંત પાડ્યો. પાણી આપ્યું. છોકરો શાંત થયો. મામાએ પૂછ્યું, 'હવે કહો શું વાત છે?' છોકરો કહે, 'મામા, મારી નાની બહેન ઘણા દિવસથી હૉસ્પિટલમાં છે.' મામાએ પૂછ્યું, 'શું થયું છે તેને?' છોકરો કહે, 'મામા ખબર નહીં. ઘરમાં અચાનક બેભાન થઈ ગઈ હતી. પછી ખૂબ તાવ આવતો હતો. હૉસ્પિટલમાં દાખલ કરી, પણ તાવ ઉતરતો જ નથી. આજે તો સવારથી બેભાન થઈ ગઈ છે. કાંઈ બોલતી જ નથી.' મામા કહે, 'ડૉક્ટર શું કહે છે?' છોકરો કહે, 'અત્યારે ડૉક્ટરે હાથ ઊંચા કરી દીધા છે. કહે છે, બહેનને બીજી હૉસ્પિટલમાં લઈ જાઓ. આને કાંઈ

થઈ જાય તો મારી હૉસ્પિટલનું નામ બદનામ થાય, બીજી હૉસ્પિટલવાળા પણ કાંઈ જવાબ નથી આપતા. હવે શું કરવું? મામા, હું તમારે શરણે આવ્યો છું. મારી બહેનને બચાવી લ્યો.' છોકરો ધ્રુસકે-ધ્રુસકે રડવા લાગ્યો.

મામાનું દિલ દ્રવી ઊઠ્યું. તેમને બહેનની બહુ દયા આવી. તેઓ ભગવાન પાસે ગયા. ડબ્બીમાંથી મહારાજની પ્રસાદીની ચરણરજ કાઢી. મહારાજને પ્રાર્થના કરી. છોકરાને ચરણરજ આપી કહ્યું, 'લ્યો આ ચરણરજ. તમારી બહેન ભાનમાં હોય તો થોડી મોઢામાં આપજો, નહીં તો શરીરે ચોપડી દેજો. બધા ભગવાનનું નામ લેજો. ભગવાનને બાળકો બહુ વહાલા છે. ભગવાન તમારી બહેનને જરૂરથી સારું કરી દેશે. હું પણ ભગવાનને પ્રાર્થના કરીશ.' છોકરાને મામાનો બહુ દિવ્યભાવ હતો. મામાના વચનમાં વિશ્વાસ પણ ખૂબ હતો. મામાના વચન સાંભળી ખુશ થઈ ગયો. મામાને કહે, 'મામા, તમારા આશીર્વાદથી મારી બહેન હવે જરૂર સારી થઈ જશે. ડૉક્ટરે ભલે ના પાડી, પણ હવે તે બચી જશે.'

છોકરો ઝડપથી હૉસ્પિટલ પહોંચ્યો. છોકરાના માતા-પિતા આતૂરતાપૂર્વક તેની રાહ જોતા હતા. છોકરાને જોઈ તરત પૂછ્યું, 'મામાએ શું કહ્યું?' છોકરો આનંદમાં હતો. કહે, 'હવે બહેન જરૂર સાજી થઈ જશે.' છોકરાએ ચરણરજ માતાને આપી. માતાએ આખા શરીરે દીકરીને ચરણરજ ચોપડી દીધી. ડૉક્ટર નર્સ ત્યાં જ ઊભા હતા કહે, 'આ શું કરો છો? આમ કરવાથી દર્દીને તકલીફ થશે.' છોકરો કહે, 'આ અમારી દવા છે.' ડૉક્ટર કહે, 'આ ક્યાં દવા છે? માટી જેવું કાંઈક લાગે છે.'

છોકરો કહે, 'એ જ સાચી દવા છે. તમે તમારી દવા કરી, પણ ફરક ન પડ્યો. આ અમારા ગુરુજીએ આપેલી દવા છે. તે નિષ્ફળ નહીં થાય. મારી બહેન હવે ચોક્કસ સારી જઈ જશે.' છોકરો એટલા વિશ્વાસથી બોલ્યો કે ડૉક્ટરને નવાઈ લાગી. છોકરી સારી થાય છે કે નહીં તે જોવા ડૉક્ટર ત્યાં જ બેસી રહ્યા. બધાના આશ્ચર્ય વચ્ચે છોકરી થોડીવારમાં જ ભાનમાં આવી ગઈ. ધીરે ધીરે તે સારી થવા લાગી. ડૉક્ટરો નવાઈ પામી ગયા. આ કઈ રીતે શક્ય બન્યું? જરાક અમસ્તી માટી જેવું શરીર પર લગાડ્યું ને દર્દી મોતના મુખમાંથી પાછો આવ્યો! આ તો ચમત્કાર થયો છે!

છોકરો ખૂબ ખુશ થઈ ગયો. તુરત મામા પાસે આવ્યો. મામાના પગમાં પડી ગયો. કહેવા લાગ્યો, 'મામા, તમારા આશીર્વાદથી મારી બહેન બચી ગઈ. તે હવે સારી થવા લાગી છે.' મામા કહે, 'એકાગ્ર મનથી કરેલી પ્રાર્થના મહારાજ જરૂર સાંભળે છે.' છોકરો કહે, 'મામા, અમે દરરોજ પ્રાર્થના કરતા હતા. પણ આપે ચરણરજ આપી, આશીર્વાદ આપ્યા ત્યારે જ તે સાજી થઈ.' મામા કહે, 'મહારાજે મુક્તની પ્રાર્થના સાંભળી. કર્તા મહારાજ છે. તેમણે સાજી કરી.' છોકરો કહે, 'મામા, મને તો એટલી ખબર છે કે, આપે આશીર્વાદ આપ્યા પછી જ મારી બહેન સાજી થઈ. બાકી ડૉક્ટરોએ તો ના પાડી દીધી હતી.' મામા કહે, 'દરેક વાતમાં કર્તા મહારાજને રાખવા. મહારાજ કરે ત્યારે જ કાર્ય સફળ થાય.' છોકરો કહે, 'મામા, મને તો આપના વચનમાં વિશ્વાસ છે. બીજી વધારે મને ખબર ન પડે.' મામા હસવા લાગ્યા કહે, 'સારું. હવે બહેનને મહારાજની વાતો

કરજો એટલે જલદી સારી થઈ જશે.' છોકરો મામાને પગે લાગી રાજી થતો ઘરે ગયો.

---

**અઘરા શબ્દો**

દ્રવિ ઉઠવું = કરુણાથી ભરાઈ જવું

અપ્રતિમ = જેની તુલનામાં કોઈ નથી તેવું, અજોડ

હાથ ઊંચા કરવા = આશા છોડી દેવી

→ અનાદિમુક્તનું સામર્થ્ય ચમત્કારો સર્જી શકે છે.

→ અનાદિમુક્ત પોતાનામાં અપ્રતિમ સામર્થ્ય હોવા છતાં શ્રીજીમહારાજનું મુખ્યપણું રાખે છે.

## સ્વાધ્યાય

**પ્રશ્નોના ઉત્તર આપો.**

(૧) છોકરો કયા સમયે મામાના ઘરે આવ્યો હતો?

(૨) છોકરો મામાના ઘરે શા માટે આવ્યો હતો?

(૩) મામાએ છોકરાને શું આપ્યું? તેનું શું પરિણામ આવ્યું?

(૪) ડૉક્ટરો શા માટે નવાઈ પામી ગયા.

**ખાલી જગ્યા પૂરો.**

(૧) ડૉક્ટરોએ ——— ઊંચા કરી દીધા છે.

(૨) મહારાજને પ્રાર્થના કરી છોકરાને ——— આપી.

(૩) ભગવાનને બાળકો બહુ ——— છે.

(૪) છોકરો મામાના——— માં પડી ગયો.

**વાક્ય પૂર્તિ કરો.**

(૧) છોકરાને મામાનો.......... વચન સાંભળી ખુશ થઈ ગયો.

(૨) એ જ સાચી દવા............ મારી બહેન ચોક્કસ સારી થઈ જશે.

(૩) દરેક વાતમાં કર્તા............. કાર્ય સફળ થાય.

●

# (૩૪) બાળકો અતિ વહાલા

મિશનના પ્રાર્થના ખંડોમાં મૂર્તિ પ્રતિષ્ઠાનો દિવસ હતો. બધા ખૂબ જ ઉત્સાહમાં હતા. બધાને મામાને રાજી કરી લેવાનું તાન. પરંતુ મામાએ કાંઈક જુદું જ વિચારી રાખ્યું હતું. મામાએ સેવકોને કહ્યું, 'આજનો બધો કાર્યક્રમ બાળકો આપશે.' સેવકો કહે, 'મામા, બાળકો શું કરશે? આજે તો મૂર્તિ પ્રતિષ્ઠાનો દિવસ છે. વડીલો કાર્યક્રમ આપે તે ઉચિત ગણાશે.' મામા કહે, 'મૂર્તિ પ્રતિષ્ઠાનો દિવસ છે એટલે જ બાળકો કાર્યક્રમ આપશે. ભગવાનને બાળકો બહુ વહાલા છે અને મને પણ બાળકો બહુ ગમે છે. તમે જો-જોને બાળકો સરસ કાર્યક્રમ કરશે.' આવું સાંભળી બાળકો ખુશ-ખુશ થઈ ગયા. મામા પાસે આવીને કહે, 'મામા, આજે તમે અમને યાદ કર્યા, નહીં તો સભામાં અમને કોઈ બોલવા જ નથી દેતું.' બીજો એક છોકરો કહે, 'મામા, અમને બધા અવાજ નહીં, અવાજ નહીં એવું જ કહ્યા કરે છે.' મામા હસીને કહે, 'આજે કોઈ એવું નહીં કરે, ભગવાનને સંભારી સરસ કાર્યક્રમ કરજો.' બધા બાળકો ખુશ થઈ ગયા. મામાને પગે લાગ્યા અને સભામાં બેઠા.

બાળકોએ સુંદર કાર્યક્રમ કર્યો. કેટલાક બાળકો કીર્તન બોલ્યા, કેટલાક બાળકો મહારાજના પ્રસંગો મોઢે કરી લાવ્યા હતા તે બોલ્યા. એક બાળક ઊભો થયો અને કહે, 'આજે હું તો મામા વિશે કહીશ.' બધાને અચરજ થયું. મામા વિશે આ

બાળક શું બોલવાનો હશે? બાળકે બોલવાનું શરૂ કર્યું, 'મામા કેટલું સુંદર નામ છે. આ નામમાં બે વખત 'મા' શબ્દ આવે છે. મા જેમ પોતાના બાળકને સારા સંસ્કાર આપે છે, તેમ આ મા પણ અમને જીવન જીવતાં શીખવાડે છે. મા જેમ મુશ્કેલીઓથી બાળકની રક્ષા કરે છે ને તેને સાચવે છે, તેમ આ મા પણ અહીંની મુશ્કેલીઓમાં રક્ષા કરે છે. મૂર્તિના સુખના આશીર્વાદ આપે છે અને જીવને સાચવી લે છે. અહીંયા પણ સુખ આપે છે અને ત્યાં એટલે પરભાવમાં પણ ભગવાનનું સુખ આપે છે. બન્ને રીતે સુખ આપે છે માટે બે વખત મા..... એટલે કે મામા....' બાળકે બોલવાનું પૂરું કર્યું. બધા બાળક પર ખુશ થઈ ગયા. તાળીઓથી બાળકને વધાવી લીધો.

મામા અત્યંત રાજી થઈ ગયા. કહે, 'જોયું બાળકો કેટલું સુંદર બોલી શકે છે! કેટલો સુંદર અર્થ કર્યો છે. હું બહુ રાજી થયો છું. આજે જે બાળકોએ સભાના કાર્યક્રમમાં ભાગ લીધો છે તે બધાને ચાંદીના સિક્કા સ્મૃતિરૂપે આપીશું.' બાળકો ખુશ થઈ તાળી પાડવા લાગ્યા. એક પછી એક બાળક મામા પાસે આવે, પગે લાગે અને સિક્કો સ્વીકારે. મામા રાજી થઈ આશીર્વાદ આપે. મામાની નજર એક નાનકડા બાળક પર પડી. તેનું મોઢું પડી ગયું હતું. એકદમ ઉદાસ ચહેરે બેઠો હતો. મામાએ તેને નજીક બોલાવ્યો. પ્રેમથી માથે હાથ ફેરવ્યો. બાળકને પૂછ્યું, 'શું થયું છે? કેમ આમ ઉદાસ બેઠો છે? બાળક રડમસ થઈ બોલ્યો, 'મામા, મેં કાર્યક્રમમાં ભાગ નહોતો લીધો એટલે મને તમારા હાથે સિક્કો નહીં મળે. અને આશીર્વાદ પણ નહીં મળે. મેં ભાગ લીધો હોત તો મને પણ

આપના આશીર્વાદ મળત. હું આશીર્વાદ વગર રહી જઈશ.' મામા બાળક ઉપર બહુ રાજી થયા. કહે, 'ઓહો! આ બાળકનો ભાવ તો જુઓ.' મામાએ બીજા બાળકો પર નજર કરી. જેમણે ભાગ નહોતો લીધો તે બધા બાળકો ઉદાસ ચહેરે બેઠા હતા. મામાને થયું આ બરાબર ન કહેવાય. મહારાજના મંદિરમાંથી દરેક બાળક ખુશ થઈ ઘરે જવું જોઈએ. ભગવાનને બધા બાળકો સરખા વહાલા છે. કાર્યક્રમ કરે કે ન કરે. મામાએ સભામાં જાહેરાત કરાવી. જે બાળકોએ આજે કાર્યક્રમમાં ભાગ નથી લીધો તેમને પણ મહારાજનો પ્રસાદીનો ચાંદીનો સિક્કો સ્મૃતિ તરીકે આપવામાં આવશે. કાર્યક્રમમાં ભાગ નથી લીધો છતાં તેમના મનમાં ભાવ તો છે. ભગવાન ભાવ જ જુએ છે માટે બધા બાળકો આવીને સિક્કો લઈ જાય.' જાહેરાતને બધા બાળકોએ ઊભા થઈ તાળીઓ પાડી વધાવી લીધી. નજીક બેઠેલો બાળક તો કૂદી પડ્યો. તરત મામાના ચરણોમાં ઝૂકી ગયો. મામાએ તેને સિક્કો આપ્યો. મામાએ જોયું સભામાં દરેક બાળક હવે ખુશ હતું. દરેક બાળકના ચહેરા પર હર્ષ દેખાતો હતો. આ જોઈ મામાને સંતોષ થયો. એ દિવસે મામાએ દરેક બાળકને જીવનભરનું સંભારણું કરી આપ્યું.

---

→ બાળકોની આંતરિક શક્તિઓનો વિકાસ થાય તે માટે બાળકો સભામાં કાર્યક્રમ કરે તેવું મામા આયોજન કરતા.

→ મુક્તરાજનો બાળકો પ્રત્યેનો વાત્સલ્યભાવ અહીં જણાઈ આવે છે.

## સ્વાધ્યાય

### પ્રશ્નોના ઉત્તર આપો.

(૧) મિશનમાં ક્યો દિવસ હતો?
(૨) મામાએ કોને કાર્યક્રમ કરવાનું કહ્યું? શા માટે?
(૩) બાળકે 'મામા' શબ્દનો કેવો અર્થ કર્યો?
(૪) મામાએ શા માટે બધા બાળકોને સ્મૃતિરૂપ સિક્કો આપવાનું કહ્યું?

### ખાલી જગ્યા પૂરો.

(૧) મિશનમાં ——— નો દિવસ હતો.
(૨) અહીંની ——— માં રક્ષા કરે છે.
(૩) મૂર્તિના ——— આશીર્વાદ આપે છે.
(૪) ભગવાન ——— જુએ છે.
(૫) મામાએ જીવનભરનું ——— કરી આપ્યું.

# ૩૫ અભિષેકનું રહસ્ય

એક વખત એક બાળક મામાના દર્શન કરવા આવ્યો. મામાને પગે લાગી આશીર્વાદ માગ્યા. મામાએ આશીર્વાદ આપ્યા. બાળક મામા પાસે બેસી ગયો. મામા પાસે બીજા હરિભક્તો બેઠા હતા. મામા સાથે ધાર્મિક વાતો કરતા હતા. મામાએ છોકરા સામે જોયું. તેના ચહેરા પર અસમંજસના ભાવ હતા. થોડીવાર તો છોકરો ચૂપ રહ્યો. મામા વાત કરતા રહી ગયા એટલે મામાને કહે, 'મામા તમને એક પ્રશ્ન પૂછું?' મામા કહે, 'પૂછ બેટા, તારે જે પૂછવું હોય તે વિના સંકોચે પૂછ.' બાળક કહે, 'મામા, હરિકૃષ્ણમહારાજની મૂર્તિમાં ખરેખર ભગવાન હોય?' મામા કહે, 'હા. હોય.' બાળકે પૂછ્યું, 'તેમાં રહીને આપણને બધાને જુએ ખરા!' મામા કહે, 'હા. ભગવાન મૂર્તિમાં રહીને આપણને જુએ છે.' બાળકે પૂછ્યું, 'તો પછી ભગવાન મૂર્તિમાં રહી સાંભળતા પણ હશે?' મામા કહે, 'આપણો ભાવ સાચો હોય તો સાંભળે પણ ખરા.' છોકરો પ્રશ્ન પૂછવા જતો હતો. ત્યાં એક હરિભક્ત કહે, 'હવે બસ કર. બહુ પૂછ-પૂછ ન કર.' મામા કહે, 'તેને વારશો નહીં. બાળકોની જિજ્ઞાસા વૃત્તિને સાચી રીતે સંતોષવી જોઈએ.' બાળકને કહે, 'તારે જે કાંઈ પૂછવું હોય તે પૂછ. હું તને તેના સંતોષકારક ઉત્તર આપીશ.'

બાળક કહે, 'હું સવારે મંદિરે દર્શન કરવા ગયો હતો. ત્યાં ભગવાનના અભિષેકના દર્શન કર્યાં. ભગવાનને દહીં, દૂધ, ઘી

એવા બધાથી કેમ નવડાવે છે? એવું ચીકણું - ચીકણું ભગવાનને ગમતું હશે? આપણા પર કોઈ એવું ચીકણું નાંખે તો આપણને ક્યાં ગમે છે? તો પછી ભગવાનને એવું કેમ ગમે? મૂર્તિમાં રહીને ભગવાન બધું કરે તો પછી તેમને આવું કેમ ગમે?' મામા કહે, 'ખૂબ સરસ સવાલ પૂછ્યો છે. આનો જવાબ તો મોટાઓએ પણ સાંભળવા જેવો છે. બેટા, તારી વાત સાચી છે. એવું ચીકણું કોઈને ન ગમે.' બાળક કહે, 'તો પછી ભગવાનને એવું શા માટે કરીએ છીએ?' મામા કહે, 'તે બધી વસ્તુઓ પાછળ રહસ્ય છૂપાયેલું છે. આજે એ વિશે તને કહીશ. તું ધ્યાન રાખી સાંભળજે.'

'પંચામૃત એટલે અમૃત તુલ્ય જુદા જુદા પાંચ પદાર્થોથી આપણે અભિષેક કરીએ છીએ બરાબર? તે દરેક વસ્તુ પાછળ ચોક્કસ ભાવનાઓ રહેલી છે. તે દરેક વસ્તુનો ભાવ તને કહું છું.

**મધ :** મધ કોણ બનાવે છે?' બાળક કહે, 'મધમાખી.' મામા કહે, 'બરાબર. અનેક ફૂલો પર મધમાખી બેસે છે, પરંતુ ફક્ત મીઠો રસ જ ભેગો કરે છે. અને મીઠું મધ બનાવે છે. મીઠા મધની જેમ આપણે પણ જીવનમાં બધાના સદ્‌ગુણો જ ગ્રહણ કરવાના. જીવન મધ જેવું મધુર બનાવવાનું. આવા અનેક સદ્‌ગુણોના અર્કરૂપ મધ, તે આવા પ્રેમભાવનું પ્રતિક છે. તે પ્રેમ-ભક્તિના ભાવથી ભગવાનનો અભિષેક થાય છે. પછી આવે છે.

**દૂધ :** 'દૂધ કેવું?' બાળક કહે, 'દૂધ પૌષ્ટિક છે. શક્તિ આપે છે.' મામા કહે, 'તારી વાત બરાબર છે. દૂધમાં વિટામીન છે, કાર્બોહાઈડ્રેટ છે, પ્રોટીન છે, બધું જ છે. એટલે તેને સંપૂર્ણ

આહાર કહેવાય છે. તે શરીરને પોષણ આપે છે. એવી રીતે પ્રભુના સાચા ભક્તોએ જીવોને પોષણ આપવું જોઈએ. સત્યજ્ઞાન સમજાવવું જોઈએ. યોગ્ય માર્ગદર્શન આપવું જોઈએ. એવો ભાવ સમાયેલો છે.' બાળક કહે, 'મામા, તમે જેમ બધાને પોષણ આપો છો. સાચું માર્ગદર્શન આપો છો તેમ?' મામાએ બાળકના માથા પર સ્નેહપૂર્વક હાથ ફેરવ્યો. મામા આગળ બોલ્યા. 'ત્રીજો નંબર છે.

**દહીં** : દહીં પણ દૂધની જેમ પૌષ્ટિક તત્વોનું બનેલું છે. દૂધમાં જે ભાવ રહેલો છે. દહીંમાં પણ એ જ ભાવ છે. દૂધ-દહીં સફેદ છે તેમ આપણું ચારિત્ર્ય ઉજ્જવલ અને નિષ્કલંક હોવું જોઈએ.

**સાકર** : સાકર કોઈ પણ પ્રવાહીમાં નાંખીએ તો શું થાય?' બાળક કહે, 'ઓગળી જાય.' મામાએ પછ્યું, 'પછી એ પ્રવાહી કેવું થઈ જાય?' બાળક કહે, 'સાકરવાળું તો ગળ્યું લાગે' મામા કહે, 'એવી જ રીતે દરેક જીવો સાથે આત્મીયતા અને પ્રેમભાવ કેળવવો અને પ્રભુના દિવ્ય સ્વરૂપમાં જોડાઈ જવું. આવો સુંદર ભાવ રહેલો છે. તેના પ્રતીકરૂપે સાકર છે. અને છેલ્લે છે.

**ઘી** : દૂધના અર્ક સમાન ઘી છે. એવી રીતે દરેક શાસ્ત્રનો અભ્યાસ કરવાનો. એનું જ્ઞાન મેળવવાનું. તેમાંથી આત્મા પરમાત્માનો સાક્ષાત્કાર કરવાનું જ્ઞાન અર્ક સમાન છે. એ જ્ઞાન મેળવી લેવાનું. આ જ્ઞાન પણ પ્રભુના ચરણોમાં અર્પણ કરી દેવાનું. અહંકાર ટાળી પ્રભુમય બની જવું એવો ભાવ સૂચવે છે.

આ દરેક પદાર્થ તો ફક્ત માધ્યમ છે. તેની પાછળ રહેલો

ભાવ જ અગત્યનો છે. આવા ભાવ સાથે આપણે ભગવાનને અભિષેક કરીએ છીએ. હવે સમજ પડી. અભિષેક શા માટે છે?' બાળક કહે, 'મામા, આજે જ મને બરાબર સમજ પડી. મેં ઘણા બધાને આ પ્રશ્ન પૂછ્યો હતો, પરંતુ કોઈ બરાબર સમજાવી શકતું ન હતું. આજે બરાબર સમાધાન થયું.' ત્યાં બેઠેલા મોટા હરિભક્ત પણ કહેવા લાગ્યા, 'અભિષેકનું આવું રહસ્ય તો આજે સમજાયું. કેવો સુંદર ભાવ સમાયેલો છે!'

---

**અઘરા શબ્દો**

અસમંજસ = મૂંઝવણ, ગૂંચવણ, અસ્પષ્ટ

આત્મીયતા = પોતાપણું, પોતાના જેવું

જિજ્ઞાસા = જાણવાની ઈચ્છા

ઉજ્જવલ = તેજસ્વી

નિષ્કલંક = કલંક વગરનું, શુદ્ધ

→ મામા જેવા અનુભવી અનાદિમુક્ત જ આવા રહસ્યો સમજાવી શકે.

## સ્વાધ્યાય

**પ્રશ્નોના ઉત્તર આપો.**

(૧) બાળક મંદિરમાં શેના દર્શન કરીને આવ્યો હતો?

(૨) બાળકે મામાને ક્યો પ્રશ્ન પૂછ્યો?

(૩) અભિષેકમાં દૂધનો ક્યો ભાવ સમાયેલો છે?

(૪) અભિષેકમાં ઘીનો ક્યો ભાવ છે?

(૫) અભિષેક કઈ-કઈ વસ્તુથી કરવામાં આવે છે?

**ખાલી જગ્યા પૂરો.**

(૧) મૂર્તિમાં ખરેખર ——— હોય.

(૨) આપણો ——— સાચો હોય તો સાંભળે પણ ખરા.

(૩) દરેક પદાર્થ તો ફક્ત ——— છે. તેની પાછળ રહેલો ——— જ અગત્યનો છે.

(૪) ——— ટાળી ——— મય બની જવું. એવો ભાવ સૂચવે છે.

# (૩૯) ભૂલ માફ કરી

મામા રૂમમાં બેઠા હતા. ઉદાસ ચહેરે એક યુવક રૂમમાં દાખલ થયો. મામાને પગે લાગ્યો. મામા કહે, 'બેસો. શું વાત છે? કેમ ઢીલા દેખાઓ છો?' યુવક કહે, 'પરીક્ષાનું પરિણામ સારું નથી આવ્યું.' મામાએ પૂછ્યું, 'શું આવ્યું છે?' યુવક રડમસ થઈ કહે, 'મામા, મારે એટીકેટી આવી છે. મારું વરસ બગડી જશે. હવે શું કરવું? ઘરમાં શું જવાબ આપીશ?' મામાએ યુવક સામે જોઈ પૂછ્યું, 'તમારું ભણવાનું છેલ્લું વર્ષ હતું ને?' યુવક કહે, 'હા, મામા. છેલ્લા વર્ષમાં તો પાસ છું. ફર્સ્ટ ક્લાસ આવ્યો છે.' મામા કહે, 'તો પછી એટીકેટી શામાં છે?' યુવક કહે, 'ગયા વરસની બાકી હતી. તેમાં પાસ નથી થવાયું.' યુવક નીચું જોઈ ગયો. મામા કહે, 'સત્ય બોલજો, તમે બરાબર મહેનત કરી હતી?' યુવક કહે, 'મામા, આપની પાસે ક્યારેય અસત્ય નહીં બોલું. ગયા વર્ષના પેપર માટે બહુ મહેનત કરી શક્યો નહોતો.' મામા કહે, 'મહેનત ન કરી હોય તો પછી ક્યાંથી પાસ થવાય? મહેનત તો કરવી જ પડે. ભગવાન તો જ ભળે.' યુવક રડી પડ્યો. કહે, 'મામા, મારી ભૂલ થઈ. બીજીવાર આવી ભૂલ નહીં કરું. મને બચાવી લ્યો.' મામાએ તેને શાંત પાડ્યો અને પૂછ્યું, 'હવે આનો બીજો ક્યો રસ્તો છે?' યુવક કહે, 'રીચેકિંગ માટે આપી શકાય?' મામા કહે, 'રીચેકિંગમાં માર્ક્સ વધી જશે? કેટલા માર્ક્સ ખૂટે છે?' યુવક કહે 'ફક્ત સાત માર્ક્સ ઓછા છે. હું રીચેકિંગ માટે ફોર્મ

ભરું? આપ મને આશીર્વાદ આપો તો હું પાસ થઈ જાઉં. તો મારું વરસ બચી જાય.' મામા થોડીવાર વિચારતા રહ્યા. પછી કહે, 'સારું ફોર્મ ભરો. હું ભગવાનને પ્રાર્થના કરીશ.' મામાએ તેને પ્રસાદીની સાકર આપી. યુવક મામાને પગે લાગી ગયો.

એકાદ મહિના પછી યુવક પાછો મામાના દર્શને આવ્યો. મામાની રૂમમાં પ્રવેશતા જ મામા બોલ્યા, 'ભગવાન એક જ વખત ભૂલ માફ કરે છે. જીવનમાં વારંવાર ભૂલો કરશો તો પછી ભગવાન માફ નહીં કરે.' યુવક નવાઈ પામી ગયો. વિચારવા લાગ્યો. મામા અંતર્યામી છે. મારા વિશે તેમને પહેલેથી જ બધી ખબર છે. યુવક મામાને પગે લાગ્યો. તેના ચહેરા પર ખુશી હતી. મામાએ અજાણ્યા થઈ પૂછ્યું, 'શું થયું?' યુવક હસી પડ્યો કહે, 'મામા, આપને બધી ખબર છે. હું અંદર આવ્યો અને તમે જે બોલ્યા તે બરાબર છે.' મામાએ પૂછ્યું, 'પાસ થઈ ગયા?' યુવક કહે, 'મામા બધો આપના આશીર્વાદનો જ પ્રતાપ છે. મારે સાત માર્ક્સ ઓછા હતા. રીચેકિંગમાં સાત જ માર્ક્સ વધીને આવ્યા છે.' મામા કહે, 'તે દિવસે તમે સાચા ભાવથી પસ્તાવો કર્યો. અને અસત્ય ન બોલ્યા. આથી ભગવાન રાજી થયા. અસત્ય બોલનાર પર ભગવાન રાજી થતા નથી. જીવનમાં બીજી વખત ભૂલ કરતા નહીં. પસ્તાવો કરવો પડે એવું કામ કરવું જ નહીં. ભગવાનને દરેક કાર્યમાં સાથે રાખવા. એટલે ભગવાન કાર્ય પાર પાડે.' યુવક ગદ્‌ગદભાવે મામાને પગે લાગ્યો અને કહ્યું, 'મામા, આપે જેમ કહ્યું છે તેમ કરવા હું પૂરો પ્રયત્ન કરીશ. આપ મને આશીર્વાદ આપો.' મામાએ રાજી થઈ યુવકને આશીર્વાદ આપ્યા.

(પછીથી યુવકે જીવનમાં ઘણી મહેનત કરી. મામાએ શીખવ્યા પ્રમાણે ભૂલો ન થાય તેનું ધ્યાન રાખ્યું. અત્યારે એક પ્રતિષ્ઠિત કંપનીમાં સારી નોકરી કરી રહ્યો છે.)

---

**અઘરા શબ્દો**

રડમસ = રડવા જેવું, દયા ઉપજાવે તેવું.

→ અનાદિમુક્ત પાસે સાચા ભાવથી પસ્તાવો કરવાથી તેઓ ભૂલ માફ કરે છે.

→ મહારાજ અને તેમના અનાદિમુક્ત પાસે નિષ્કપટ રહેવું. અસત્ય ન બોલવું.

## સ્વાધ્યાય

**પ્રશ્નોના ઉત્તર આપો.**

(૧) યુવક શા માટે ઉદાસ હતો?

(૨) નાપાસ થવા માટે યુવકે ક્યું કારણ આપ્યું?

(૩) યુવક કેવી રીતે પાસ થયો?

(૪) મામાએ યુવકને જીવનમાં શું ન કરવાનું કહ્યું?

(૫) યુવક પર મામા શા માટે રાજી થયા?

**ખાલી જગ્યા પૂરો.**

(૧) ——— ન કરી હોય તો પછી ક્યાંથી પાસ થવાય.

(૨) મામા બધો આપના ——— નો પ્રતાપ છે.

(૩) તમે સાચા ભાવથી ——— કર્યો હતો.

(૪) ——— ને દરેક કાર્યમાં સાથે રાખવા.

## (૩૭) સાચા મનોચિકિત્સક

એક વખત એક દંપતી મામાના દર્શને આવ્યા. મામાને પગે લાગી બેઠાં. મામાએ પૂછ્યું, 'કેમ આવવું થયું?' થોડા ઉદાસ ચહેરે ભાઈ બોલ્યા, 'મામા, મારો પુત્ર વ્યસની થઈ ગયો છે. અમે ઘણું વઢીએ છીએ, પણ સમજતો નથી.' બહેન કહે, 'એક વખત તો માર્યો પણ હતો.' મામા કહે, 'દીકરાને મરાય નહીં.' ભાઈ કહે, 'શું કરીએ મામા? માનતો જ નથી. પહેલા ખાનગીમાં તમાકુ ખાતો હતો. હવે તો ઘરમાં અમારી સામે પણ ખાય છે. બહુ વઢીએ તો કહે છે, હવે સિગારેટ પણ પીવાનો છું. આવું બોલ્યા કરે છે.' બહેન કહે, 'મામા, આપણે સત્સંગી. આવા ખરાબ વ્યસન હોય તે સારું કહેવાય? અમે તો સમજાવીને થાકી ગયા.' બહેન દિલગીર થઈ ગયા. કહે, 'મામા, એટલે જ તમારી પાસે આવ્યા છીએ. આપ કાંઈક દયા કરો તો એનું વ્યસન છૂટે.' મામા કહે, 'કાલે મારી પાસે લઈ આવજો. હું વાત કરીશ.'

બીજે દિવસે માતા-પિતા અને પુત્ર ત્રણેય મામા પાસે હાજર થયા. મામાએ માતા-પિતાને બહાર બેસવાનું કહ્યું. યુવક મામાને પગે લાગી ત્યાં બેઠો. મામાએ પૂછ્યું, 'શું ભણો છો?' યુવક કહે, ' કૉલેજમાં છું.' મામા કહે, 'સરસ. તમારા માતા-પિતા તમારી ફરિયાદ લઈને આવ્યા છે.' યુવક કહે, 'તેઓ તો બધાને કહેતા જ ફરે છે. મને વઢ્યા કરે છે. બધાની સામે પણ વઢે છે. એટલે મેં નક્કી કર્યું છે કે, તેઓ આવું કરશે તો હું પણ

તમાકુ ખાવાનું ચાલુ જ રાખીશ. બહુ થશે તો વઢશે. કાયમ વઢતા જ હોય છે. હવે મને તેની અસર નથી.' યુવકે પોતાનો આક્રોશ ઠાલવ્યો. મામા કહે, 'શાંત થઈ જાવ. તમારા માતા-પિતા યોગ્ય નથી કરતા. પુત્રને બહુ વઢવું ન જોઈએ અને બધાની વચ્ચે તો ક્યારેય નહીં.' યુવક આનંદમાં આવ્યો. તેને થયું મામા મને સમજે છે. મારી તરફેણ કરે છે. યુવક કહે, 'મામા, બધાની વચમાં કહે છે ત્યારે મને બહુ અપમાનજનક લાગે છે.' મામા કહે, 'હું તમારી વાત સમજી શકું છું. હું તેમને ના પાડીશ. આ બાબતે તેઓ તમને નહીં વઢે. બધાની વચ્ચે તો ક્યારેય નહીં.' યુવક કહે, 'તમે જરૂરથી કહેજો. તમારી વાત તેઓ જરૂર માનશે. જો એમ થશે તો હું ઘરના કામમાં પણ તેમને મદદ કરીશ.'

મામાએ જોયું યુવક હવે એકદમ શાંત થઈ ગયો છે. આથી મામાએ કહ્યું, 'તમે મારી વાત સાંભળશો?' મામાએ યુવકને માન આપ્યું. ચર્ચા માટે તેની અનુમતિ લીધી. આની યુવક પર અસર થઈ. કહે, 'હા મામા, તમારી બધી વાત સાંભળીશ અને માનીશ.' મામા કહે, 'હું તો ફક્ત તમારા વ્યસન વિશે અમુક બાબતો જાણવા માગું છું. મારે બીજું કાંઈ કહેવું નથી.' ધીરે-ધીરે મામા પોતાની વાત પર આવતા હતા. યુવકને થયું મામાને જાણકારી જોઈએ છીએ. તે ઉત્સાહમાં આવી ગયો. મામાએ પૂછ્યું, 'તમે આ વ્યસન કરો છો તેનાથી શું થાય? શા માટે તે કરો છો?' યુવક કહે, 'એ ખાઈએ એટલે શરીરમાં સ્ફૂર્તિ લાગે. મગજ સતેજ થતું હોય તેમ લાગે. નવા વિચારો આવવા લાગે. હવે તો એની ટેવ પડી ગઈ છે. તેના વગર રહેવાતું નથી. નસો

ઢીલી પડી જાય. શરીરમાં તાકાત જ ન હોય તેવું લાગે. એટલે પછી લેવું જ પડે છે.' મામાએ પૂછ્યું, 'કેટલા વરસથી વ્યસન છે?' યુવક કહે, 'બે વર્ષથી.'

મામાએ કાંઈક વિચારીને તેને પૂછ્યું, 'દસમાં ધોરણમાં કેટલા ટકા આવ્યા હતા?' યુવક ગેલમાં આવી ગયો કહે, 'મામા, દસમાં ધોરણમાં ૮૫% અને બારમા ધોરણમાં ૮૦% આવ્યા હતા.' મામા કહે, 'વાહ! બહુ સુંદર. તમે તો હોંશિયાર વિદ્યાર્થી છો. હવે કેટલા ટકા આવે છે?' યુવક નીચું જોઈ ગયો કહે, 'હવે ટકા ઓછા થઈ ગયા છે. પહેલા જેવું વાંચવામાં મન નથી લાગતું. વાંચવા બેસું ને તમાકુ યાદ આવે. પછી ઊઠી જવાય. તમાકુ ખાઉં પછી થોડીવાર વંચાય. પછી ન બેસી શકાય. ભણવામાં ચિત્ત ન ચોંટે.' મામા કહે, ' આનો અર્થ તો એ થયો કે, તમને વ્યસન નહોતું ત્યારે સારું ભણી શકતા હતા.' યુવક કહે, 'હા મામા, એ વાત તો સાચી છે.' મામા કહે, 'એટલે આનો અર્થ એમ પણ થયો કે, તમાકુ ખાવાથી નવા વિચારો આવે છે, શરીરમાં સ્ફૂર્તિ લાગે છે તે વાત ખોટી છે. બરાબર? આ તો તમે પણ સ્વીકારો છો. તો હવે મને તમે તમાકુ ખાવાના ફાયદા ગણાવો. તમે જે કહેતા હતા તે તો ફાયદા ન નીકળ્યા.' યુવક હવે મૂંઝાઈ ગયો. વિચારવા લાગ્યો હું જેને ફાયદો સમજતો હતો તે તો ફાયદાકારક નથી. તો તમાકુ ખાવાના ફાયદા ક્યા? થોડીવારે મામાને કહે, 'મને એક પણ ફાયદો દેખાતો નથી.' મામા કહે, 'તમે જ માનો છો. જો ફાયદાકારક ન હોય તો તેનું વ્યસન શા માટે? તમાકુ ખાવાથી થતા નુકસાન વિશે જાણો છો? તમાકુ શરીર અને મન બન્નેને

નબળું બનાવે છે. પહેલા જ્ઞાનતંતુ ઉશ્કેરાય પછી તે નબળા પડે. પછી મન નબળું પડે અને મન નબળું હોય એટલે વિચારો પણ નબળા આવે. રચનાત્મક કાર્યો બરોબર થઈ શકે નહીં. યાદશક્તિ ઘટતી જાય. એકાગ્રતા ઓછી થાય. તે તમે કબૂલ કરો છો. તંદુરસ્તી જોખમાય. શરીર રોગોનું ઘર બને. આમ થતાં ભાવિ ધૂંધળું થઈ જાય. જીવન દારીદ્રતામાં વિતાવવું પડે. અત્યારે તો પિતા પૈસા આપે.' યુવક કહે, 'મામા, મારી બધી ખિસ્સાખર્ચી તમાકુમાં જ વપરાઈ જાય છે.'

મામા કહે, 'તો પછી? શરૂઆતમાં તમે તમાકુ ખાતા હો, પછી તમાકુ તમને ખાવા લાગે. શરીરને ફોલી નાંખે. ભવિષ્યમાં બધી કમાણી તેમાં વપરાઈ જાય. જીવનમાં આગળ કેવી રીતે વધાય? કહો તો?' યુવક વિચારતો થઈ ગયો. મામાને કહે, 'આટલું બધું ઊંડાણપૂર્વક મેં ક્યારેય વિચાર્યું નહોતું. અને મને આટલી શાંતિથી પ્રેમપૂર્વક કોઈએ સમજાવ્યું પણ નહોતું.' મામા કહે, 'તો હવે તમાકુ છોડી દેશોને?' યુવક કહે, 'હું જરૂર પ્રયત્ન કરીશ.' મામા કહે, 'મનમાં દૃઢ નિશ્ચય કરીએ તો બધું શક્ય બને. વૈજ્ઞાનિકોને સફળતા ન મળે ત્યાં સુધી પ્રયત્નો ચાલુ રાખે છે. સફળ થઈને જ જંપે છે. એમ તમારે પણ સફળ થઈને બતાવવાનું. વ્યસન સારી વસ્તુનું રાખવું. ભગવાન ભજવાનું વ્યસન પાડવું. સારા વાંચનનું વ્યસન પાડવું. તો જીવનમાં આગળ વધાય.' યુવક મામાને પગે લાગ્યો અને મામાને કહે, 'મામા, તમે આશીર્વાદ આપો. તમારા આશીર્વાદથી હું જરૂર સફળ થઈશ. હું તમને વચન આપું છું. વ્યસનમુક્ત બનીને જ રહીશ.' યુવકમાં હકારાત્મક વલણ છે

તે જોઈ મામા રાજી થયા. તેને આશીર્વાદ આપ્યા. યુવક પોતાનામાં નવો આત્મવિશ્વાસ લઈને બહાર આવ્યો.

---

**અઘરા શબ્દો**

આક્રોશ ઠાલવવો = અણગમો વ્યક્ત કરવો

સતેજ = જાગૃત, ઉત્સાહવાળું

ચિત્ત ચોટવું = મન લાગવું.

→ જીવનને નમાલું અને વિચારોને દૂર્બળ બનાવી ભવિષ્ય ધૂંધળું બનાવી દે તેવા વ્યસનોથી દૂર રહેવું.

→ ભગવાન ભજવા, સદ્વાંચન, સદ્પ્રવૃત્તિ, જીવન ઘડતરમાં ઉપયોગી એવા વ્યસનોને જીવનમાં સ્થાન આપો.

## સ્વાધ્યાય

**પ્રશ્નોના ઉત્તર આપો.**

(૧) માતા-પિતા મામા પાસે કઈ ફરિયાદ લઈને આવ્યા હતા?

(૨) યુવકે તમાકુ ખાવાના ક્યા ફાયદા ગણાવ્યા? ખરેખર તે ફાયદા હતા?

(૩) તમાકુ ખાવાના ગેરફાયદા જણાવો?

(૪) યુવકે મામાને શું વચન આપ્યું?

**ખાલી જગ્યા પૂરો.**

(૧) મારો પુત્ર ——— થઈ ગયો છે.

(૨) આપણે ——— આવા ખરાબ વ્યસન હોય તે સારું કહેવાય?

(૩) પુત્રને બહુ ——— ન જોઈએ ——— ની વચ્ચે તો

ક્યારેય નહીં.

(૪) બધાની વચમાં કહે છે ત્યારે મને બહુ ——— લાગે છે.

(૫) તમાકુ ——— અને ——— બન્નેને નબળું બનાવે છે.

(૬) આટલું બધું ——— મેં ક્યારેય વિચાર્યું નહોતું.

(૭) વ્યસન——— વસ્તુનું રાખવું.

(૮) હું તમને——— આપું છું——— બનીને જ રહીશ.

●

# (૩૮) અહંકાર ઓગાળ્યો

મામાને એક વખત મિશનનું કામ હતું. થોડું લખાણ ટાઈપ કરવાનું હતું. મામાએ એક યુવકને બોલાવ્યો. ટાઈપ કેમ કરવું તે સમજાવવા લાગ્યા. યુવકની બાજુમાં એક બીજો યુવક પણ ઊભો હતો. તે અહંકારથી બોલ્યો, 'મામા, લાવો હું ટાઈપ કરી લાવું.' મામા કહે, 'આ ભાઈ કરી આપશે.' તો કહે, 'મામા, મારી ટાઈપિંગ સ્પીડ ઘણી છે. ટાઈપ પણ સરસ કરું છું. થોડીવારમાં જ ટાઈપ કરી લાવીશ.' મામા કહે, 'સારું. તમે કરી લાવો.' મામાએ પહેલા યુવકને કહ્યું, 'તમે થોડીવાર અહીં જ બેસો.' બીજા ભાઈ મનમાં વિચારતા જાય કે, જલદી ટાઈપ કરી મામાને મારી ઝડપ બતાવી આપું. આવું વિચારતા-વિચારતા ટાઈપ કરતા જાય. થોડીવારમાં તો કાગળો સાથે મામા પાસે હાજર થઈ ગયા. મામા કહે, 'અરે! આટલી જ વારમાં ટાઈપ કરી નાંખ્યું? ઝડપ ઘણી કહેવાય.' યુવક રાજી થઈ ફૂલાઈ ગયો. કહે, 'હા મામા. મારી ઝડપ ઘણી છે.' મામાએ કાગળો જોયા. જોતા જ કહે, 'આ શું? આ કેવું ટાઈપ કરી લાવ્યા? બન્ને બાજુ હાંસિયા ક્યાં બરાબર રાખ્યા છે?' યુવક કહે, 'કદાચ એવું રહી ગયું હશે. બીજી કોઈ ભૂલ નહીં હોય.' મામા કહે, 'અરે! તમે તો સ્પેલિંગમાં પણ ભૂલો કરી છે. તમને કોણે કહ્યું તમે સારું ટાઈપ કરો છો?' યુવક કાંઈ બોલી શક્યો નહીં. નીચું જોઈ ઊભો રહ્યો. મામાએ પહેલા યુવકને કાગળો આપ્યા અને કહ્યું, 'વ્યવસ્થિત ટાઈપ કરી લાવજો.

ભલે થોડી વાર લાગે.' યુવક કાગળો લઈ ગયો. મામા ટાઈપ કરી લાવેલા યુવક તરફ વળ્યા કહે, 'બેસો. તમે ભૂલો કરી અને કાગળો પણ બગાડ્યા. તમે અહંકારથી બોલ્યા. પેલા ભાઈને નીચું દેખાડવા માંગતા હતા. તમે કદાચ સારું ટાઈપ કરતા હશો, પરંતુ અહંકાર ભગવાનને ગમતો નથી. તમારો અહંકાર દૂર કરવા ભગવાને આવું દેખાડ્યું. આપણામાં કોઈ ગુણ હોય તો તેનો યોગ્ય રીતે ઉપયોગ કરવો. બીજાને નીચું દેખાડવાનો આશય રાખવો નહીં. તે ગુણનું અભિમાન કરવું નહીં.' યુવક કહે, 'મામા, મારી ભૂલ થઈ. અભિમાન કરવાનું ફળ ભગવાને મને આપ્યું. હું તમને રાજી કરવા માંગતો હતો.' મામા કહે, 'તમારો ભાવ સારો હતો, પરંતુ તેમાં અહંકાર ભળ્યો હતો.' યુવક કહે, 'હા મામા, હવે ક્યારેય ખોટું અભિમાન નહીં કરું.' યુવક મામાને પગે લાગ્યો. મામાએ આશીર્વાદ આપ્યા. યુવકને આજે સાચું જ્ઞાન પ્રાપ્ત થયું હતું.

---

→ મોટા પુરુષ આગળ પોતાની આવડતનું અભિમાન ક્યારેય ન કરવું. નિર્માની થઈ રહેવું.

→ બીજાને નીચું દેખાડવાની ભાવના રાખ્યા સિવાય પોતાની આવડતનો ઉપયોગ કરવો.

## સ્વાધ્યાય

**પ્રશ્નોના ઉત્તર આપો.**

(૧) મામાને શું કામ હતું?

(૨) ટાઈપિંગ જાણનાર યુવકે મામાને શું કહ્યું?

(૩) યુવક કેવું ટાઈપ કરી લાવ્યો હતો?

(૪) ભૂલો પડવા માટે મામાએ ક્યું કારણ આપ્યું?
(૫) યુવકને મામાએ શું સમજાવ્યું?

**ખાલી જગ્યા પૂરો.**

(૧) મારી ——— ની સ્પીડ ઘણી સારી છે.
(૨) બન્ને બાજુ ——— ક્યાં બરાબર રાખ્યા છે?
(૩) ——— ભગવાનને ગમતો નથી.

**વાક્ય પૂર્તિ કરો.**

(૧) તમે ભૂલો કરી અને .......... નીચું દેખાડવા માંગતા હતા.
(૨) તમારો ભાવ......... ભળ્યો હતો.

**યોગ્ય ક્રમમાં ગોઠવો.**

(૧) હોય યોગ્ય કરવો આપણામાં રીતે ઉપયોગ કોઈ તો ગુણ તેનો.
(૨) હવે અભિમાન કરું ખોટું ક્યારેય નહીં.

●

# ૩૯ સંકલ્પમાં સામર્થ્ય

એક યુવક હંમેશાં મામાની સેવામાં આવે. ભણવામાં તેને રસ નહીં. ભગવાનનું ધ્યાન કરવામાં. તેને વિશેષ આનંદ આવે. તેના મનમાં મામાને રાજી કરવાનું એક જ તાન. તેની સેવાથી મામા પણ ઘણા રાજી થાય. પરીક્ષાઓ પૂરી થઈ યુવક મામા પાસે સેવામાં હાજર થઈ ગયો. મામાએ તેને સેવા કાર્ય સોંપી દીધું. મામાએ જોયું કે કાર્યમાં યુવકનું ચિત્ત નથી. મામાએ પૂછ્યું, 'ક્યાં ખોવાયેલો છે? તારું ધ્યાન કામમાં નથી. તું કોઈ ચિંતામાં લાગે છે.' યુવક કહે, 'હા મામા, હું વિચારોમાં જ હતો. મામાએ પૂછ્યું, 'કોઈ તકલીફ છે? મને કહે.' યુવક કહે, 'મામા, મારું ભણવાનું છેલ્લું વર્ષ હતું. પરીક્ષા પૂરી થઈ ગઈ છે. મને થાય છે કે હું પાસ થઈશ કે નહીં?'

મામાએ પૂછ્યું, 'કેમ પેપરો સારા નથી ગયા? બરાબર મહેનત નથી કરી કે શું?' યુવક નીચું જોઈ ગયો. કહે, 'મામા, મને ભણવામાં રસ પડતો નથી. ભગવાનનું ધ્યાન કરવું મને બહુ ગમે છે. તમારી પાસે આવીને સેવા કરવામાં આનંદ આવે છે.' મામા કહે, 'જેવો ઉત્સાહ સેવા કરવામાં દાખવો છો તેવો ભણવામાં પણ રાખવો જોઈએ. જીવનમાં ભણતરનું ઘણું મહત્ત્વ છે. બરાબર ભણો નહીં તો નોકરી ન મળે. જીવન વ્યવહાર ચલાવવો મુશ્કેલ પડે.' યુવક મામાના પગમાં પડી ગયો. કહે, 'મામા, જો હું નપાસ થઈશ તો આખું વર્ષ પાછું એનું એ ભણવું પડશે. જે મને નથી ગમતું. તમે કોઈ માર્ગ

કાઢો. તમે મારા તારણહાર છો. હું તમારે શરણે આવ્યો છું.' મામા કહે, 'તમે ભગવાનના સાચા ભક્ત છો. સેવા પણ ખૂબ સરસ કરો છો. ભગવાન તમારા પર ઘણા રાજી છે, પરંતુ ભણવામાં પૂરતી મહેનત તો કરવી જ જોઈએ.' યુવક કહે, 'મામા, હું પાસ થઈ જાઉં તેવા આશીર્વાદ આપો. તમારા આશીર્વાદથી હું જરૂરથી પાસ થઈ જઈશ. મારા પર આટલી કૃપા કરો.' યુવક ગદ્‌ગદ થઈ મામાને પ્રાર્થના કરવા લાગ્યો. મામાને યુવક પર દયા આવી. કહે, 'સારું. હું ભગવાનને પ્રાર્થના કરીશ. તમારો પરીક્ષાનો સીટ નંબર શું છે?' યુવક કહે, '૪૩૫.' મામા મહારાજની મૂર્તિ પાસે ગયા. થોડીવાર આંખો બંધ કરી ઊભા રહ્યા. યુવકને આશીર્વાદ આપ્યા અને સાકર આપી.

દિવસો વીતતા ગયા. યુવકનું સેવા કાર્ય ચાલતું રહ્યું. રિઝલ્ટનો દિવસ આવી ગયો. યુવકને મામાના વચનમાં સંપૂર્ણ શ્રદ્ધા હતી. તેને વિશ્વાસ હતો હું પાસ થઈ જવાનો છું. કૉલેજમાં રિઝલ્ટ જોવા ગયો. તેને વધારે માર્ક્સની આશા નહોતી. તેણે પાસ ક્લાસમાં નંબર જોવા માંડ્યો. તેમાં નંબર નહોતો એટલે ધ્રાસકો પડ્યો. એક ક્ષણ ધબકારો ચૂકી ગયો. તેને મામા યાદ આવ્યા. ને હિંમત આવી ગઈ. તેણે આગળ જોવા માંડ્યું તો સેકન્ડ ક્લાસમાં તેનો નંબર હતો. તેના આનંદની સીમા ન રહી. મનોમન મામાને વંદી રહ્યો. અચાનક તેને વિચાર આવ્યો. બીજા વર્ષોના ૪૩૫ નંબરોનું શું રિઝલ્ટ આવ્યું હશે? જોયું તો પ્રિપ્રેટરી, એફ.વાય., એસ.વાય. ત્રણેય વર્ષના ૪૩૫ નંબર પણ સેકન્ડ ક્લાસથી પાસ હતા. તેના

આશ્ચર્યનો પાર ન રહ્યો. યુવક મામા પાસે આવ્યો. મામાને પગે લાગ્યો. મામાએ પૂછ્યું, 'કેમ? પાસ થઈ ગયા ને?' યુવક આશ્ચર્યચકિત થઈ મામાને કહે, 'મામા, આપ તો પહેલેથી જ બધું જાણો છો. કેવળ આપના આશીર્વાદથી જ હું તો પાસ થયો છું. મને તો પાસ થવાનીએ આશા નહોતી આપે મને સેકન્ડ ક્લાસ અપાવી દીધો.' મામા કહે, 'તમે ભગવાનના ખરા ભક્ત છો. હૃદયના સાચા ભાવથી સેવા કરો છો. આથી ભગવાને તમારી પ્રાર્થના સાંભળી.'

યુવક કહે, 'હું તો આ બધો આપનો જ પ્રતાપ માનું છું. મામા, મને એક વાતે અનહદ આશ્ચર્ય થયું કે, દરેક વર્ષમાં ૪૩૫ નંબર સેકન્ડ ક્લાસથી પાસ થયો છે. કોઈ નપાસ નથી થયું.' મામા કહે, 'મુક્ત કોઈ પણ સંકલ્પ કરે પછી તે સંકલ્પ બધાને માટે ફળદાયક બને. કોઈ એક વ્યક્તિ પૂરતો સીમિત ન રહે. અનાદિમુક્તના સંકલ્પમાં એવું બળ રહેલું જ હોય છે.' યુવક કહે, 'અહો! અનાદિમુક્તના સંકલ્પમાં આટલું બધું સામર્થ્ય હોય છે તે મને આજે ખબર પડી.' યુવક ભાવવિભોર થઈ કૃતજ્ઞતાપૂર્વક મામાને પગે લાગ્યો. મામાએ રાજી થઈ તેને આશીર્વાદ આપ્યા.

---

→ અનાદિમુક્તના સંકલ્પ કોઈ એક વ્યક્તિવિશેષ પૂરતા સીમિત ન રહેતા દરેકને લાભપ્રદ બને છે.

## સ્વાધ્યાય

**પ્રશ્નોના ઉત્તર આપો.**

(૧) યુવકને ભણવા કરતાં શામાં વધુ આનંદ આવતો હતો?

(૨) મામાએ યુવકને ભણતર વિશે શું સમજાવ્યું?
(૩) યુવકને કઈ બાબત પર અનહદ આશ્ચર્ય થયું?
(૪) અનાદિમુક્તના સંકલ્પ કેવા હોય છે?

**ખાલી જગ્યા પૂરો.**

(૧) મામા મને ——— માં બહુ રસ પડતો નથી. મને તો ——— નું ધ્યાન કરવું બહુ ગમે છે.
(૨) જેવો ——— સેવા કરવામાં દાખવો છો તેવો ઉત્સાહ ——— માં પણ રાખવો જોઈએ.
(૩) મુક્ત એક ——— કરે પછી એ સંકલ્પ બધાને માટે ——— બને.

●

# ૪૦ વર્તમાન ધરાવવાનું રહસ્ય

મામાના ઘરે કાયમ દર્શનાર્થીઓ હોય જ. મોટાભાગે ઘર ખાલી હોય જ નહીં. એક વખત એક દંપતી નાના બાળક સાથે દર્શને આવ્યું. મામાને પગે લાગ્યા. ભાઈ કહે, ‘મામા, મારા પુત્રને વર્તમાન ધરાવી આશીર્વાદ આપો.’ મામાએ બાળકને ખોળામાં લીધો. ચાંદલો કર્યો. કંઠી પહેરાવી મામા ભાઈ સાથે વાતો કરે. બાળક તો મામાના ખોળામાં શાંતિથી સૂતો હતો. મામા કહે, ‘બાળકનો જીવ સારો છે. દૈવી જીવ છે. અમૂક આસુરી જીવો પણ હોય. તે મુક્ત પાસે આવે ત્યારે રડવા માંડે. ચાંદલો પણ ન કરવા દે. છતાંય તેમને મુક્ત પાસે વર્તમાન તો ધરાવી જ લેવા. બાળક તો રડે. પરાણે માથું પકડીને પણ વર્તમાન ધરાવી લેવા.’

ભાઈએ પૂછ્યું, ‘મામા, એવું શા માટે?’ મામા કહે, ‘ભગવાનના મુક્ત જ્યારે જીવને વર્તમાન ધરાવે ત્યારે શુભ સંકલ્પ કરે છે. તેનાથી પૂર્વકર્મો અને કુસંસ્કારો ઘસાઈ જાય. ચૈતન્ય નિર્મળ બને. જીવ ભગવાન તરફ આગળ વધે. મુક્ત એવો સંકલ્પ કરે છે. જેથી તેના ચૈતન્યનું પરિવર્તન થાય છે. તેને સારા વિચારો આવે છે. જેથી સારા સંસ્કારો બંધાય અને જીવનમાં અનેક પ્રકારે રક્ષા થાય. જીવન સુધરી જાય.’

દંપતી કહે, ‘ઓહો! આ તો બહુ મોટું રહસ્ય છે. વર્તમાન ધરાવવા પાછળ આવો મહાન ભાવ રહેલો છે તેની તો અમને આજે જ ખબર પડી.’ મામા કહે, ‘ભગવાનના મુક્ત તો જીવ

કેમ ભગવાન તરફ વળે તે જ જુએ છે. મુક્તના દરેક કાર્યો જીવોના કલ્યાણ કરવા માટે જ હોય છે.'

---

→ નાની બાબતોના મોટા આધ્યાત્મિક રહસ્યો અનાદિમુક્ત દ્વારા જ જાણી શકાય છે.

## સ્વાધ્યાય

**પ્રશ્નોના ઉત્તર આપો.**

(૧) દંપતી મામા પાસે શા માટે આવ્યું હતું?
(૨) જીવો કેટલા પ્રકારના હોય છે?
(૩) વર્તમાન ધરાવવા પાછળનું રહસ્ય સમજાવો?

●

# (૪૧) સાચી રાશિ

સાતથી આઠ વર્ષનો બાળક પરદેશમાં રહે. ત્યાંથી મામાના દર્શને આવ્યો. મામાને પગે લાગ્યો. મામાએ આશીર્વાદ આપ્યા. મામાએ પૂછ્યું, 'તું એકલો જ આવ્યો છે? માતા-પિતા નથી આવ્યા?' છોકરો કહે, 'મામા, હું એકલો જ આવ્યો છું. માતા-પિતા ઘરે છે. અહીં મારા સગાવહાલાને ત્યાં ઉતર્યો છું.' મામા કહે, 'હિંમતવાન છે. પરદેશથી એકલો આવ્યો!' આ બાળકને બધાની સનસાઈન પૂછવાની ટેવ. મામાને પણ તેણે પૂછ્યું, 'મામા, તમારી સનસાઈન શું છે?' મામા કહે, 'તું જાણીને શું કરીશ?' બાળક કહે, 'સનસાઈન પરથી વ્યક્તિનું વ્યક્તિત્વ ખબર પડે. લાક્ષણિકતાઓ જાણી શકાય. ગુણ-દોષ બધા વિષે થોડું - થોડું ખબર પડે.'

મામા હસવા લાગ્યા. આ બાળકને મારી રાશિ જાણવી છે. તેના પરથી મારું વ્યક્તિત્વ જાણવું છે! સારું. મામા કહે, 'મારી સનસાઈન ડિવાઈન પાવર છે.' બાળક અચરજમાં પડી ગયો. કહે, 'એ કઈ સાઈન? એવી તો કોઈ સાઈન હોતી નથી.' મામા કહે, 'મારી તો એ જ સાઈન છે. મારી પાસે ડિવાઈન પાવર છે.' બાળક મૂંઝાઈ ગયો. કહે, 'મામા, ડિવાઈન પાવર એટલે શું?' મામા કહે. 'ડિવાઈન પાવર એટલે ભગવાનની દિવ્ય શક્તિ. આ શક્તિ મારી સાથે સદાય હોય છે.' બાળકે પૂછ્યું, 'મામા, એ શક્તિથી શું થાય?' મામા કહે, 'હું તને સમજાય તેવી રીતે કહું છું. જેની પાસે આ પાવર હોય તેનામાં સંપૂર્ણ

કોન્ફીડન્સ (આત્મવિશ્વાસ) હોય. તેનાથી દરેક કાર્યો સરસ રીતે થાય. તેનામાં પોઝીટીવ એટીટ્યુડ (હકારાત્મક વલણ) હોય. ભગવાન તેની બધી પ્રાર્થના સાંભળે. તેને કોઈની બીક ન રહે. કોઈ કાર્યમાં તેઓ પાછા ન પડે. ભગવાન તેની સાથે અખંડ હોય.' બાળક કહે, 'મામા, હું તો બહુ પ્રશ્નો પૂછીશ. આપને કંટાળો નહીં આવેને?' મામા કહે, 'ના. બાળકો પ્રશ્નો પૂછે તે મને બહુ ગમે. હું તને બરાબર સમજાવીશ. બધાના સંતોષકારક ઉત્તર આપીશ. તારે જેટલા પ્રશ્નો પૂછવા હોય તેટલા પૂછજે.'

બાળક ખુશ થઈ ગયો. કહે, 'ભગવાન અખંડ સાથે હોય એટલે શું?' મામા કહે, 'અખંડ એટલે કાયમ. ભગવાન એક સેકંડ પણ દૂર નહીં. સેકંડના કરોડ ભાગ કરીએ એટલી વાર પણ ભગવાન દૂર ન હોય તેને અખંડ ભેળા કહેવાય. ભગવાનને અખંડ રાખે તેની પાસે ડિવાઈન પાવર આવે.' બાળક કહે, 'ડિવાઈન પાવર ફક્ત તમારી પાસે જ હોય? બીજા કોઈને આ પાવર મળે?' મામા કહે, 'કેમ નહીં? ચોક્કસ મળે.' બાળકે જોશમાં આવી જઈ પૂછ્યું, 'તો મને પણ ડિવાઈન પાવર મળી શકે?' મામા કહે, 'જરૂરથી.' બાળક કહે, 'મારે ડિવાઈન પાવર મેળવવા શું કરવું પડે?' મામા કહે, 'ભગવાનને અખંડ સંભારવા પડે. ભગવાનના નામનો અખંડ જપ કરવો પડે.' બાળક કહે, 'અખંડ એટલે હંમેશાં. તો પછી ભણવાનું કેવી રીતે? બીજા કામ કેવી રીતે થાય?' મામા કહે, 'આ તો છેલ્લા સ્ટેજની વાત છે. તારે તો કોઈ પણ કામ કરતાં પહેલાં ભગવાનને યાદ કરવાના. ભગવાનને કહેવાનું,

ભગવાન, તમે મારા કાર્યમાં સાથે રહો. સાથે રહી કામ પાર પાડો. ખરા ભાવથી પ્રાર્થના કરવાની. પાણી પીએ તો પણ યાદ કરવાના. એમ દરેક કામમાં યાદ કરવાના. ખાલી સમયમાં ભગવાનના નામનો જપ કરવાનો. એમ કરતા ધીરે ધીરે આગળ વધાય.'

બાળક કહે, 'કેટલા વખતમાં ભગવાન અખંડ ભેળા રહે?' મામા કહે, 'ભગવાન તો સાથે જ છે. આપણો ભાવ ન હોય એટલે ખબર ન પડે.' બાળક કહે, 'ભગવાન સાથે છે તો ડિવાઈન પાવર ક્યાં આવે છે?' મામા કહે, 'ભગવાનને અખંડ સંભારીએ એટલે ધીરે ધીરે ભગવાન આપે.' બાળક કહે, 'ધીરે ધીરે એટલે ક્યારે?' મામા હસવા લાગ્યા. કહે, 'જો સાંભળ. તારે ભણવામાં કોઈ સારી ડિગ્રી લેવી હોય તો કેટલા વરસ ભણવું પડે? તું અત્યારથી ભણે છે બરાબર. હજી ઘણો મોટો થઈશ ત્યાં સુધી ભણીશ.' બાળક કહે, 'હા, પંદરથી સત્તર વર્ષ ભણવું પડે.' મામા કહે, 'સત્તર વર્ષ સુધી ભણે ત્યારે આ લોકની ડિગ્રી મળે. તો પછી પૂર્ણ પુરુષોત્તમ ભગવાન તો કેવા મહાન છે. ડિવાઈન છે. તેમની ડિવિનીટી (દિવ્યતા) પ્રાપ્ત કરવા થોડા વરસ તો મહેનત કરવી પડે ને? તેના માટે ભગવાન વિષેનું જ્ઞાન હોવું જોઈએ. જેમ ભણવામાં ટીચરની જરૂર પડે છે, તેમ આમાં પણ સાચા ગાઈડની જરૂર પડે. સાચા ગાઈડન્સથી (માર્ગદર્શન) જ આ રસ્તા પર આગળ વધી શકાય.' બાળક કહે, 'મામા, મારે ભગવાનને રાજી કરવા છે. ડિવાઈન પાવર જોઈએ છીએ. તમે મને માર્ગદર્શન આપશો.' મામા કહે, 'જરૂરથી બેટા! બધાને માર્ગદર્શન આપવા માટે જ

ભગવાને મને મોકલ્યો છે.' બાળક ખુશ થઈ મામાને પગે લાગ્યો. મામાએ તેને આશીર્વાદ આપ્યા.

---

→ શ્રીજીમહારાજનું જ્ઞાન જીવો સુધી પહોંચાડવા અને તે માર્ગે જીવોને લઈ જવા જ અનાદિમુક્તનું અવતરણ હોય છે.

→ અનાદિમુક્તમાં એ ખાસિયત છે કે, વ્યક્તિના પ્રશ્નોના સંતોષકારક ઉત્તર તેમની પાસે હોય છે.

## સ્વાધ્યાય

**પ્રશ્નોના ઉત્તર આપો.**

(૧) બાળક કેટલા વર્ષનો હતો?

(૨) બાળકે મામાને શું પૂછ્યું?

(૩) મામાએ પોતાની સનસાઈન કઈ કહી?

(૪) મહારાજની દિવ્ય શક્તિ જેમની પાસે હોય તેમનાથી શું શું થઈ શકે?

(૫) ભગવાન અખંડ ભેળા કઈ રીતે રહે?

(૬) બાળકોએ મહારાજને અખંડ ભેળા કઈ રીતે રાખવા?

(૭) ભગવાનની દિવ્યશક્તિ પ્રાપ્ત કરવા કોની જરૂર પડે છે?

**વાક્ય પૂર્તિ કરો.**

(૧) ડિવાઈન પાવર એટલે...... સાથે સદાય હોય.

(૨) અખંડ એટલે........ તેને અખંડ ભેળા કહેવાય.

(૩) પૂર્ણ પુરુષોત્તમ ભગવાન......... મહેનત કરવી પડે.

●

# ૪૨ લખતા શિખવ્યું

મામા પરદેશ ગયા હતા, તે વખતે એક હરિભક્તના ઘરે ગયા. તેમના બાળકો હોમવર્ક (ગૃહકાર્ય) કરતા હતા. મામાએ જોયું કે, બન્ને બાળકો નોટ સાવ આડી રાખીને લખતા હતા. આથી તેમના અક્ષરો આડા આવતા હતા. મામાએ પૂછ્યું, 'તમારા અક્ષરો આડા શા માટે નીકળે છે?' બાળકો કહે, 'ખબર નહીં. અમારા અક્ષરો તો આવા જ છે.' મામા કહે, 'તમે નોટ આડી રાખીને લખો છો માટે. નોટ સીધી રાખીને લખો તો અક્ષરો સીધા થાય.' બાળકો કહે, 'કેવી રીતે? અમને ખબર પડતી નથી.'

મામાએ નોટ સીધી રાખી બતાવી. બાળકોએ લખવાનો પ્રયત્ન કર્યો, પણ ફાવ્યું નહીં. કહે, 'મામા, આવી રીતે તો ફાવતું જ નથી. સીધી નોટ રાખી કેવી રીતે લખી શકાય?' મામાએ કાગળ મંગાવ્યો. સીધો રાખી સુંદર અક્ષરે જય શ્રી સ્વામિનારાયણ લખ્યું. છોકરાઓ કહે, 'વાહ! આપના અક્ષરો તો બહુ જ સુંદર છે!' મામા કહે, 'હું નોટ સીધી રાખી લખું છું માટે મારા અક્ષરો સીધા અને સુંદર થાય છે. તમે સીધી નોટ રાખી પ્રયત્ન કરો. ધીરે ધીરે આવડી જશે. અક્ષરો પણ સીધા અને સુંદર નીકળશે.' મામા હરિભક્તો સાથે વાતો કરવા લાગ્યા. બાળકોએ થોડીવાર નોટ સીધી રાખી લખ્યું. બહુ ફાવ્યું નહીં. એટલે પાછી નોટ આડી રાખી લખવા લાગ્યા. મામાનું ધ્યાન ગયું કહે, 'જો ફરી પાછા આડી નોટ રાખી લખવા લાગ્યા!' બાળકો

કહે, 'આડી નોટ રાખી લખીએ તો શું થાય?' મામા કહે, 'હું તમને સમજાવું. આડી નોટ રાખવાથી અક્ષરો આડા નીકળે બરાબર?' બાળકોએ હા પાડી. મામા કહે, 'અક્ષરો આડા હોય એ અવ્યવસ્થિતતાની નિશાની છે. એને લીધે જીવનમાં બીજા કાર્યોમાં પણ અવ્યવસ્થિતતા આવે. સારા અક્ષરોથી વાંચનાર પર છાપ સારી પડે. તમને ખબર છે અક્ષરો પરથી તો માણસનું વ્યક્તિત્વ જાણી શકાય છે. માણસની લાક્ષણિકતાઓ ખબર પડે છે. સારા અક્ષરોવાળો માણસ જીવનમાં વ્યવસ્થિત હોય. અને વ્યવસ્થિત માણસ જ જીવનમાં સફળ થાય. સારા અક્ષરોનું જીવનમાં ઘણું મહત્ત્વ છે.' બાળકો કહે, 'બાપ રે! અક્ષરોને કારણે આટલું બધું! લાગે છે અક્ષરો પરથી તો જીવન જાણી શકાય.'

મામા કહે, 'તમે નાના છો. અત્યારથી ટેવ પાડશો તો સારા અક્ષરો અને લખવાની સાચી રીત જરૂરથી કેળવી શકશો.' બાળકો કહે, 'મામા, હવેથી અમે નોટ સીધી રાખી અક્ષરો સીધા લખીશું. તમે અમને આશીર્વાદ આપો એટલે અમને બધું સારી રીતે આવડે.' મામાએ બન્ને બાળકોને આશીર્વાદ આપ્યા.

---

→ નાનકડી બાબત પણ જીવન ઘડતરમાં અમૂલ્ય ભાગ ભજવે છે.

→ મામા બાળકોની દરેક નાની બાબતો પર ધ્યાન આપી બાળકોનું ઘડતર કરવાના પ્રયત્નો કરતા.

## સ્વાધ્યાય

**પ્રશ્નોના ઉત્તર આપો.**

(૧) મામા ક્યાં ગયા હતા?

(૨) બાળકો શું કરતા હતા?
(૩) બાળકો કેવી રીતે લખતા હતા?
(૪) મામાએ બાળકોને કેવી રીતે લખવાનું કહ્યું?
(૫) સારા અક્ષરોની જીવન પર અસર જણાવો?

**ખાલી જગ્યા પૂરો.**

(૧) તમારા અક્ષરો ——— શા માટે નીકળે છે?
(૨) નોટ ——— રાખી લખો તો ——— સીધા થાય.
(૩) અક્ષરો આડા હોય એ ——— ની નિશાની છે?
(૪) અક્ષરો પરથી તો માણસનું ——— જાણી શકાય છે.
(૫) અને ——— માણસ જ જીવનમાં ——— થાય.

**યોગ્ય ક્રમમાં ગોઠવો.**

(૧) સુંદર બહુ અક્ષરો વાહ તો જ આપના છે.
(૨) નિશાની હોય અવ્યવસ્થિતતાની એ છે અક્ષરો આડા.
(૩) અત્યારથી જરૂરથી સારા લખવાની ટેવ સાચી શકશો તો અક્ષરો કેળવી પાડશો અને રીત.

●

# ૪૩ ઇગો સર્જરી

મહિનાના છેલ્લા રવિવારે મિશનમાં સભા થાય. તેમાં ઘણીવાર બાળકો પણ કીર્તન ગાય. તેમાં એક બાળકનો અવાજ સારો કીર્તનો સારા ગાય. પ્રોત્સાહન આપવા મામા તેના વખાણ કરે. એનું બાળકને અભિમાન આવી ગયું. વિચારે કે મારા જેવું કોઈ ગાઈ શકતું નથી. હું સારું ગાઉં છું. મામાને પણ ગમે છે. મારા સિવાય બીજા કોઈએ સભામાં કીર્તન ગાવાનું નહીં. કોઈ બીજા બાળકો ગાવાનું કહે તો જિદ્દી થઈ ના પાડે. અને અપમાનજનક રીતે કહે, 'તને નહીં આવડે. સભામાં તો જે સરસ ગાઈ શકે તેણે જ ગાવું જોઈએ.' કાયમ તે ગાતો હોવાથી બાળકો ચૂપ થઈ જાય.

મામાને ખબર પડી ગઈ. તેમને થયું આ યોગ્ય ન કહેવાય. આથી મામાએ કહ્યું, 'આજે સભામાં બીજા બાળકો કીર્તન ગાશે. તેઓને પણ અવસર મળવો જોઈએ.' મામાએ કહ્યું એટલે તે બાળક કાંઈ બોલ્યો નહીં, પરંતુ તેનો અહમ્ ઘવાયો. બીજા બાળકો ખુશ થઈ ગયા. મામાને પગે લાગી કહે, 'મામા, અમે સારું ગાવાનો પ્રયત્ન કરીશું.' મામા કહે, 'ભગવાનને સંભળાવું છું એમ વિચારી ગાવું એટલે સરસ ગવાય.' સારું ગાનાર બાળકે તો સભામાં આવવાનું જ બંધ કરી દીધું. એક સભા ગઈ, બીજી સભા પણ ગઈ. તે તો દેખાતો બંધ થઈ ગયો. મામા સમજી ગયા. થોડા વખત પછી મિશનમાં આવ્યો. મામાએ તેને બોલાવી પાસે બેસાડ્યો અને પૂછ્યું, 'કેમ

સભામાં નથી આવતો?' બાળકે જવાબ આપ્યો, 'અમસ્તો જ.' મામા કહે, 'કોઈ કારણ વગર જ સભામાં આવવાનું બંધ કરી દીધું? હું તને કહું, તું શા માટે નથી આવતો? મેં બીજા બાળકોને કીર્તન ગાવાનું કહ્યું એટલે તને ખોટું લાગ્યું. તું એમ માને છે કે, તું જ સારું ગાઈ શકે છે. તું ચોક્કસ સારું ગાય છે, પરંતુ તને તેનો અહંકાર છે. આ સૂક્ષ્મ અહંકાર તારા સદ્‌ગુણોને ઢાંકી દે છે અને ઈર્ષારૂપ દુર્ગુણને ઉજાગર કરે છે. બીજા જે સારું ગાઈ શકતા હોય તેઓને પણ અવસર આપવો પડે કે નહીં?' બાળક કહે, 'જ્યારે બીજા કીર્તન ગાય ત્યારે મને નથી ગમતું. મને એમ થાય છે કે, તેના કરતાં હું વધારે સારું ગાઉ છું.'

મામા કહે, 'હું જ સારું ગાઉં છું અને બીજા નહીં એ જ અહંકાર છે.' બાળક કહે, 'હું શું કરું?' મામા કહે, 'હા. એ હું તને સમજાવી શકું. તને યોગ્ય સમાધાન બતાવી શકું. શરીરમાં કોઈ ભાગ ખરાબ થઈ ગયો હોય, સડી ગયો હોય તો ડૉક્ટર શું કરે?' બાળક કહે, 'ડૉક્ટર સર્જરી કરે છે. ઑપરેશન કરી એ ભાગ સાજો કરે.' મામા કહે, 'બરાબર. ડૉક્ટર તો ફક્ત શરીરની સર્જરી કરી શકે. કોઈ ડૉક્ટર મનની સર્જરી ન કરી શકે. મનમાં જે સડો હોય તેની સર્જરી તો પોતે જ કરવી પડે. તારામાં જે અહંકાર છે, તે મનનો સડો છે. તેને તારે દૂર કરવો પડે. ઈગો સર્જરી તારે જ કરવાની.' બાળક કહે, 'કેવી રીતે?' મામા કહે, 'હું બધી રીતે મદદ કરીશ. જરૂર પ્રમાણે માર્ગદર્શન પણ આપીશ. પ્રયત્નો તો તારે જ કરવાના રહેશે.' બાળક કહે, 'ભલે મામા. તમે માર્ગદર્શક છો તો હું પણ પૂરતો પ્રયત્ન

કરીશ. અને અહંકારરૂપી સડાને મારા મનમાંથી દૂર કરીશ.' મામા કહે, 'તારી પાસે જે કાંઈ ગુણો છે, તે સર્વે મહારાજના છે તેમ વિચારવું. બધા સદ્‌ગુણો મહારાજને સમર્પિત કરવા. હું મહારાજની મૂર્તિમાં રહેલો મુક્ત છું. મારા દ્વારા શ્રીજીમહારાજ કાર્ય કરે છે, એમ વિચારવું. જ્યારે ગુણો મહારાજના, અને કાર્ય કરનાર પણ મહારાજ હોય પછી આપણે અહંકાર કરનાર કોણ? બરાબર. આમ વિચારતા-વિચારતા સૂક્ષ્મ અહંકાર પણ જતો રહે. મહારાજ પણ રાજી થાય.'

મોટા-મોટા યોગીઓને પણ કાબુમાં ન આવતા અહંકારને જીતવાનો કેવો સરળ અને સચોટ ઉપાય! આવું સમજીને જો અહંકાર જીતવાનો પ્રયત્ન ન કરે તો બાળક તો શું પણ ગમે તેવો વિદ્વાન કે યોગી હોય તો પણ તેનું કલ્યાણ ન થાય.

---

→ જીવોમાં રહેલી ત્રુટિઓ અનાદિમુક્ત ઓળખાવે ત્યારે દેખાય અને તેઓ કૃપા કરે ત્યારે દૂર થાય.

→ શરીર કરતાં મનના દુર્ગુણો વધુ હેરાન કરે છે તેને દૂર કરવા જ રહ્યા.

## સ્વાધ્યાય

**પ્રશ્નોના ઉત્તર આપો.**

(૧) મિશનમાં ક્યારે સભા થાય છે?

(૨) સભામાં બાળકો શું કરતા?

(૩) બાળકને શા માટે ખોટું લાગ્યું?

(૪) ખોટું લાગવા માટે મામાએ બાળકને ક્યું કારણ કહ્યું?

(૫) મામાએ બાળકને કઈ સર્જરી કરવાનું કહ્યું?
(૬) આપણામાં રહેલા ગુણો કોને સમર્પિત કરવા?

**વાક્ય પૂર્તિ કરો.**

(૧) આ સૂક્ષ્મ અહંકાર...... દુર્ગુણોને ઉજાગર કરે છે.
(૨) બધા સદ્ગુણો મહારાજને....... શ્રીજીમહારાજ કાર્ય કરે છે.

●

# ૪૪ પ્રાર્થનાની સાચી રીત

બારમાં ધોરણનું રિઝલ્ટ આવ્યું. એક યુવક હરખભેર મામા પાસે આવ્યો. મામાને પગે લાગ્યો. કહે, 'મામા આપના આશીર્વાદથી મને બારમાં ધોરણમાં ૭૦% આવ્યા છે.' મામાએ આશીર્વાદ આપ્યા. પૂછ્યું, 'હવે આગળ શું ભણવાનો વિચાર છે?' યુવક કહે, 'મામા, મિકેનિકલ એન્જિનિયરિંગમાં એડ્‌મિશન લેવા વિચાર છે. મામાએ પૂછ્યું, 'અમદાવાદમાં એડ્‌મિશન મળી જશે?' યુવક કહે, 'હા મામા, ટકા સારા છે એટલે મળી જશે.' મામાએ પૂછ્યું, 'અમદાવાદમાં ન મળે તો પછી ક્યાં મળે?' યુવક કહે, 'સુરત, વડોદરા કે વિદ્યાનગર એ યુનિવર્સિટી સારી ગણાય. ત્યાં એડ્‌મિશન લઈશ.' મામાએ ફરી પૂછ્યું, 'ત્યાં પણ ન મળે તો?' યુવક કહે, 'મામા, એવું બનવા સંભવ નથી. લગભગ મળી જ જશે.' મામા કહે, 'સારું એડ્‌મિશન મળે પછી મને જાણ કરજો.'

એ વર્ષે મિકેનિકલ એન્જિનિયરિંગમાં ઘણો ધસારો થયો. ધીરે ધીરે એડ્‌મિશન ભરાવા લાગ્યા. અમદાવાદમાં યુવકનો નંબર ન આવ્યો. યુવકને હવે ચિંતા થવા લાગી. તે મામા પાસે આવ્યો. કહે, 'મામા, આપને બધી જ જાણ હોય છે. આપ જ્યારે પૂછતા હતા, ત્યારે હું સમજી ન શક્યો. યુવકને મામાનો ખૂબ ભાવ, મામા વિષે અતૂટ શ્રદ્ધા. તેને ખબર હતી, મામા કહે તેમ થાય. આથી મામાને કહ્યું, 'મામા, તમે મહારાજને પ્રાર્થના કરો કે, સુરત, વડોદરા કે વિદ્યાનગર ગમે તે એક

જગ્યાએ મને એડ્મિશન મળી જાય.' મામા કહે, 'કેમ આ ત્રણ જ જગ્યા, બીજે ન જઈ શકાય?' યુવક કહે, 'મામા એ યુનિવર્સિટી સારી ગણાય છે. ગુજરાત યુનિવર્સિટીના બીજા ગામોનું ભણતર બહુ સારું નથી ગણાતું. મામા તમે મારા માટે પ્રાર્થના કરો. મહારાજ તમારી પ્રાર્થના જરૂરથી સાંભળશે.' મામાને યુવકની કાળજી હતી. આથી તેને બધી બાબતો વિશે પૂછતા હતા.

મામાએ પૂછ્યું, 'બહારગામ ભણવા જાવ તો રહેવા-ખાવાનું કેમ થાય?' યુવક કહે, 'મામા હૉસ્ટેલમાં રહી શકાય.' મામા કહે, 'એ બધાનો તો ઘણો ખર્ચ આવે. તેનું કેમ કરશો?' યુવક કહે, 'મારા પિતાજી કહે છે, ગમે તેમ કરકસર કરીને પણ મારો ખર્ચ ભોગવશે.' યુવક આગ્રહપૂર્વક મામાને કહેવા લાગ્યો, 'મામા, તમે મહારાજને પ્રાર્થના કરો. મને સારી જગ્યાએ એડ્મિશન મળી જાય.' મામાએ યુવકને પાસે બેસાડ્યો અને પ્રેમથી કહેવા લાગ્યા, 'જો ભગવાનને આમ જ કરો એવી પ્રાર્થના ક્યારેય ન કરાય. અમુક રીતનું કાર્ય કરાવવાનો આગ્રહ ન રખાય. ભવિષ્યમાં તમારું શેમાં સારું થવાનું છે તે એક ભગવાન જ જાણી શકે. આથી ભગવાનને એમ પ્રાર્થના કરવી કે, હે મહારાજ! મારું જેમ હિત હોય તેમ કરજો.' યુવકે મામાને ફરી સારી જગ્યાના એડ્મિશન માટે પ્રાર્થના કરવા કહ્યું, મામા કહે, 'હજુ આગ્રહ રાખો છો. હું મહારાજને પ્રાર્થના કરીશ. તમારું જેમાં હિત હશે તેમ થશે.' યુવક પગે લાગી ગયો.

યુવકને ભાવનગરની કૉલેજમાં એડ્મિશન મળ્યું. તેને મનમાં વસવસો રહ્યો કે મામાએ મહારાજને પ્રાર્થના કરી હોત

તો મને સારી જગ્યાએ એડ્‌મિશન મળી જાત. તે ખિન્નભાવે મામા પાસે આવ્યો. તેને જોઈ મામા કહે, 'તમારા ભવિષ્યની તમને જાણ નથી, માટે અત્યારે તમે ઉદાસ છો. તમારું હિત આમાં જ સમાયેલું છે. ભગવાન આપણને જે પરિસ્થિતિમાં રાખે તેનો સહર્ષ સ્વીકાર કરવો. એજ પરિસ્થિતિ તમારા માટે યોગ્ય હોય તમારા માટે તે સર્જાયેલી છે અને ભગવાને આપેલી છે, પછી દુઃખ શા માટે? આનંદથી ભાવનગર જાઓ.' મામાના વચનથી યુવકને આશ્વાસન મળ્યું. મામાના આશીર્વાદથી મહિને ફક્ત સો રૂપિયાના મામૂલી ખર્ચમાં રહેવા ખાવાની સગવડ મળી ગઈ.

એક વર્ષ પછી યુવક મામાના દર્શને આવ્યો. તેના ચહેરા પર ખુશી ઝળકી રહી હતી. મામાને પગે લાગી કહે, 'મામા આપની દયાનો પાર નથી. મારા ભવિષ્યની આપને અને ભગવાનને જ જાણ હતી. મને તો પ્રાર્થના કરતા પણ નહોતું આવડતું. આપે શીખવાડ્યું.' મામાએ પૂછ્યું, 'શું વાત છે?' યુવક કહે, 'મને બીજી યુનિવર્સિટીમાં એડ્‌મિશન ન મળ્યું ત્યારે હું દુઃખી થયો હતો, પણ અત્યારે તે સારું લાગે છે. ભાવનગર ગુજરાત યુનિવર્સિટીમાં જ હોવાથી મેં ટ્રાન્સફર માંગી અને મને બીજા વર્ષે અમદાવાદમાં એડ્‌મિશન મળી ગયું છે. હું હવે અમદાવાદમાં જ ભણી શકીશ અને મને આપની સેવાનો પણ લાભ મળશે. મામા કહે, 'ત્યારે તમે નાહક દુઃખી થતા હતા. મહારાજ બધું જાણતા હોય છે.' યુવક મામાને ભક્તિભાવથી વંદી રહ્યો.

---

→ આપણું હિત શેમાં છે તે અનાદિમુક્ત અને ભગવાન જ

જાણે છે.

→ મુક્તરાજ શીખવે છે કે ભગવાન અને મુક્તોને આમ જ કરો તેમ આગ્રહપૂર્વક ન કહેવું.

→ ભગવાનને કેવી પ્રાર્થના કરવી તે અનાદિમુક્ત પાસેથી જ શીખવા મળે છે.

## સ્વાધ્યાય

**પ્રશ્નોના ઉત્તર આપો.**

(૧) ક્યા ધોરણનું રિઝલ્ટ આવ્યું હતું?

(૨) યુવક ક્યા ગામમાં એડ્‌મિશન મેળવવા ઈચ્છતો હતો? શા માટે?

(૩) યુવક મામાને કેવી પ્રાર્થના કરવાનો આગ્રહ કરતો હતો?

(૪) મામાએ યુવકને કેવી પ્રાર્થના કરવાનું શીખવ્યું?

(૫) યુવક પાછો અમદાવાદ કેવી રીતે ભણવા આવી શક્યો?

**વાક્ય પૂર્તિ કરો.**

(૧) મામા તમે મહારાજને........... એડ્‌મિશન મળી જાય.

(૨) ભગવાનને એમ કહેવું.......... તેમ કરજો.

(૩) ભગવાન આપણને.......... સહર્ષ સ્વીકાર કરવો.

# ૪૫ રોજનું કામ રોજ

આખું વૅકેશન બાળકો મામા પાસે આવે. મામા બધામાં સંસ્કારસિંચન કરે. સંપીને રહેવું. એકબીજાની ઈર્ષા ન કરવી. ઝગડવું નહીં. ખરાબ વ્યસનોથી દૂર રહેવું. પુસ્તકો તથા અન્ય વસ્તુ વ્યવસ્થિત કેવી રીતે મૂકવી વગેરે અનેક બાબતો બાળકોને સમજાવે. ભગવાનની વાતો કરી આધ્યાત્મિક પોષણ આપે. વૅકેશન પૂરું થવા આવ્યું હતું. બાળકો મામા પાસે બેઠા હતા. એક બાળક કહે, 'મામા, મઝા કરવાના હવે દસ દિવસ રહ્યા. પછી સ્કૂલ ચાલુ થઈ જશે.' બીજો કહે, 'પછી તમારી પાસે આવવાનો બહુ સમય નહીં મળે. વૅકેશનમાં આપની પાસે બહુ મઝા આવી.'

મામાએ આમ-તેમ નજર ફેરવીને પૂછ્યું, 'તમારી ટોળકીમાં એક સભ્ય કેમ ઓછો છે?' બાળકો કહે, 'મામા, હવે તે નહીં આવી શકે.' બીજો કહે, 'હવે રાત-દિવસ જાગશે ત્યારે પાર પડશે.' મામાએ પૂછ્યું, 'કેમ શું થયું!' બાળક કહે, 'મામા એ તો આળસુ છે. આખું વૅકેશન રમ્યા કર્યું. શાળાનું હોમવર્ક (ગૃહકાર્ય) કર્યું જ નહીં. નોટોને પૂઠાં પણ ન ચડાવ્યાં. હવે બધું કામ ભેગું થયું છે.' બીજો કહે, 'તેનું તો બધા વિષયોનું હોમવર્ક બાકી છે.' ત્યાં તો એ બાળક આવ્યો. મામાએ પૂછ્યું, 'કેમ નહોતા આવતા?' બાળક કહે, 'હોમવર્ક કરવાનું હતું. સ્કૂલમાંથી કેટલું બધું હોમવર્ક આપે છે. એટલું બધું કોઈ કરી શકે? અત્યારે થાકી ગયો હતો એટલે તમારી પાસે આવ્યો.'

મામા કહે, 'તમારા મિત્રોનું તો હોમવર્ક પતી ગયું છે. તો પછી તમારું  શા માટે નથી પત્યું?' બાળક કહે, 'ખબર નહીં. મારાથી તો થતું નથી. થાક લાગે છે.' મામા કહે,  'તમે બધું ભેગું કર્યું છે માટે થાક લાગે છે. રોજનું કામ રોજ કરીએ તો ભેગું ન થાય. નથી કર્યું એટલે કાર્યભાર વધી ગયો છે.' બાળક કહે, 'મામા એ તો હું રાત-દિવસ જાગીને પૂરું કરી લઈશ.' મામા કહે, 'આવી ટેવ સારી નથી. છેલ્લે બધું કાર્ય કરવા બેસો ત્યારે એ કાર્ય બરાબર ન થાય. કામ કરતાં પહેલાં ટાઈમટેબલ (સમયપત્રક) બનાવી લેવું જોઈએ. રોજ આટલું કામ કરીશ. એમ કરવાથી કામ સમયસર પૂરું થાય. પછી બીજા કામની ગોઠવણ કરવી હોય તો થઈ શકે. રોજ થોડું-થોડું કરીએ તો કાર્ય એકાગ્રતાપૂર્વક થાય.' બાળક કહે, 'રોજ થોડું-થોડું કરવું એટલે રોજની ચિંતા. એના કરતાં આ તો થોડા દિવસમાં બધું પતાવી દેવાનું.' મામા કહે, 'ઉતાવળથી કરેલા કામની ગુણવત્તા ઓછી હોય છે. અને કદાચ કાર્ય સમયસર પૂરું ન પણ થાય. આવી ટેવ પડે તો જીવનમાં નિયમિતતા ન આવે. પછી બધા જ કાર્યો ગમે-તેમ કરવાની ટેવ પડી જાય.' બાળક પોતાની ભૂલ સ્વીકારતો નહોતો. મામાને કહે, 'પરંતુ કાર્ય થાય તો ખરું ને!' મામા કહે, 'પછી તમને કાર્ય તપાસવાનો સમય રહે છે, જે લખ્યું છે તે બરાબર છે કે નહીં? ઉતાવળને કારણે અક્ષરો પણ ખરાબ નીકળે. જુઓ હું તમને બીજી રીતે સમજાવું. તમે રોજ કેટલી વખત ખાઓ છો?' બાળક કહે, 'બે વખત જમવાનું અને બે વખત નાસ્તો.' મામા કહે, 'હવે આ બધું ચાર દિવસનું તમને એક સાથે ખાવા આપે તો ચાલે? પછીના

ચાર દિવસ કાંઈ નહીં ખાવાનું.' બાળક કહે, 'ચાર દિવસનું એક સાથે! એટલું બધું તો કેવી રીતે ખવાય? ઊલ્ટી થઈ જાય. અને પછીના દિવસોમાં ઉપવાસ! મરી જવાય.' મામા કહે, 'બરાબર છે તમારી વાત. તેવી જ રીતે બધું હોમવર્ક એક સાથે કરો તો કાંઈ ન સમજાય. જેમ એક સામટું ખાવાથી પેટમાં નથી રહેતું. પેટ બહાર કાઢી નાંખે છે. તેમ એક સામટું મગજમાં ન ઊતરે. બધું બહાર જ રહે. એટલે યોગ્ય ટાઈમ મૅનેજમેન્ટ (સમયનું યોગ્ય આયોજન) શીખવું જોઈએ. હવે સમજાયું?' બધા બાળકો પણ એક અવાજે બોલ્યા, 'કાંઈ સમજાયું? રોજનું કામ રોજ કરવાનું.' બાળકે પોતાની ભૂલ ખેલદિલીપૂર્વક સ્વીકારી. કાન પકડી મામા પાસે ઊભો રહ્યો. મામાને કહે, 'તમે મારા સાચા ગુરુ. તમે મારી ભૂલ મને સમજાવી. હવેથી હું રોજનું કામ રોજ કરી લઈશ.' મામા કહે, 'તેં બધાની વચ્ચે તારી ભૂલ સ્વીકારી છે. આ કામ સહેલું નથી. હું રાજી થયો.' મામાએ તેને આશીર્વાદ આપ્યા.

પછી તે બાળક પરીક્ષામાં સારા માર્ક્સ લાવ્યો.

---

→ રોજનું કામ રોજ કરવાથી જીવનમાં નિયમિતતા આવે છે અને કાર્યશક્તિ વિકસે છે.

→ નાની બાબતો પણ જીવન ઘડતરમાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

## સ્વાધ્યાય

**પ્રશ્નોના ઉત્તર આપો.**

(૧) મામા બાળકોમાં કઈ રીતે સંસ્કારસિંચન કરતા?

(૨) એક બાળક વૅકેશનના છેલ્લા દિવસોમાં મામા પાસે શા માટે નહોતો આવતો?
(૩) વહેલું હોમવર્ક ન કરવા બાળકે ક્યા કારણો આપ્યા?
(૪) રોજનું કામ રોજ કરવાના ફાયદા જણાવો?
(૫) રોજનું કામ રોજ ન કરવાના ગેરફાયદા જણાવો?

**ખાલી જગ્યા પૂરો.**

(૧) ભગવાનની વાતો કરી ——— પોષણ પણ આપતા.
(૨) તમારી ——— માં એક સભ્ય કેમ ઓછો છે?
(૩) તેનું તો બધા ——— નું હોમવર્ક બાકી છે.
(૪) ——— નું કામ રોજ કરીએ તો ભેગું ન થાય.
(૫) કામ કરતા પહેલા ——— બનાવી લેવું જોઈએ.
(૬) ઉતાવળથી કરેલા કાર્યની ——— ઓછી હોય છે.
(૭) આવી ટેવ પડે તો જીવનમાં ——— ન આવે.
(૮) બાળકે પોતાની ભૂલ ——— સ્વીકારી.

**વાક્ય પૂર્તિ કરો.**

(૧) પછી બીજા કામની ——— કાર્ય એકાગ્રતાપૂર્વક થાય.
(૨) ઉતાવળથી કરેલા કામની ——— નિયમિતતા ન આવે.
(૩) જેમ એક સામટું ખાવાથી ——— ટાઈમ મૅનેજમેન્ટ શીખવું જોઈએ.

# ૪૯ વાલીઓને શિખામણ

ગુરુપૂર્ણિમાનો દિવસ હતો. બધા પોતાના આદર્શ ગુરુ મામાના આશીર્વાદ લેવા આવતા હતા. એટલામાં આઠ-દસ વ્યક્તિઓ એક સાથે આવી. સાથે તેમના બાળકો પણ હતા. બધા મામાને પગે લાગ્યા. બાળકોને પણ પગે લાગવા કહ્યું. બાળકો થોડું નમીને ઊભા થઈ ગયા. વાલીઓએ કહ્યું, 'બરોબર પગે લાગો.' તો પણ એમ જ કર્યું. મામાએ કહ્યું, 'કાંઈ વાંધો નહીં.' મામાએ બાળકોને સાકર આપી અને પૂછ્યું, 'તમે દરરોજ પૂજા કરો છો?' બાળકો કહે, 'કોઈક દિવસ ભૂલી જઈએ.' મામા કહે, 'પૂજા તો દરરોજ કરવી જ જોઈએ. તેમાં કેટલી વાર લાગે? પંદરથી વીસ મિનિટ થાય. એટલો સમય તો ભગવાન માટે કાઢવો જ જોઈએ. તમને ભગવાનની આરતી આવડે છે?' બાળકો કહે, 'બધાની સાથેસાથે આવડે છે.' મામાએ પૂછ્યું, 'બાપાશ્રીની આરતી આવડે છે?' બાળકો કહે, 'એ બરાબર નથી આવડતી.'

બાળકોના માતા-પિતા કહે, 'મામા, આજકાલના બાળકો સંસ્કારી નથી હોતા. ભગવાનમાં ચિત્ત નથી ચોંટતું. આખો દિવસ તોફાન-મસ્તીમાં વિતાવે છે.' મામાએ બાળકોને બહાર રમવા મોકલ્યા. પછી બોલ્યા, 'બાળકો તો કુમળા છોડ જેવા હોય, જેમ વાળીએ તેમ વળે. તેમનું જીવન કોરી પાટી જેવું હોય છે. તેમાં આપણે જેવું લખીએ તેવું લખાય. તે પ્રમાણે તેનું જીવન ઘડાય. બાળકો તેમના વડીલોનું અનુકરણ કરતા હોય

છે. ઘરમાં સવાર-સાંજ બધાએ સાથે આરતી કરવી એવો નિયમ હોવો જોઈએ. આવા નિયમથી બાળકો શીખે છે. વડીલો આરતીમાં હાજર ન રહે તો બાળકો હાજરી ન જ આપે. બાપાશ્રીની આરતી પણ આખી બોલવી જોઈએ. દરરોજ ઘરસભાનું આયોજન થવું જોઈએ. એક વચનામૃત, એક બાપાશ્રીની વાત, નિત્યનિયમ. આટલું કરવામાં એક કલાકથી વધારે ન થાય. ભગવાનને રાજી કરવા આટલું તો કરવું જ. વડીલો વર્તન સુધારે તો આપો-આપ બાળકોનું વર્તન સુધરી જાય. આવો રોજનો ફક્ત એક કલાક બાળકનું જીવનઘડતર કરે છે. તેના જીવનમાં એ બધું વણાઈ જાય. પછી ટાઈમ નથી એવું બહાનું ન રહે. એ રોજનો ક્રમ થઈ જાય.

બાળકોમાં સારા સંસ્કાર પાડવા વાલીઓએ પોતે તે રીતે વર્તવું જોઈએ. બાળકો સાથે હોય ત્યારે બહુ લાંબો સમય ભજન-ભક્તિમાં ન વીતાવવો. નહીં તો બાળકો કંટાળી જાય. થોડો સમય હોય તો હોંશે-હોંશે કરે.' વાલીઓને વાત સમજાઈ. મામાને કહે, 'મામા અમે વર્તન સુધારીશું. અમારા બાળકોમાં સંસ્કારસિંચન કરીશું.' મામા રાજી થયા. વાલીઓને ગુરુપૂર્ણિમા સાર્થક થઈ.

---

→ વાલીઓનું વર્તન યોગ્ય હશે ત્યારે જ બાળકો યોગ્ય વર્તન કરે છે.

→ મામા શીખવે છે કે, બાળકોની સામે તેમના વાલીઓને શિખામણ ન આપવી, તેઓની ઉણપ જાહેર ન કરવી. તેમ કરવાથી બાળકો પર અવળી અસર પડે છે.

# સ્વાધ્યાય

## પ્રશ્નોના ઉત્તર આપો.

(૧) ક્યા દિવસે બધા મામાના આશીર્વાદ લેવા આવતા હતા?
(૨) બાળકો મામાને કેવી રીતે પગે લાગ્યા?
(૩) બાળકોને મામાએ શું પૂછ્યું?
(૪) વાલીઓએ બાળકોની કઈ ફરિયાદ કરી?
(૫) બાળકો કેવા હોય છે?
(૬) રોજ ઘરમાં ક્યા નિયમો પળાવા જોઈએ?

## ખાલી જગ્યા પૂરો.

(૧) ——— નો દિવસ હતો.
(૨) બાળકો તો ——— જેવા હોય.
(૩) ——— ની આરતી પણ આખી બોલવી જોઈએ.
(૪) દરરોજ ——— નું આયોજન થવું જોઈએ.
(૫) ——— વર્તન સુધારે તો આપોઆપ બાળકોનું ——— સુધરી જાય.
(૬) રોજનું ફક્ત ——— બાળકોનું જીવનઘડતર કરે છે.

●

# ૪૭ ફાજલ સમયનો સદુપયોગ

બપોરનો સમય હતો. મામા આરામ કરી રહ્યા હતા. બહાર બાળકો અવાજ કરતા હતા. મામા બહાર જોવા નીકળ્યા. જોયું તો બાળકો મિશનના હૉલની બહાર હતા. કુંડાના ઝાડમાંથી ફૂલો તોડતા હતા. બીજા બાળકો તે ફૂલની પાંખડી આમ-તેમ વેરતા હતા. મામાએ બાળકોને પાસે બોલાવ્યા. મામાએ પૂછ્યું, 'શું કરતા હતા?' બાળકો કહે, 'કાંઈ નહિ ઊભા હતા. વાતો કરતા હતા.' મામા કહે, 'આ ફૂલોનો કચરો કોણે કર્યો?' બાળકો કહે, 'વાતો કરતા-કરતા અમે તોડી નાંખ્યા.' મામા કહે, 'એ ફૂલ ઝાડ પર હતા ત્યારે સુંદર લાગતા હતા કે અત્યારે નીચે વેરાયેલા સુંદર લાગે છે?' બાળકો કાંઈ બોલ્યા નહીં. મામા કહે, 'ફૂલો ઝાડની શોભા છે. તે ઝાડ પર સારા લાગે. નહીં તો ભગવાનના ચરણોમાં. ફૂલ ભગવાનને અર્પણ કરવાથી છોડમાં રહેલા જીવનું કલ્યાણ થાય. તે પોતાને કૃતાર્થ માને.'

બાળકો કહે, 'ભલે મામા, હવે અમે ફૂલો નહીં તોડીએ.' મામાએ પૂછ્યું, 'તમારે કાંઈ કરવાનું નથી?' બાળકો કહે, 'શું કરીએ? એટલે જ કંટાળો આવે છે.' મામા કહે, 'કોઈ રમત રમો.' બાળકો કહે, 'બપોરના સમયમાં કોઈ રમવા દેતું નથી.' મામા કહે, 'તો બેઠા-બેઠા રમો.' બાળકો કહે, 'શું રમીએ?' મામા કહે, 'વાર્તા લખી શકાય, કવિતા લખી શકાય, સારા પુસ્તકો વાંચી શકાય. કીર્તન ગાતા શીખાય, સંગીત શીખાય. બપોરના સમયમાં શરીરને કસરત ન આપી શકાય તો મગજને

સતેજ કરાય. સારા ચિત્રો દોરી શકાય. એક બીજાને ભગવાનની વાતો કહી શકાય. કોઈ નવીન શોધ થઈ હોય તો તેની ચર્ચા કરી શકાય. આડી અવળી વાતો કરી સમય શું બગાડવો? કોઈ પણ રચનાત્મક કાર્ય કરી શકાય. દરેકમાં કોઈક શક્તિ રહેલી હોય છે. ફાજલ સમયમાં તે શક્તિને ખીલવવાનો પ્રયત્ન કરવાનો. રચનાત્મક કાર્યથી આત્મસંતોષ મળે. બીજાને ઉપયોગી પણ થઈ શકાય.' એક બાળક કહે, 'મને આવું બધું ન ગમે.' મામા કહે, 'તું અંગ્રેજી માધ્યમમાં ભણે છે ને? તો ગુજરાતી માધ્યમમાં ભણતો હોય તેને અંગ્રેજી શીખવાડી શકે?' બાળક કહે, 'હા. મને ભણાવવું બહુ ગમે.' ગુજરાતી માધ્યમમાં ભણતા બાળકને કહે, 'ચાલ હું તને અંગ્રેજી શીખવાડું.' બીજા બાળકો કહે, 'અમે ચિત્રો દોરીશું.' એક બાળક કહે, 'હું વાર્તા લખીશ. મામા, તમે મારી વાર્તા વાંચશો?' મામા કહે, 'જરૂરથી. સરસ મઝાની વાર્તા લખી લાવજો. તમારા દરેકનું કાર્ય હું જોઈશ.' બાળકો ખુશ થઈ ગયા. મામા આપણું કાર્ય જોશે. આપણે સારામાં સારું કામ કરી મામાને રાજી કરીશું. એટલે આપણને આશીર્વાદ મળશે.

બધા બાળકો પોતાને મનગમતા વિષય પર કામ કરવા લાગી ગયા.

---

→ છોડ જેવા નાના જીવનો પણ ઉદ્ધાર થાય તેવું બાળકોને મામા શીખવે છે.

→ બાળકો રચનાત્મક કાર્યો કરી પોતાની શક્તિ ખીલવે તેનું મામા ધ્યાન રાખતા.

## સ્વાધ્યાય

**પ્રશ્નોના ઉત્તર આપો.**

(૧) બાળકો ક્યા સમયે અવાજ કરતા હતા?

(૨) મિશનના હૉલ પાસે બાળકો શું કરતા હતા?

(૩) ફૂલો કઈ જગ્યાઓએ શોભે?

(૪) ફાજલ સમયમાં મામાએ બાળકોને કઈ પ્રવૃત્તિ કરવાનું કહ્યું?

**વાક્ય પૂર્તિ કરો.**

(૧) બપોરના સમયમાં શરીરને ............ ભગવાનની વાતો કહી શકાય.

(૨) ફાજલ સમયમાં તે ............ આત્મસંતોષ મળે.

●

# ૪૮ બાળકનું અહોભાગ્ય

એક વખત એક દંપતી મામાના દર્શને આવ્યું. સાથે નાનું બાળક હતું. બાળક થોડું-થોડું બોલતો હતો. જઈને તરત બાળક મામાની બાજુમાં બેસી ગયો. મામાએ માથે હાથ મૂક્યો. મામા દંપતી સાથે વાત કરવા લાગ્યા. બાળકની નજર મામાના હાથમાં રહેલી માળા પર હતી. થોડી-થોડીવારે તે માળાને અડ્યા કરે. બાળક માળાને અડે એટલે મામાનું ધ્યાન તેની તરફ જાય. પછી વાતો કરે. બાળક ફરી માળાને અડે. મામાએ તેની સામે જોયું. બાળક કાલી ભાષામાં બોલ્યો, 'આપો-આપો.' મામાએ કબાટમાંથી સાકર કાઢી આપી. બાળક નકારમાં માથું હલાવવા માંડ્યો. બાળકની માતા કહે, 'તેને સાકર નથી જોઈતી.' બાળક ફરી, 'આપો-આપો' બોલવા લાગ્યો. મામાએ પૂછ્યું, 'તેને શું જોઈએ છે?' બાળક હાથમાંથી માળા ખેંચવા લાગ્યો. તેની માતા કહે, 'મામા, એ માળા માંગે છે.' મામા  કહે, 'તે ન લેવાય.'

મામાએ તેને પૈસા આપવાનો પ્રયત્ન કર્યો. બાળક પાછો નકારમાં માથું હલાવવા માંડ્યો. મામા હસી પડ્યા. બાળક તો હવે માળા પકડી આપો-આપો-આપો એમ સતત બોલવા લાગ્યો. મામા રાજી થઈ ગયા. બાળકને માળા આપી દીધી. માળા મળતા જ બાળક શાંતિથી બેસી ગયો. મામા કહે, 'આ બાળક બહુ ઊંચો જીવ છે. એટલે તેને માળા ગમે છે. નહીં તો બાળક સાકર જોઈ બાકી બધું મૂકી દે. મોટો થઈ આ બાળક

ભગવાનનો ભક્ત થશે. ડાહ્યો થશે. હોંશિયાર પણ થશે.' પોતાના બાળકને આવા સુંદર આશીર્વાદ મળવાથી માતા-પિતા ખુશ ખુશ થઈ ગયા. અને બાળકને કોઈને ન મળે તેવી દુર્લભ મામાની પ્રસાદીની માળા મળી ગઈ.

---

→ ઘણી વખત જે મોટા મેળવી ન શકે તે બાળક પોતાની કાલી ભાષાથી મુક્તને રાજી કરી મેળવી લે છે.

→ અનાદિમુક્ત જીવને જાણી શકે છે. તેનું ભવિષ્ય કથન પણ કરી શકે છે.

## સ્વાધ્યાય

**પ્રશ્નોના ઉત્તર આપો.**

(૧) બાળક કોની બાજુમાં બેસી ગયો?
(૨) બાળકની નજર શેના પર હતી?
(૩) મામાએ બાળકને શું શું આપવાના પ્રયત્નો કર્યા?
(૪) બાળક મામા પાસે શું માંગતો હતો?
(૫) મામાએ બાળકને ક્યા આશીર્વાદ આપ્યા?

**ખાલી જગ્યા પૂરો.**

(૧) બાળકની નજર મામાના હાથમાં રહેલી ——— પર હતી.
(૨) બાળક કાલી ભાષામાં ——— બોલ્યો.
(૩) આ બાળક ——— જીવ છે.
(૪) આ બાળક ——— નો ભક્ત થશે.
(૫) બાળકને મામાની ——— ની માળા મળી ગઈ.

●

# ૪૯ દુઃખ દૂર કર્યું

એક વખત એક બાળક મામા પાસે આવ્યો. તે ખૂબ હાંફતો હતો. મામાને પગે લાગી બેસી ગયો. મામાએ પૂછ્યું, 'આટલો બધો હાંફે છે કેમ?' બાળક કહે, 'મારા હૃદયમાં કાંઈક તકલીફ છે. આથી મારાથી બહુ ચાલી શકાતું નથી. જરા પણ દોડી શકતો નથી. બધા છોકરાઓ રમે ત્યારે મારે બેઠા-બેઠા જોયા કરવું પડે છે.' છોકરો આજે જાણે મામાને બધું જ કહી દેવા માંગતો હતો. કહે, 'મામા, મમ્મી મને કેટલી બધી વસ્તુ ખાવા નથી આપતી. કહે છે તને શ્વાસ ચડશે ડૉક્ટર પાસે જવું પડશે. મને સારું-સારું ખાવાનું બહુ મન થાય છે.'

મામા કહે, 'અરેરે! તારા જેવા નાના બાળકને બહુ મોટી તકલીફ કહેવાય! તું દવા લે છે?' છોકરો કહે, 'હું મોટો થઈશ ત્યારે મારું ઑપરેશન કરશે.' મામાને થયું, મોટો થાય ત્યાં સુધી આને આમ જ રહેવાનું છે! મોટા થયા પછી એ શું રમે? બાળકોને અત્યારે જ રમવાનો ઉત્સાહ હોય, સારું ખાવાનું મન થાય. આ બરાબર ન કહેવાય. મામાનું દિલ દ્રવિ ઉઠ્યું. બાળક ઉપર તેમને બહુ દયા ઉપજી. મામા ભગવાન પાસે થોડીવાર ઊભા રહ્યા. પછી બાળક પાસે આવ્યા. આંખો બંધ કરી બાળકના હૃદય ઉપર હાથ ફેરવ્યો. ભગવાનનું નામ લીધું. બાળકને માથે હાથ મૂકી આશીર્વાદ આપ્યા. કપાળમાં ચાંદલો કર્યો અને બાળકને કહે, 'જા. આજથી તારે જેટલું રમવું હોય તેટલું રમજે.' બાળક કહે, 'બીજા બાળકો રમે છે તે બધી

રમતો રમી શકું?' મામા કહે, 'હા તારે જે રમત રમવી હોય તે રમજે.' બાળકે પૂછ્યું, 'દોડા-દોડીની રમત પણ?' મામા કહે, 'હા તારે જેટલું દોડવું હોય તેટલું દોડજે તને કાંઈ નહીં થાય.' બાળકને મામા વિષે ખરો ભાવ હતો. તેમના વચનમાં શ્રદ્ધા હતી, વિશ્વાસ હતો. તે આનંદમાં આવી ગયો. મામાને કહે, ' મામા, તમે એવું કહોને કે આજથી તારે જે ખાવું હોય તે ખાજે.' મામા હસી પડ્યા કહે, 'હા તારે જે ખાવું હોય તે ખાજે.' બાળક કહે, 'હું કાંઈ પણ ખાઈશ મને શ્વાસ નહીં ચડે? ઉધરસ નહીં આવે? ડૉક્ટર પાસે જવું નહીં પડે?' મામા કહે, 'ના, ના તને કાંઈ નહીં થાય.'

બાળક તાળી પાડી કૂદી પડ્યો. તે હજી ખાતરી કરતો હોય તેમ પૂછવા લાગ્યો, 'તો ઘરે જઈને આઈસક્રીમ ખાઉં?' મામાએ તેના માથે હાથ ફેરવ્યો કહે, 'તું બધું ખાઈ શકે છે. તારો રોગ ભગવાને મટાડ્યો છે એ વાત ક્યારેય ભૂલતો નહીં.' બાળક કહે, 'રોગ તો તમે મટાડ્યો છે. હાથ તમે ફેરવી આપ્યો છે.' મામા કહે, 'મેં ભગવાનને પ્રાર્થના કરી અને ભગવાને તારું દુઃખ દૂર કર્યું. માટે ભગવાનને ક્યારેય ભૂલવા નહીં. દરેક કાર્યમાં ભગવાનને સાથે રાખવા.' બાળક કહે, 'હું ચોક્કસ તેમ કરીશ. ભગવાનને ક્યારેય નહીં ભૂલું.' બાળક પગે લાગી ઘરે ગયો. ઘરમાં બધાને વાત કરી. બાળકના પિતા મામા પાસે આવ્યા. તેઓ કાંઈ કહે તે પહેલાં જ મામાએ કહ્યું, 'આજે મહારાજે બહુ દયા કરી. આપના બાળકનું દુઃખ જોઈ બાળક પર દયા આવી અને મહારાજે તમારા બાળકનું દુઃખ દૂર કર્યું.' બાળકના પિતા અહોભાવથી મામાના ચરણોમાં ઝૂકી પડ્યા.

→ અનાદિમુક્ત દ્વારા શ્રીજીમહારાજ સર્વ કાર્યો કરતા હોય છે.

→ મામાને બાળકો અતિ વ્હાલા હતા. બાળકોનું દુઃખ તરત દૂર કરતા.

## સ્વાધ્યાય

**પ્રશ્નોના ઉત્તર આપો.**

(૧) બાળક શા માટે હાંફતું હતું?

(૨) બાળકનું દુઃખ મામાએ કઈ રીતે દૂર કર્યું?

(૩) મામાએ બાળકને શું યાદ રાખવા કહ્યું?

(૪) કાર્ય કરતા પહેલા કોને સંભારવાના?

**ખાલી જગ્યા પૂરો.**

(૧) મારા ——— માં કાંઈક તકલીફ છે.

(૨) જા આજથી તારે જેટલું ——— હોય તેટલું ———.

(૩) તો ઘરે જઈને ——— ખાઉં?

(૪) તારો રોગ ——— મટાડ્યો છે એ વાત ક્યારેય ——— નહીં.

# ૫૦ પૂર્ણતાના હિમાયતી

રવિવારની રજા હતી. બાળકો મામા પાસે સેવામાં આવ્યા હતા. મામા જ્ઞાનભવનમાં પુસ્તકાલયમાં હતા. બાળકો ત્યાં પહોંચી ગયા. મામા કહે, 'આવી ગયા તમે. ચાલો આજે બધા પુસ્તકો સાફ કરવાના છે. કબાટમાંથી ધૂળ કાઢી કબાટો પણ સાફ કરવાના છે. અને બધા પુસ્તકો પાછા વ્યવસ્થિત ગોઠવવાના છે. વ્યવસ્થિત ગોઠવેલા હોય તો જે પુસ્તક જોઈતું હોય તે તરત મળી જાય.' એક બાળક કહે, 'મામા હજી થોડા દિવસ પહેલાં તો આ બધું સાફ કર્યું હતું.' મામા કહે, 'પુસ્તકોનું ધ્યાન ન રાખીએ તો ખરાબ થઈ જાય. થોડા-થોડા દિવસે સાફ કરવા પડે.' બાળક કહે, 'પણ મામા, ધૂળ તો દેખાતી નથી.'

મામા તેને કબાટ પાસે લઈ ગયા. કબાટ ખોલ્યું. બાળકને કહે, 'ખાનામાં હાથ ફેરવ.' બાળકે હાથ ફેરવ્યો. કહે, 'સાવ થોડીક ધૂળ છે.' મામા કહે, 'થોડીક હોય ત્યારે જ સાફ કરી નાંખવી જોઈએ. નહીં તો કેટલી ભેગી થાય? જીવાત થાય અને પુસ્તકો ખરાબ થઈ જાય. બધી જગ્યાએ સ્વચ્છતા તો રાખવી જ જોઈએ. જ્યાં સ્વચ્છતા હોય. ત્યાં જ પ્રભુનો વાસ હોય. સ્વચ્છતા હોય ત્યાં જ લક્ષ્મીજી પણ રહે. સ્વચ્છતા પ્રભુને પ્યારી છે. 'Cleanliness is Godlyness.' બાળક કહે, 'હવેથી સ્વચ્છતા જાળવવામાં હું આળસ નહીં કરું.' પુસ્તકો સાફ કરતાં ઘણો સમય નીકળી ગયો. મામા કહે, 'બપોરે સભા

છે. તમે બધા સભાખંડમાં જાવ સાફસૂફી કરી શેતરંજી પાથરો. હું થોડીવારમાં આવું છું.' બાળકો સભાખંડમાં ગયા. વાતો કરતા જાય ને સાફસૂફી કરતા જાય. સાફસૂફી થઈ ગઈ. બધાએ મળી શેતરંજીઓ પાથરી દીધી.

મામા આવ્યા. જોયું તો શેતરંજીઓ ઊંચી-નીચી, આડી-અવળી પાથરી હતી. મામા કહે, 'બધા બાળકો અહીં આવો.' બધાને એમ કે મામા રાજી થઈને બોલાવે છે. બાળકો આવ્યા. મામાએ પૂછ્યું, 'આ શેતરંજીઓ કોણે પાથરી છે?' બાળકો કહે, 'અમે બધાએ ભેગા મળી પાથરી છે.' મામા કહે, 'આટલાં બધા ભેગા મળીને પણ બરાબર ન પાથરી શક્યા?' બાળકો કહે, 'કેમ? બરાબર તો છે.' મામા કહે, 'આને બરાબર કહેવાય? ઊંચી-નીચી પાથરી છે. બે શેતરંજીઓના છેડા એક લાઈનમાં છે?' એક બાળક કહે, 'આટલામાં શું મામા?' મામા કહે, 'જીવનમાં ચોકસાઈ તો હોવી જોઈએને? મહારાજની સ્મૃતિ રાખી કરીએ તો કાર્ય ચોકસાઈપૂર્વક થાય. દરેક કામમાં એકાગ્રતા આવે. એકાગ્રતાથી કરેલું કામ ચોક્કસ અને પૂર્ણ હોય. કામને સફળતા મળે. કાર્ય સફળ થવાથી જીવનમાં સફળતા આવે. અને સમગ્ર જીવન સફળ થાય. ચોકસાઈપૂર્વક એકાગ્રતાથી કામ કરવાનો ગુણ દરેકે કેળવવો જોઈએ. એ મહારાજને ગમતો ગુણ છે. જેણે આ ગુણ કેળવ્યો હોય તેના ઉપર પ્રભુની પ્રસન્નતા ઉતરે છે. આવી ટેવ પડવાથી ધ્યાન કરતી વખતે મૂર્તિમાં એકાગ્રતા જલદી થાય. ધ્યાન જલદી આવડે. ધ્યાન કરવામાં પણ ચોકસાઈ આવે અને મૂર્તિ જલદી સિદ્ધ થાય. કઢંગી રીતે, અવ્યવસ્થિત કામ કરવાથી એકાગ્રતા

કેળવાતી નથી. ચોકસાઈ સાથે ચોખ્ખાઈનું પણ એટલું જ મહત્ત્વ છે.'

બાળક કહે, 'વાહ મામા! શેતરંજી પાથરવાની નાનકડી વાત હતી. એ નાની વાતમાંથી આપે ઠેઠ મૂર્તિ સુધીની વાત કરી.' એક બાળક કહે, 'મામાએ એટલી સુંદર અને સરળ રીતે સમજાવ્યું છે કે, આપણે બધા ચોકસાઈ, એકાગ્રતા અને ચોખ્ખાઈના ગુણો જીવનમાં કેળવીશું.' બીજો બાળક કહે, 'મામાના ઘરમાં દરેક વસ્તુ સ્વચ્છ, સુવ્યવસ્થિત અને ચોક્કસ જગ્યાએ હોય છે. આપણે પણ એવું રહેતા શીખવું જોઈએ.' મામા કહે, 'તમારા માસીએ આ બધા ગુણો જીવનમાં વણી લીધા છે. દરેક બહેનોએ તેમની પાસેથી શીખવું જોઈએ. એ શીખી જાય તો બહેનોને સાસરામાં ક્યારેય દુઃખ ન પડે.'

---

**અઘરા શબ્દો**

ધૂળ = માટી

→ ચોખ્ખાઈ, ચોકસાઈ અને પૂર્ણતા જેવા ગુણો મહારાજના ગમતા છે જે મહાપ્રભુજીની નજીક લઈ જાય છે.

→ અનાદિમુક્ત સમજાવે ત્યારે જ જીવનમાં શેની અગત્યતા છે તે સમજાય છે.

## સ્વાધ્યાય

**પ્રશ્નોના ઉત્તર આપો.**

(૧) રવિવારે બાળકો ક્યાં ગયા હતા?

(૨) મામાએ બાળકોને શું સાફ કરવાનું કહ્યું?

(૩) બાળકે કબાટ, પુસ્તકો સાફ કરવાની શા માટે ના પાડી?
(૪) બાળકોએ શેતરંજી કેવી પાથરી હતી?
(૫) મહારાજની સ્મૃતિ સાથે કરેલું કામ કેવું થાય?
(૬) મહારાજને ગમતા ગુણો ક્યા છે?
(૭) જીવનમાં ગુણો વણાઈ જાય તેને ધ્યાનમાં શા ફાયદા થાય?
(૮) બહેનોએ કોની પાસેથી શીખવું?
(૯) માસી પાસેથી બહેનોએ ક્યા ગુણો કેળવવા જોઈએ?

●

# (૫૧) પ્રાગટ્ય ને અંતર્ધાનની સરખી મહત્તા

સોળમી ફેબ્રુઆરી. મામાનો પ્રાગટ્ય દિન. મામાનું શિષ્યમંડળ સભાખંડમાં બેઠું હતું. બાળકો સભાખંડમાં વહેલા આવી ગયા. શિષ્યોએ કહ્યું, 'બાળકો આજે તો તમારો દિવસ. આજે સભામાં તમારે કાર્યક્રમ આપવાનો છે. આજના દિવસે બાળકો શા માટે કાર્યક્રમ આપે છે તે ખબર છે?' બાળકો કહે, 'આજે મામાનો જન્મદિવસ છે માટે.' શિષ્ય કહે, 'અનાદિમુક્તનો જન્મદિવસ એમ ન કહેવાય. જન્મદિવસ, મરણદિવસ એવા શબ્દો આ લોકના જીવો માટે વપરાય. જેઓને કર્મબંધન લાગતું હોય તેઓ માટે. અનાદિમક્તને એવું કાંઈ હોતું નથી. તેમના પૃથ્વી પર આગમનના દિવસને પ્રાગટ્ય દિન કહેવાય. અને પૃથ્વી પરથી વિદાય થાય તે દિવસને અંતર્ધાન દિવસ કહેવાય.

મામાને બાળકો બહુ વહાલા હતા. તેઓ કહેતા, બાળકો નિર્દોષ અને સરળ હોય છે. એવા બાળકો પ્રભુજીને પણ પ્યારા હોય છે. માટે જ તેમણે પોતાનો પ્રાગટ્ય દિવસ બાળકોને સમર્પિત કર્યો છે. એ દિવસને આપણે સૌ બાલદિન તરીકે ઉજવીએ છીએ. અને એટલે જ આજે તમારે બધાએ કાર્યક્રમ આપવાનો છે.'

એક બાળકે પૂછ્યું, 'હવે મામા તો રહ્યા નહીં, તો પછી

તેમનો જન્મદિવસ.... અરે! ભૂલી ગયો. તેમનો પ્રાગટ્ય દિન શા માટે ઉજવીએ છીએ?' શિષ્ય કહે, 'સરસ પ્રશ્ન પૂછ્યો છે. અનાદિમુક્તમાં શ્રીજીમહારાજના કલ્યાણકારી ગુણો હોય છે. પૃથ્વી પર તેઓએ આદર્શ જીવન વિતાવ્યું હોય છે. આ દિવસે તેમના ગુણોની આપણે સ્મૃતિ કરીએ છીએ. તેમના જેવા ગુણો આપણામાં આવે તેવા સંકલ્પ કરીએ છીએ. મામા જેવું આદર્શ જીવન જીવવાના પ્રયત્નો કરવા માટે મહારાજ અને મામાને પ્રાર્થના કરીએ છીએ. તેમનું જીવન, તેમના ગુણો, તેમના આદર્શો યાદ કરવાથી આપણને પ્રેરણા મળે, બળ મળે તેવા મામા પાસે આશીર્વાદ માંગીએ છીએ. આ બધા કારણોને લીધે આપણે પ્રાગટ્ય દિન ઉજવીએ છીએ.'

બાળકે પૂછ્યું, 'અત્યારે તો મામા નથી. તો પછી મામા કેવી રીતે આશીર્વાદ આપે?' શિષ્ય કહે, 'મામા હવે નથી તેવું તો ક્યારેય માનવું નહીં. તેઓ દિવ્યરૂપે સદાય આપણી સાથે છે. મિશનમાં શ્રીજીમહારાજ, બાપાશ્રી અને મામાની મૂર્તિ પાસે પ્રાર્થના કરવાની. તેઓ આપણી પ્રાર્થના સાંભળી આશીર્વાદ આપે.' બાળક કહે, 'જેમ પહેલા મામા આશીર્વાદ આપતા અને તકલીફ દૂર થઈ જતી, તેવું જ અત્યારે પણ થાય?' શિષ્ય કહે, 'કેમ નહીં? ખરા ભાવથી પ્રાર્થના કરીએ તો મામા જરૂરથી પ્રાર્થના સાંભળે. અને પહેલાં જેવા જ આશીર્વાદ ફળે. મામાને બાળકો બહુ વહાલા હતા. બાળકોની પ્રાર્થના તો જરૂરથી સાંભળે.' એક બાળક કહે, 'મામાનો પ્રાગટ્ય દિન ઉજવવાનો એ ખબર પડી, પરંતુ મામાનો અંતર્ધાન દિવસ શા માટે ધામધૂમથી ઉજવીએ છીએ?' શિષ્ય કહે, 'અનાદિમુક્તને

આવવા-જવાપણું હોતું જ નથી.' બાળકે પૂછ્યું, 'એટલે શું? સમજ ન પડી.' શિષ્ય કહે, 'અનાદિમુક્ત સદાય ભગવાનની દિવ્ય મૂર્તિમાં રહી સુખ ભોગવતા હોય છે. પૃથ્વી પર તેઓ સંકલ્પરૂપે પ્રગટે છે. ત્યારે પણ મહારાજનું સુખ તો માણતા જ હોય છે. પૃથ્વી પરથી વિદાય લે એટલે મૂર્તિમાં એ સંકલ્પસ્વરૂપ લીન થાય. આમ તેઓ મૂર્તિના સુખમાં સદાય હોય છે જ. માટે તેમને આવવા-જવાપણું નથી એમ કહેવાય. મુક્ત પ્રગટ થાય કે અંતર્ધાન થાય, બન્નેનું સરખું મહત્ત્વ છે. બન્ને દિવસની સ્મૃતિ કલ્યાણકારી છે.

પૃથ્વી પર પ્રગટ થવું એ એમની લીલા છે. તો અંતર્ધાન થવું એ પણ એમની દિવ્ય લીલા જ છે. બન્ને દિવસ સરખી અગત્ય ધરાવે છે. બન્ને દિવસની સ્મૃતિમાં અનાદિમુક્તની સ્મૃતિ છે. અનાદિમુક્તની સ્મૃતિ જીવનમાં નવી પ્રેરણા, સમજ, આદર્શ ઉચ્ચ ગુણો કેળવવામાં મદદ કરે છે. આપણને ભગવાન તરફ વળવા પ્રેરણા આપે છે. માટે જ બન્ને દિવસો યાદ રાખવા અને બન્ને દિવસોની ઉજવણી બ્રહ્મયજ્ઞ કરીને કરવી. તમને બધાને મામાના અંતર્ધાન થયાની તિથિ-તારીખ યાદ છે?' બાળકો કહે, '૨૦ સપ્ટેમ્બર ઈ.સ. ૧૯૯૭.' શિષ્યએ પૂછ્યું, 'ગુજરાતી સંવત, મહિનો યાદ છે?' બાળકો કહે, 'એ યાદ નથી.' શિષ્ય કહે, 'સંવત ૨૦૫૩, ભાદરવા વદ પાંચમ. શનિવારે બપોરે ૧૨:૨૫ મિનિટ. આ બધું યાદ રાખવાનું. આપણને આપણો જન્મદિવસ યાદ હોય છે. આપણા સગા-વહાલા મિત્રો બધાના જન્મદિવસ યાદ રાખીએ છીએ. તો પછી મામા તો આપણા ગુરુ છે. આપણા પર અનેક ઉપકાર કર્યા છે.

આપણને જીવન-જીવતાં શિખવાડ્યું છે. સારા-સારા આશીર્વાદ આપ્યા છે. કેટલીય વખત મુશ્કેલીઓમાંથી ઉગારી લીધા છે. આપણી કુટેવો સુધારી છે. ભૂલો માફ કરી છે. આપણા માટે થઈને પોતે અનેક મુશ્કેલીઓ સહન કરી છે. આપણા પર અનહદ પ્રેમ વરસાવ્યો છે. અત્યારે પણ વરસાવી રહ્યા છે.

મામાનો સૌથી મોટો ઉપકાર તેમણે આપણા માટે 'શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન'ની સ્થાપના કરી તે છે. જેમાં સર્વજીવહિતાવહ કાર્યો થાય છે. પ્રાર્થના હૉલમાં જ્ઞાન, ધ્યાન, પ્રાર્થના, કીર્તન જેવા બ્રહ્મયજ્ઞ આપણે કરીએ છીએ. બાળકો માટેની સભા પણ અહીં જ થાય છે. અહીં બાળકો પોતાની સુષુપ્ત શક્તિઓનો વિકાસ કરી શકે છે. કલ્યાણકારી ગુણો ખીલવે છે. નવું-નવું જાણવા મળે છે. મામાએ પુસ્તકાલય પણ કર્યું. જેમાં બાળકોના જીવન ઘડતરના પુસ્તકો, ભગવાનનું સાચું જ્ઞાન મળે તેવા પુસ્તકો, બોધ કથાઓ મહાપુરુષોના જીવનચરિત્રો, બહેનો માટે પાક શાસ્ત્રના પુસ્તકો, આરોગ્યના પુસ્તકો, શિક્ષણને લગતા પુસ્તકો એમ બધા પ્રકારના પુસ્તકો વસાવ્યા. મિશનમાં મૂર્તિઓ પધરાવી અને આશીર્વાદ આપ્યા કે, અહીં આવી પ્રાર્થના કરજો. ભગવાન તમારી બધી શુભ પ્રાર્થનાઓ સ્વીકારશે. કેવા અદ્ભુત આશીર્વાદ! આવા અનેક ઉપકારો જે આપણે ક્યારેય ભૂલી ન શકીએ. એવા મહાન ગુરુની દિવ્ય લીલાના દિવસો ક્યારેય ભૂલવા નહીં. સગા-વહાલાના જન્મદિવસો યાદ રાખવાથી કોઈ ફાયદો ન થાય. અનાદિમુક્તના પ્રાગટ્ય અને અંતર્ધાન દિવસો યાદ રાખવાથી કલ્યાણ થાય.

એ દિવસોએ એમણે આપેલ ઉપદેશ જીવનમાં ઉતારવા પ્રયત્ન

કરવો. તેમના જેવું આદર્શ જીવન જીવવા પ્રયત્ન કરીએ, તેમણે સુધારેલી ભૂલોનું પુનરાવર્તન ન થાય ત્યારે જ આપણે મામાશ્રીના વહાલા બાળકો કહેવાઈશું.'

બાળકોને આજે મામાનો ખરો મહિમા સમજાયો હતો. બધા બાળકોએ ખૂબ જ ભક્તિભાવથી બ્રહ્મયજ્ઞનો કાર્યક્રમ આપ્યો.

---

→ અનાદિમુક્તનું પ્રાગટ્ય અને અંતર્ધાન બન્ને દિવસનું સરખું મહત્ત્વ છે. માટે બન્ને દિવસો યાદ રાખી આનંદથી તેની ઉજવણી કરવી. તેમાં મહારાજનો અતિ રાજીપો છે.

→ અનાદિમુક્તનું આગમન જીવોના કલ્યાણ માટે જ હોય છે. તેમનું જીવન આદર્શ જીવન છે. તેમની સ્મૃતિ પણ કલ્યાણકારી હોય છે.

→ અનાદિમુક્તોએ આપણા પર કરેલા ઉપકારો ક્યારેય ભૂલવા નહીં. તેમણે આપેલો ઉપદેશ જીવનમાં ઉતારવા ખંતપૂર્વક પ્રયત્ન કરવો.

## સ્વાધ્યાય

**પ્રશ્નોના ઉત્તર આપો.**

(૧) મામાનો પ્રાગટ્ય દિવસ ક્યારે છે તે કહો?

(૨) મામાનો અંતર્ધાન દિવસ, મહિનો, સાલ, ઈ.સ. પ્રમાણે અને સંવત પ્રમાણે કહો.

(૩) મામાએ પોતાનો પ્રાગટ્ય દિન કોને સમર્પિત કર્યો છે? શા માટે?

(૪) મામાના પ્રાગટ્ય દિનને જન્મદિવસ કેમ ન કહેવાય?

(૫) અત્યારે મામા કેવી રીતે આશીર્વાદ વરસાવે છે?
(૬) મામાએ શેની સ્થાપના કરી આપણા પર મોટો ઉપકાર કર્યો છે?
(૭) પ્રાર્થના હૉલમાં ક્યા-ક્યા કાર્યક્રમો થાય છે?
(૮) પુસ્તકાલયમાં કેવા પુસ્તકો છે?
(૯) મામાએ મૂર્તિ પધરાવી ક્યા આશીર્વાદ આપ્યા છે?
(૧૦) મામાશ્રીના વહાલા બાળકો ક્યારે કહેવાઈએ?

# શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન શાને માટે ?

શ્રી સ્વામિનારાયણ ભગવાનના સર્વજીવહિતાવહ સંદેશ અનુસાર માનવજાતના શ્રેય અને પ્રેય માટે–

(ક) સેવા-સદાવ્રતના આદર્શો અનુસાર ભેદભાવ વિના આર્થિક મૂંઝવણ અનુભવતાં ભાઈબહેનોને જરૂરી રાહત પહોંચાડવી;

(ખ) આરોગ્યપ્રસારની માર્ગદર્શક વ્યવસ્થા અને રોગોપચારનાં સારવાર કેન્દ્રો-ઔષધાલયો સ્થાપવાં-ચલાવવાં, અગર એવું કાર્ય કરતી સંસ્થાઓને સહાયરૂપ થવું;

(ગ) આત્મિક શાંતિ અને માનવતાની ભીનાશ રેલાવતાં મંદિરો, સત્પુરુષોનાં સ્મારકકેન્દ્રો, વગેરેનાં નિર્માણ-નિભાવ-વિકાસ કરવાં;

(ઘ) જીવનઘડતરમાં ઉપયોગી સાહિત્ય અને કલાના વિકાસકાર્યને ઉત્તેજન આપવું;

(ચ) સમ્યક્ અભ્યાસ માટે પુસ્તકાલય, સંગ્રહાલય, સંશોધનકેન્દ્ર સ્થાપવાં-ચલાવવાં અગર એવા એકમોને મદદરૂપ થવું;

(છ) સર્વસમન્વય સધાય એવાં સાંસ્કારિક અને તત્ત્વજ્ઞાનવિષયક પ્રકાશનો પ્રસિદ્ધ કરવાં અને તે વડે જનસમુદાયનો ઊર્ધ્વગામી વિકાસ સાધવામાં મદદરૂપ થવું;

અને એ રીતે :

(૧) સમાજજીવનની આધારશિલાસમાં સદાચાર અને નીતિનાં ધોરણો બળવત્તર થાય એવી પ્રવૃત્તિઓનું આયોજન કરવું;

(૨) સમાજમાં સંપ, એકતા અને પરસ્પર સુહૃદ્‌ભાવ વૃદ્ધિ પામે, વિશ્વબંધુત્વની ભાવના વિકસે અને વિસંવાદિતા દૂર થાય એવા કાર્યક્રમો આપવા;

(૩) વિશ્વના ધર્મો અને પક્ષો વચ્ચે સંવાદિતા જળવાઈ રહે એ માટે સર્વધર્મીય પરિષદોનું આયોજન કરતા રહી આધ્યાત્મિક અને સામાજિક ઉત્કર્ષને વેગ આપવો.

આવા સુઆયોજિત કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ દ્વારા પરિપૂર્ણ ભગવત્સ્વરૂપની પ્રાપ્તિ તરફ માનવસમુદાય સર્વાંગી વિકાસ પામી ગતિમાન થાય એવો મિશનનો શુભ આશય છે.

"વિદ્યાર્થીએ ભગવાનને સંભારીને પેપર લખવું.
મહારાજને યાદ કરી લખીએ
એટલે મહારાજ આપણી ભેળા દિવ્યભાવે ભળે
અને પછી મહારાજ જ પેપર લખે."

- પૂજ્યશ્રી નારાયણભાઈ

Website: www.shriswaminarayandivinemission.org
Email: info@shriswaminarayandivinemission.com